# પ્રભાત

તંત્રી : આશિષ કોઠારી • Dt. : 12-05-2026 • Tuesday • Samvat : 2082 • Vaishakh Vad-11 • Vol : 97 • No. : 129 • Page : 8 • Price : 2.00 • Prabhat-Ahmedabad * RNI No. 1815/57


### સોમનાથ અમૃત મહોત્સવમાં મોદીનું જનમેદનીને સંબોધન

# તીર્થસ્થળોનો વિકાસ ભારતની આર્થિક પ્રવૃત્તિ સાથે જોડાયેલો છે






સોમનાથ, તા.૧૧

પીએમ મોદીએ આજે સોમનાથમાં ભવ્ય રોડ શો યોજ્યો. જે બાદ તેઓએ સોમનાથ મંદિરે પહોંચીને મહાપૂજા કરી. પીએમ મોદીએ સોમનાથના ઇતિહાસમાં પ્રથમ વખત પુનઃનિર્મિત સોમનાથ મંદિરના શિખર પર ૧૧ તીર્થોના જળથી કુંભાભિષેક કર્યો. ૯૦ મીટર ઊંચી ક્રેનથી વિશાળ કુંભને શિખર સુધી લઈ જવાયા બાદ મંત્રોચ્ચાર સાથે મંદિરના શિખર પર અભિષેક કરવામાં આવ્યો છે. પીએમ મોદીએ વિશેષ મહાપૂજા, કુંભાભિષેક અને ધ્વજારોહણ જેવી મંગલ વિધિઓ સંપન્ન કરી છે. જે બાદ પીએમ મોદીએ સંબોધન કરતા કહ્યું કે, "પંચોત્તેર વર્ષ પહેલાં આજના દિવસે સોમનાથ મંદિરની પુનઃસ્થાપના કરવામાં આવી હતી. આ કોઈ સામાન્ય પ્રસંગ નહોતો. જો ૧૯૪૭ એ ભારતને રાજકીય સ્વતંત્રતા પ્રાપ્તિનું વર્ષ હતું, તો ૧૯૫૧ માં સોમનાથ મંદિરનો અભિષેક ભારતની આધ્યાત્મિક અને સાંસ્કૃતિક સ્વતંત્રતાની જોરદાર ઘોષણા તરીકે સેવા આપી હતી."

પીએમ મોદીએ પોતાના સંબોધનમાં જણાવ્યું છે કે, "આજે આપણે બધા દેવોના દેવ મહાદેવના વિગ્રહ પ્રતિષ્ઠાના ૭૫ વર્ષ ઉજવવા માટે ભેગા થયા છીએ. મહાદેવ જ એક છે જેમાંથી આ બ્રહ્માંડનું નિર્માણ થયું છે, અને જેમનામાં તે આખરે વિલીન થાય છે. આજે આપણે તેમના દિવ્ય નિવાસસ્થાનના પુનર્નિર્માણની ઉજવણી કરી રહ્યા છીએ."

આ સાથે તેમણે જણાવ્યું છે કે, "સોમનાથ દાદાના પ્રખર ભક્ત તરીકે, મેં આ પવિત્ર સ્થળની અસંખ્ય વખત મુલાકાત લીધી છે; વારંવાર, મેં તેમની સમક્ષ આદરપૂર્વક મારું માથું નમાવ્યું છે.

## મોદીએ સોમનાથ વિરાસતની ટપાલ ટિકીટ અને રૂા. ૭૫ના મૂલ્યના સિક્કાનું અનાવરણ કર્યું

છતાં, આજે જ્યારે હું અહીં આવ્યો છું, ત્યારે સમયની આ યાત્રાએ મારામાં ખરેખર આનંદદાયક અને ગહન લાગણી જગાડી છે. થોડા મહિના પહેલા જ મેં આ સ્થળની છેલ્લી મુલાકાત લીધી હતી, તે સમયે અમે સોમનાથ સ્વાભિમાન પર્વ ઉજવી રહ્યા હતા."

પીએમ મોદીએ વધુમાં જણાવ્યું કે, "પંચોત્તેર વર્ષ પહેલાં આજના દિવસે સોમનાથ મંદિરની પુનઃસ્થાપના કરવામાં આવી હતી. આ કોઈ સામાન્ય પ્રસંગ નહોતો. જો ૧૯૪૭ એ ભારતને રાજકીય સ્વતંત્રતા પ્રાપ્તિનું વર્ષ હતું, તો ૧૯૫૧ માં સોમનાથ મંદિરનો અભિષેક ભારતની આધ્યાત્મિક અને સાંસ્કૃતિક સ્વતંત્રતાની જોરદાર ઘોષણા તરીકે સેવા આપી હતી. આજે જેમ જેમ હું આસપાસ જોઉં છું, મને ખ્યાલ આવે છે કે સોમનાથ અમૃત મહોત્સવ ફક્ત ભૂતકાળની ઉજવણી નથી. આ પ્રેરણાનો તહેવાર પણ છે - જે આગામી હજાર વર્ષ માટે ભારતને માર્ગદર્શન અને ઊર્જા આપશે."

સંબોધનમાં વધુમાં જણાવ્યું કે, "આજનો દિવસ બીજા એક કારણસર પણ ખાસ મહત્વ ધરાવે છે. ૧૧ મે, ૧૯૯૮ના દિવસે - આપણા રાષ્ટ્રે પોખરણ ખાતે તેના પરમાણુ પરીક્ષણો કર્યા હતા. ૧૧ મેના રોજ, દેશે ત્રણ પરમાણુ પરીક્ષણોની તેની પ્રથમ શ્રેણી સફળતાપૂર્વક પૂર્ણ કરી. આપણા વૈજ્ઞાનિકોના પ્રયાસો દ્વારા ભારતની સાચી ક્ષમતા અને ક્ષમતા સમગ્ર વિશ્વ સમક્ષ ઉજાગર કરવામાં આવી. આ પરીક્ષણોથી આખા વિશ્વમાં પ્રશ્ન થયોઃ "ભારત કોણ છે? કયા અધિકારથી - અથવા કયા કદથી - તે પરમાણુ પરીક્ષણો કરવાનું ધારે છે?" વૈશ્વિક શક્તિઓ ભારતને ઘેરવા માટે મેદાનમાં ઉતરી; વિવિધ પ્રતિબંધો લાદવામાં આવ્યા, અને આર્થિક તક માટેના દરેક માર્ગને સીલ કરવામાં આવ્યા. ૧૧ મે પછી, વિશ્વ સંપૂર્ણ તાકાત સાથે આપણા પર ઉતર્યું. છતાં, ૧૩ મેના રોજ, વધુ બે પરમાણુ પરીક્ષણો કરવામાં આવ્યા. જેનાથી વિશ્વને સમજાયું કે, ભારતનો રાજકીય સંકલ્પ અડગ છે. તે સમયે, સમગ્ર વિશ્વનું દબાણ ભારત પર હતું." તેમણે જણાવ્યું કે, અટલજીના નેતૃત્વમાં, ભાજપ સરકારે દર્શાવ્યું કે આપણા માટે, રાષ્ટ્ર પ્રથમ આવે છે. પૃથ્વી પરની કોઈ શક્તિ ભારતને નમવા માટે મજબૂર કરી શકતી નથી; કોઈ પણ શક્તિ તેને દબાણ હેઠળ લાવી શકતી નથી. રાષ્ટ્રે પોખરણ પરમાણુ પરીક્ષણોને ઓપરેશન શક્તિ નામ આપ્યું. કારણ કે, શિવની સાથે શક્તિની પૂજા હંમેશા આપણી પરંપરા રહી છે. શિવ અને શક્તિ પ્રત્યેની આપણી શ્રદ્ધાનો ખ્યાલ જ રાષ્ટ્રની વૈજ્ઞાનિક પ્રગતિ માટે પ્રેરણારૂપ બને. આજે, આપણે આ જ સંકલ્પના સાકાર થતા જોઈ રહ્યા છીએ. ભૂતકાળમાં આ મંદિર અસંખ્ય આક્રમણોનો સામનો કરી ચૂક્યું છે. ગઝનીના મહમૂદ અને અલાઉદ્દીન ખિલજી જેવા અસંખ્ય આક્રમણ કરનારા આવ્યા અને ગયા. આ લૂંટારાઓએ સોમનાથ મંદિરની ભવ્યતાને નષ્ટ કરવાનો પ્રયાસ કર્યો. તેઓ સોમનાથને ફક્ત એક ભૌતિક રચના તરીકે જોતા હતા, અને તેથી, તેઓ તેની સામે અથડાતા રહ્યા. વારંવાર, આ મંદિર તોડી પાડવામાં આવ્યું. છતાં, વારંવાર, તેનું પુનર્નિર્માણ કરવામાં આવ્યું. દરેક વિનાશ પછી નવેસરથી ઉભરી રહ્યું છે. કારણ કે, જે લોકો તેનો નાશ કરવાનો પ્રયાસ કરતા હતા તેઓ આપણા રાષ્ટ્રની સાચી વૈચારિક શક્તિને સમજવામાં નિષ્ફળ ગયા. આપણે એવા લોકો છીએ જે ભૌતિક શરીરને નાશવંત માનીએ છીએ. તે શરીરમાં રહેતો આત્મા - તે અવિનાશી છે. અને છેવટે, શિવ વિશ્વ આત્મા છે - બધા આત્માઓનો આત્મા.

---

### બંગાળના CM બનતાં જ પ્રથમ કેબિનેટમાં નિર્ણય

## શુભેન્દુ સરકારનો મોટો નિર્ણય, બોર્ડર હવે બીએસએફને હવાલે

કોલકાતા, તા.૧૧

પશ્ચિમ બંગાળમાં નવી રચાયેલી ભાજપ સરકારના મુખ્યમંત્રી શુભેન્દુ અધિકારીએ પ્રથમ કેબિનેટ બેઠકમાં જ અનેક ઐતિહાસિક અને મહત્ત્વના નિર્ણયો લીધા છે. પશ્ચિમ બંગાળમાં ભાજપની પ્રથમ સરકારની પ્રથમ કેબિનેટ બેઠક સોમવારે મળી હતી. મુખ્યમંત્રી શુભેન્દુ અધિકારીના નેતૃત્વમાં આ બેઠકમાં અનેક નિર્ણયો લેવામાં આવ્યા છે, જેનો અમલ તાત્કાલિક અસરથી શરૂ કરી દેવામાં આવ્યો છે.

કેબિનેટનો સૌથી મહત્ત્વનો નિર્ણય બાંગ્લાદેશ સરહદ પર ઘૂસણખોરી રોકવા અંગેનો છે. સરકારે બાંગ્લાદેશ સરહદને અડીને આવેલી જમીન મ્જીહ્લ (સીમા સુરક્ષા દળ) ને સોંપવાનો નિર્ણય કર્યો છે જેથી ત્યાં યોગ્ય રીતે ફેન્સિંગ (વાડ) કરી શકાય. જમીન ટ્રાન્સફર કરવાની પ્રક્રિયા આજથી જ શરૂ થઈ જશે અને આગામી ૪૫ દિવસમાં આ કામ પૂર્ણ કરવામાં આવશે. આ નિર્ણયથી બંગાળમાં લાંબા સમયથી ચાલી આવતી ગેરકાયદેસર ઘૂસણખોરીની સમસ્યાનો કાયમી ઉકેલ આવશે તેવું મુખ્યમંત્રીએ જણાવ્યું હતું.

### શુભેન્દુ અધિકારીના PAની હત્યા મામલે યુપી-બિહારથી ૩ શંકાસ્પદની ધરપકડ

કોલકાતા, તા.૧૧

પશ્ચિમ બંગાળના વિરોધ પક્ષના નેતા શુભેન્દુ અધિકારીના PA ચંદ્રનાથ રથની હત્યાના કેસમાં પોલીસને મોટી સફળતા મળી છે. પશ્ચિમ બંગાળ એસટીએફ (STF)એ બિહાર અને ઉત્તર પ્રદેશમાંથી ત્રણ શંકાસ્પદ આરોપીઓની ધરપકડ કરી છે.

પશ્ચિમ બંગાળ પોલીસના સ્પેશિયલ ટાસ્ક ફોર્સ (STF)એ બિહારના બક્સર અને ઉત્તર પ્રદેશના બલિયામાં દરોડા પાડીને ત્રણ લોકોની અટકાયત કરી છે. પકડાયેલા આરોપીઓમાં મયંક રાજ મિશ્રા, વિકી મૌર્ય અને રાજ સિંહનો સમાવેશ થાય છે. આ તમામની મધ્યમગ્રામ પોલીસ સ્ટેશન દ્વારા ધરપકડ કરવામાં આવી છે. હાલમાં સીઆઈડી અને પોલીસની ટીમ આ શખ્સોની પૂછપરછ કરી રહી છે જેથી હત્યા પાછળના મુખ્ય હેતુ અને અન્ય સંડોવાયેલા લોકો વિશે માહિતી મેળવી શકાય. તપાસ અધિકારીઓને આ આરોપીઓ સુધી પહોંચવામાં ટેકનોલોજીએ મોટી મદદ કરી છે.

---

### શિખર પર ૧૧ તીર્થના જળથી કરાયો કુંભાભિષેક

## મોદીએ સોમનાથ મંદિરમાં પૂજા કરી

સોમનાથ, તા.૧૧

સોમનાથ મંદિરના ઈતિહાસમાં પ્રથમ વખત પુનઃનિર્મિત સોમનાથ મંદિરના શિખર પર ૧૧ તીર્થોના જળથી કુંભાભિષેક કરવામાં આવ્યો છે. ૯૦ મીટર ઊંચી ક્રેઈનથી વિશાળ કુંભને શિખર સુધી લઈ જવાયા બાદ મંત્રોચ્ચાર સાથે મંદિરના શિખર પર અભિષેક કરવામાં આવ્યો છે.

સોમનાથ મંદિરમાં વડાપ્રધાન મોદીએ પૂજા અર્ચના કર્યા બાદ શિવલિંગને જળ અર્પણ કર્યું હતું.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સોમનાથ મંદિરમાં આયોજિત "અમૃત મહોત્સવ" કાર્યક્રમમાં ભાગ લીધો હતો. તેમણે મંદિરમાં પૂજા અર્ચના કરી હતી. સોમનાથ મંદિરના ભવ્ય શિખર પર દેશભરના ૧૧ પવિત્ર તીર્થસ્થળોના જળથી કુંભાભિષેક કરવામાં આવ્યો હતો. આ કુંભાભિષેક માટે એક વિશેષ કળશનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. સમારોહ દરમિયાન ૧૧ તીર્થસ્થળોમાંથી લાવવામાં આવેલા પવિત્ર જળથી મંદિરના ૯૦-મીટર ઊંચા શિખર પર અભિષેક કરવામાં આવ્યો હતો.

સોમનાથના શિખર પર ૧૧ તીર્થના જળથી કુંભાભિષેક કરાયો હતો. સોમનાથ મંદિરના શિખર પર પુષ્પવર્ષા કરવામાં આવી હતી. સોમનાથ મંદિરના પુનઃનિર્માણને ૭૫ વર્ષ પૂર્ણ થયા છે. સોમનાથમાં સૂર્યકિરણની ટીમનો એર શૉ જોવા મળ્યો હતો. સૂર્યકિરણની ટીમના આકાશમાં અનોખા કરતબ જોવા મળ્યા હતા.

સોમનાથ મંદિરમાં સોમનાથ અમૃત મહોત્સવમાં હાજરી આપતા પહેલા પીએમ મોદીએ એક રોડ શોમાં ભાગ લીધો હતો. ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી પણ હાજર રહ્યા હતા. આ ભવ્ય રોડ શોમાં વડાપ્રધાન મોદી લોકોનું અભિવાદન સ્વીકારતા જોવા મળ્યા હતા.

હેલિપેડથી સોમનાથ મંદિર સુધી વિશાળ રોડ શો યોજાયો હતો, જેમાં હજારો લોકો રસ્તાની બન્ને બાજુ ઉભા રહી વડાપ્રધાનનું સ્વાગત કરતા જોવા મળ્યા હતા. સમગ્ર માર્ગ દેશભક્તિના નારા અને ધાર્મિક ઉલ્લાસથી ગૂંજી ઉઠ્યો હતો. રોડ શો પૂર્ણ થયા બાદ વડાપ્રધાને સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરી હતી.

---

## ટ્રમ્પ-જિનપિંગ વચ્ચે તા. ૧૩ થી ૧૫ મે સુધી મુલાકાતનો કાર્યક્રમ જાહેર

અમેરિકા, તા. ૧૧

વિશ્વના બે સૌથી શક્તિશાળી દેશો અમેરિકા અને ચીન વચ્ચેના સંબંધોમાં એક નવો વળાંક આવવા જઈ રહ્યો છે. ઈરાન સાથેના વધતા તણાવ અને હોર્મુઝ સ્ટ્રેટની નાકાબંધી વચ્ચે અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ ચીનની મુલાકાત લેવાના છે. ચીનના વિદેશ મંત્રાલયે આ હાઈ-પ્રોફાઈલ મુલાકાતની સત્તાવાર જાહેરાત કરી છે.

ચીનના પ્રમુખ શી જિનપિંગના વિશેષ આમંત્રણ પર, ડોનાલ્ડ ટ્રમ્પ ૧૩મી મેથી ૧૫મી મે દરમિયાન બેઈજિંગની મુલાકાત લેશે. ચીની સમાચાર એજન્સી 'શિન્હુઆ'ના અહેવાલ અનુસાર, આ ત્રણ દિવસ દરમિયાન બંને દેશોના નેતાઓ પરસ્પર હિતના વિષયો, સુરક્ષા અને આર્થિક મુદ્દાઓ પર વિગતવાર ચર્ચા કરશે. આ મુલાકાતને વોશિંગ્ટન અને બેઈજિંગ વચ્ચે રાજદ્વારી સંવાદના નવા અધ્યાય તરીકે જોવામાં આવી રહી છે.

આ મુલાકાત એવા સમયે થઈ રહી છે જ્યારે ચીને હોર્મુઝ સ્ટ્રેટ મુદ્દે અમેરિકાને કડક ચેતવણી આપી છે. ચીનના સંરક્ષણ મંત્રી એડમિરલ ડોંગ જુને સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું હતું કે, ઈરાન સાથે ચીનના ઉર્જા અને વેપાર કરારો છે, જેમાં અન્ય કોઈએ દખલ કરવી જોઈએ નહીં.

નોંધનીય છેકે, ચીન તેની જરૂરિયાતનું ૪૦% ઓઈલ અને ૩૦% ન્દ્મ્ય હોર્મુઝ સ્ટ્રેટ દ્વારા મેળવે છે. ચીન આ જળમાર્ગને સુરક્ષિત રાખવા માટે અખાતમાં તાત્કાલિક યુદ્ધવિરામ માટે દબાણ કરી રહ્યું છે.

નિષ્ણાતોનું માનવું છે કે ટ્રમ્પ પ્રશાસન દ્વારા કરવામાં આવેલી નૌકાદળ નાકાબંધીનો મુખ્ય હેતુ ચીની ચલણ 'યુઆન'ના વધતા પ્રભાવને રોકવાનો પણ હોઈ શકે છે. ઈરાન સાથેના વેપારમાં યુઆનનો ઉપયોગ દાયકાઓ જૂની 'પેટ્રોડોલર' સિસ્ટમ માટે મોટો પડકાર માનવામાં આવે છે. આ મુલાકાત દરમિયાન ટ્રમ્પ અને જિનપિંગ વચ્ચે આ આર્થિક ટકરાવ અને ઉર્જા સુરક્ષા અંગે કેવી સમજૂતી થાય છે તેના પર આખા વિશ્વની નજર રહેશે.

---

### વડાપ્રધાનના કાર્યક્રમની સાથે સાથે..

- વડાપ્રધાનશ્રીનુ સ્ટેજ પર આગમન થતાજ ઉપસ્થિત જનમેદનીએ જય સોમનાથ મંદિર અંકિત ધ્વજા પતાકા લહેરાવી અભિવાદન કર્યું હતું.

★ વડાપ્રધાનશ્રીનું મંત્રીશ્રી તેમજ મહાનુભાવના હસ્તે સોમનાથની પ્રતિકૃતિ રૂપે મંદિરની છબી, સિંહનું પોટ્રેટ તેમજ કળશની ભેટ આપવામાં આવી હતી. કૃષિ મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણીએ વડાપ્રધાનશ્રી ને ડમરુ અર્પણ કરી સ્વાગત કર્યું હતું.

★ પ્રધાનમંત્રીશ્રીએ પોસ્ટ વિભાગ દ્વારા ૭૫ વર્ષ પ્રાણ પ્રતિષ્ઠા સ્વાભિમાન પર્વ અવસર નિમિત્તે બહાર પાડેલી ટિકિટનું વિમોચન કર્યું હતું

- વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ ૭૫ રૂપિયાનો સોમનાથ મંદિરની પ્રતિકૃતિ ધરાવતો સિક્કાનું પણ અનાવરણ કર્યું હતું.

- વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીએ તેમના ઉદબોધનના પ્રારંભે 'જય સોમનાથ જય સોમનાથ' અને હર હર મહાદેવનો જય ઘોષ બોલાવ્યો હતો.

વડાપ્રધાન શ્રી એ આજના જ દિવસે ૧૧ મે ૧૯૯૮ ના રોજ પોખરણ ખાતે કરવામાં આવેલ અણુ પરિક્ષણને ખાસ યાદ કરી ભારતના વૈજ્ઞાનિકોનું સામર્થ્ય વિશ્વએ નિહાળ્યું હોવાનું જણાવ્યું હતું.

- સભામાં કેસરિયા સાફાએ રંગ જમાવ્યો. ૭૦૦ થી વધુ મહિલાઓ, પુરુષોએ માથા પર સેફરોન કલરનો સાફો અને ગળામાં કેસરી ખેસ રાખી સભામાં ઉપસ્થિતિ રહેતા સમગ્ર વાતાવર દિપી ઉઠ્યુ હતું.

સોમનાથ અમૃત પર્વઃ વડાપ્રધાનશ્રીના આગમન પૂર્વે

- ગીતાબેન રબારીએ તેમના સુરિલા કંઠે 'મેરા ભોલા હે ભંડારી..', 'દ્વારિકાનો નાથ મારો રાજા ર રણછોડ..', ડાકોરના ઠાકોર સહિતના પ્રસિદ્ધ લોકગીતો પ્રસ્તુત કર્યા હતા.

- પ્રસિધ્ધ ગાયકો અલ્પાબેન પટેલ, નારાયણભાઈએ ભોલે શંભુ, ડાકોરના કાળીયા ઠાકર, જય રણછોડ, મારું મન મોર બની થનગાટ કરે ભારત કા બચ્ચા બચ્ચા જય જય શ્રી રામ બોલેગા સહિતના લોક્ગીત, દુહા, દેશ ભક્તિના ગિતો ગાઈ ભાવિકોને ડોલાવ્યા..

- અભિવાદન સમારોહમાં સોમનાથની યશોગાથા નિરૂપણ કરતી ફોક, ક્લાસિકલ ફ્યુઝન નૃત્ય, દાંડિયા, તલવાર રાસ, માર્શલ આર્ટના માધ્યમથી સોમનાથનો ભવ્ય ઈતિહાસ રજૂ કરાયો ભવ્ય નૃત્ય નાટિકા રજુ કરાઈ. સંગીત નાટ્ય અકાદમી, દિલ્હી દ્વારા પ્રસ્તુત નૃત્ય નાટિકામાં ૧૦૦ થી વધુ કલાકારોએ સોમનાથની યશોગાથાને નિરૂપણ કરતી ભવ્ય નૃત્ય નાટિકા રજૂ કરી હજારો દર્શકોના મન મોહી લીધા હતા.

સભામાં ઉનાળાની ગરમીમાં તકલીફ ના પડે તે માટે પાણી તેમજ છાસ વિતરણની પણ ઉત્તમ વ્યવસ્થા કરવામાં આવી હતી.

---

### મોદીની ઈંધણ બચાવો અપીલ બાદ સરકારની હૈયાધારણા

## દેશમાં પેટ્રોલ, ડીઝલ, LPG કે ક્રૂડ ઓઈલની કોઈ પણ પ્રકારની અછત નથી

નવી દિલ્હી, તા.૧૧

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વૈશ્વિક તણાવ વચ્ચે દેશવાસીઓને ઈંધણ બચાવવા માટે કરેલી અપીલના એક દિવસ બાદ કેન્દ્ર સરકારે મહત્ત્વની સ્પષ્ટતા કરી છે. સોમવારે સરકારે ખાતરી આપી છે કે દેશમાં પેટ્રોલ, ડીઝલ, LPG કે ક્રૂડ ઓઈલની કોઈ પણ પ્રકારની અછત નથી, તેથી નાગરિકોએ ગભરાવાની કે પેનિક બાયિંગ કરવાની જરૂર નથી. પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા સંઘર્ષની સ્થિતિ અંગે યોજાયેલી આંતર-મંત્રાલય બ્રીફિંગ દરમિયાન કેન્દ્રના અધિકારીઓએ જણાવ્યું હતું કે ભારત પાસે ઈંધણનો પૂરતો સ્ટોક ઉપલબ્ધ છે અને આ ક્ષેત્રમાં ચાલી રહેલા સંઘર્ષની અસર ઘટાડવા માટે તમામ જરૂરી પગલાં લેવામાં આવ્યા છે. પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલયના જોઈન્ટ સેક્રેટરીએ બ્રીફિંગમાં જણાવ્યું હતું કે, "ભારત પાસે ક્રૂડ ઓઈલ, LPG, પેટ્રોલ અને ડીઝલનો પૂરતો સ્ટોક છે. ભારતની ઉર્જા આયાતનો લગભગ ૯૦% હિસ્સો અસરગ્રસ્ત પ્રદેશમાંથી આવે છે, પરંતુ સરકારે સપ્લાયમાં કોઈ પણ વિક્ષેપ ન આવે તે માટે ઝડપી પગલાં લીધા છે."

તેમણે વધુમાં ઉમેર્યું હતું કે, "કોઈ અછત નથી. વડાપ્રધાનની તાજેતરની અપીલને ઉર્જા સંરક્ષણ અને વૈશ્વિક અનિશ્ચિતતાના સમયમાં દેશ પરના આર્થિક બોજને ઘટાડવાના પ્રયાસ તરીકે જોવી જોઈએ." અધિકારીઓએ સ્પષ્ટ કર્યું હતું કે વડાપ્રધાન મોદીએ બિનજરૂરી મુસાફરી ઘટાડવા અને ઈંધણ બચાવવા માટે જે સંદેશ આપ્યો હતો, તેને પુરવઠાની અછતના પ્રતિભાવ તરીકે નહીં, પરંતુ ઉર્જા બચાવવાની ભાવના તરીકે જોવો જોઈએ. વૈશ્વિક ભૌગોલિક રાજકીય તણાવ ઊર્જા બજારોને અસર કરી રહ્યા છે ત્યારે જવાબદાર ઉપયોગ પ્રોત્સાહિત કરવા માટે આ અપીલ કરવામાં આવી હતી.

---

## કેરલમમાં કોંગ્રેસની જીત છતાં CM પદ માટે ભારે ખેંચતાણ

કેરલમ, તા.૧૧

કેરલમમાં કોંગ્રેસની ભવ્ય જીત બાદ મુખ્યમંત્રી પદ માટે ભારે ખેંચતાણ શરૂ થઈ છે. પાંચ રાજ્યોના પરિણામો જાહેર થયાને દિવસો વીતી ગયા હોવા છતાં અને અન્ય રાજ્યોમાં શપથવિધિ પૂર્ણ થઈ ગઈ હોવા છતાં, કેરલમમાં કોંગ્રેસ હજુ સુધી કોઈ એક નામ પર સહમતી સાધી શકી નથી. કેન્દ્રીય નેતૃત્વ અત્યારે બે દિગ્ગજ નેતાઓ વચ્ચે સંતુલન જાળવવાના પ્રયાસમાં છે, જેના કારણે સત્તાના સિંહાસન પર કોણ બેસશે તે અંગેની મડાગાંઠ વધુ ગૂંચવાઈ છે.

પાંચ રાજ્યોની વિધાનસભા ચૂંટણીના પરિણામો બાદ તમિલનાડુ અને બંગાળમાં નવી સરકારોએ વહીવટ સંભાળી લીધો છે, પરંતુ કેરલમમાં જીત્યા હોવા છતાં કોંગ્રેસ હજુ સુધી મુખ્યમંત્રીના નામનો નિર્ણય કરી શકી નથી. ગત બુધવારે તિરુવનંતપુરમમાં નેતાઓની મહત્ત્વની બેઠક મળી હતી, પરંતુ તે કોઈ પરિણામ વગર પૂરી થઈ હતી. હાલની પરિસ્થિતિ જોતા દિલ્હી હાઈકમાન પણ દ્વિધામાં છે અને આખરી નિર્ણય લેવા માટે વધુ સમય માંગી રહ્યું છે. પક્ષનું નેતૃત્વ ઈચ્છે છે કે સરકારની શરૂઆત થાય તે પહેલાં જ જૂથવાદ કે આંતરિક વિખવાદ જેવી કોઈ સ્થિતિ ઊભી ન થાય, તેથી અત્યંત સાવચેતીપૂર્વક આગળ વધી રહ્યું છે.

કેરલમમાં મુખ્યમંત્રીની રેસ હવે બે મુખ્ય નેતાઓ વચ્ચે અટકી છે. એક તરફ રાહુલ ગાંધીના નજીકના ગણાતા અને એઆઈસીસી જનરલ સેક્રેટરી કેસી વેણુગોપાલ છે, જેમના પક્ષમાં મોટી સંખ્યામાં ધારાસભ્યો છે. ધારાસભ્યોને લાગે છે કે વેણુગોપાલ હાઈકમાનના નજીકના હોવાથી ભવિષ્યમાં તેમને ફાયદો થઈ શકે છે. બીજી તરફ વીડી સતીશન છે, જેઓ લાંબા સમયથી કેરલમની સ્થાનિક રાજનીતિમાં સક્રિય છે અને વિપક્ષના નેતા તરીકે મજબૂત પકડ ધરાવે છે. સતીશનના સમર્થનમાં કેરલમના ઘણા વિસ્તારોમાં કાર્યકરો દ્વારા પ્રદર્શન પણ કરવામાં આવ્યા છે.

# સોના-ચાંદીના વાયદામાં સામસામા રાહ: સોનાનો વાયદો રૂ.૧૨૪ નરમ, ચાંદીનો વાયદો રૂ.૪૪૧૪ તેજ

**ક્રૂડ તેલના વાયદામાં રૂ.૩૬૦નો ઉછાળો: કોમોડિટી વાયદાઓમાં રૂ.૩૧૯૫૪.૬૩ કરોડ અને કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.૧૮૯૦૯૦.૧૯ કરોડનું ટર્નઓવર: સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. ૨૦૫૬૦.૭૪ કરોડનાં કામકાજ: બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ વાયદો ૩૬૯૯૭ પોઈન્ટના સ્તરે**




મુંબઈ

દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ તથા ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઓપ્શન્સમાં રૂ.૨૨૧૦૪૪.૯૩ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી વાયદાઓમાં રૂ.૩૧૯૫૪.૬૩ કરોડનાં કામકાજ થયાં હતાં. કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં રૂ.૧૮૯૦૯૦.૧૯ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ મે વાયદો ૩૬૯૯૭ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો. કોમોડિટી ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ ટર્નઓવર રૂ.૩૫૩૨.૨૭ કરોડનું થયું હતું.

કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. ૨૦૫૬૦.૭૪ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ સોનું જૂન વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૫૨૪૮૭ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૫૪૪૩૪ અને નીચામાં રૂ.૧૫૧૫૦૦ના મથાળે અથડાઈ, રૂ.૧૫૨૫૩૦ના આગલા બંધ સામે રૂ.૧૨૪ ઘટી રૂ.૧૫૨૪૦૬ થયો હતો. ગોલ્ડ-ગિની મે વાયદો ૮ ગ્રામદીઠ રૂ.૨૬૫ ઘટી રૂ.૧૨૨૫૧૦ના સ્તરે પહોંચ્યો હતો. ગોલ્ડ-પેટલ મે વાયદો ૧ ગ્રામદીઠ રૂ.૩૨ ઘટી રૂ.૧૫૩૫૩ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. સોનું-મિની જૂન વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૬૯ ઘટી રૂ.૧૫૨૨૯૮ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ગોલ્ડ-ટેન મે વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૫૨૨૨૬ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૫૫૪૦૦ અને નીચામાં રૂ.૧૫૧૬૮૪ના સ્તરને સ્પર્શી, રૂ.૧૫૨૭૫૧ના આગલા બંધ સામે રૂ.૨૦૩ ઘટી રૂ.૧૫૨૫૪૮ થયો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી જુલાઈ વાયદો કિલોદીઠ રૂ.૨૬૪૫૩૫ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૨૬૬૩૫૫ અને નીચામાં રૂ.૨૬૦૯૮૬ના મથાળે અથડાઈ, રૂ.૨૬૧૯૨૨ના આગલા બંધ સામે રૂ.૪૪૧૪ વધી રૂ.૨૬૬૩૩૬ના સ્તરે પહોંચ્યો હતો. કિલોદીઠ ચાંદી-મિની જૂન વાયદો રૂ.૩૭૪૬ વધી રૂ.૨૬૮૦૧૪ના સ્તરે પહોંચ્યો હતો. ચાંદી-માઈક્રો જૂન વાયદો રૂ.૩૬૬૪ વધી રૂ.૨૬૭૯૫૬ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો.

બિનલોહ ધાતુઓમાં રૂ. ૪૦૮૭.૩૭ કરોડનાં કામકાજ થયાં હતાં. કિલોદીઠ તાંબું મે વાયદો રૂ.૨૪.૦૫ વધી રૂ.૧૩૪૯ના ભાવે બોલાયો હતો. જસત મે વાયદો રૂ.૨.૮ વધી રૂ.૩૫૧ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. એલ્યુમિનિયમ મે વાયદો રૂ.૭.૧ વધી રૂ.૩૭૫.૫ના સ્તરે પહોંચ્યો હતો. સીસું મે વાયદો રૂ.૧.૫૫ વધી રૂ.૨૦૧.૯૫ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો.

એનર્જી સેગમેન્ટમાં રૂ. ૬૮૯૪.૭૨ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ ઈલેક્ટ્રિસિટી મે વાયદો એમડબલ્યુએચદીઠ રૂ.૪૬૨૦ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૪૬૨૦ અને નીચામાં રૂ.૪૪૮૦ના સ્તરને સ્પર્શી, રૂ.૫૦ ઘટી રૂ.૪૫૬૮ થયો હતો. ક્રૂડ તેલ મે વાયદો બેરલદીઠ રૂ.૯૩૮૪ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૯૫૬૨ અને નીચામાં રૂ.૯૨૨૮ના સ્તરને સ્પર્શી, રૂ.૯૦૨૪ના આગલા બંધ સામે રૂ.૩૬૦ વધી રૂ.૯૩૮૪ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ક્રૂડ તેલ-મિની મે વાયદો રૂ.૩૫૮ વધી રૂ.૯૩૮૪ થયો હતો. નેચરલ ગેસ મે વાયદો એમએમબીટીયુદીઠ રૂ.૧૦.૫ વધી રૂ.૨૭૧.૫ થયો હતો. નેચરલ ગેસ-મિની મે વાયદો રૂ.૧૦.૪ વધી રૂ.૨૭૧.૬ના સ્તરે પહોંચ્યો હતો.

કૃષિચીજોના વાયદાઓમાં મેન્થા તેલ મે વાયદો કિલોદીઠ રૂ.૯૮૭ના ભાવે ખૂલી, ૧૦ પૈસા વધી રૂ.૯૯૦.૭ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. એલચી મે વાયદો કિલોદીઠ રૂ.૨૭૨૫ના ભાવે ખૂલી, રૂ.૩ ઘટી રૂ.૨૭૩૧ના સ્તરે પહોંચ્યો હતો.

કામકાજની દ્રષ્ટિએ એમસીએક્સ પર સોનાના વિવિધ વાયદાઓમાં રૂ.૧૧૦૧૦.૨૬ કરોડ અને ચાંદીના વિવિધ વાયદાઓમાં રૂ. ૯૫૫૦.૪૮ કરોડનાં કામકાજ થયાં હતાં. તાંબાના વાયદાઓમાં રૂ. ૩૧૯૪.૫૨ કરોડ, એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિનીના વાયદાઓમાં રૂ. ૫૫૧.૫૧ કરોડ, સીસું અને સીસું-મિનીના વાયદાઓમાં રૂ. ૨૦.૬૬ કરોડ, જસત અને જસત-મિનીના વાયદાઓમાં રૂ. ૩૧૧.૬૫ કરોડનાં કામકાજ થયાં હતાં.

ઈલેક્ટ્રિસિટીના વાયદામાં રૂ. ૩૧.૭૭ કરોડનાં કામકાજ થયાં હતાં. ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિનીના વાયદાઓમાં રૂ.૪૫૩૫.૩૨ કરોડનાં કામકાજ થયાં હતાં. નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિનીના વાયદાઓમાં રૂ. ૨૩૨૭.૬૩ કરોડનાં કામ થયાં હતાં. મેન્થા તેલના વાયદામાં રૂ. ૦.૩૯ કરોડનાં કામ થયાં હતાં. એલચીના વાયદામાં રૂ.૦.૩૦ કરોડનાં કામ થયાં હતાં.

ઓપન ઈન્ટરેસ્ટ સોનાના વાયદાઓમાં ૧૧૫૪૬ લોટ, સોનું-મિનીના વાયદાઓમાં ૬૫૮૫૧ લોટ, ગોલ્ડ-ગિનીના વાયદાઓમાં ૨૭૨૫૭ લોટ, ગોલ્ડ-પેટલના વાયદાઓમાં ૩૭૧૨૦૪ લોટ અને ગોલ્ડ-ટેનના વાયદાઓમાં ૫૭૩૮૩ લોટના સ્તરે હતો. ચાંદીના વાયદાઓમાં ૭૪૬૩ લોટ, ચાંદી-મિનીના વાયદાઓમાં ૨૨૭૮૨ લોટ અને ચાંદી-માઈક્રો વાયદાઓમાં ૮૦૬૪૦ લોટના સ્તરે રહ્યો હતો. ઈલેક્ટ્રિસિટીના વાયદાઓમાં ૧૮૧૮ લોટ, ક્રૂડ તેલના વાયદાઓમાં ૧૭૨૯૩ લોટ, નેચરલ ગેસના વાયદાઓમાં ૩૧૭૭૩ લોટના સ્તરે રહ્યો હતો.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, બુલડેક્સ મે વાયદો ૩૬૯૯૭ પોઈન્ટના સ્તરે ખૂલી, ઉપરમાં ૩૬૯૯૭ પોઈન્ટના સ્તર અને નીચામાં ૩૬૯૯૭ પોઈન્ટના સ્તરને સ્પર્શી, ૧૫૨ પોઈન્ટ ઘટી ૩૬૯૯૭ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો.

કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં કોલ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ મે રૂ.૧૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન બેરલદીઠ રૂ.૧૨.૪ વધી રૂ.૧૧૦.૫ થયો હતો. જ્યારે નેચરલ ગેસ મે રૂ.૨૭૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૪.૩૫ વધી રૂ.૧૧.૫ના ભાવે બોલાયો હતો.

સોનું મે રૂ.૧૫૫૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૬૮ ઘટી રૂ.૧૭૧૬ના ભાવે બોલાયો હતો. આ સામે ચાંદી મે રૂ.૩૦૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૨૪૬.૫ વધી રૂ.૧૪૫૦ થયો હતો. તાંબું મે રૂ.૧૪૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૨.૮૮ વધી રૂ.૮.૬૯ના ભાવે બોલાયો હતો. જસત મે રૂ.૩૫૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ ૧૨ પૈસા ઘટી રૂ.૩.૯૧ના ભાવે બોલાયો હતો.

મિની કોલ ઓપ્શન્સમાં ક્રૂડ તેલ-મિની મે રૂ.૯૫૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન બેરલદીઠ રૂ.૬૭.૪ વધી રૂ.૨૭૧.૯૫ના ભાવે બોલાયો હતો. નેચરલ ગેસ-મિની મે રૂ.૨૭૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૪.૨ વધી રૂ.૧૧.૪૫ થયો હતો.

## વૈશ્વિક સંકટ વધુ ઘેરાયું, ભારત આર્થિક સ્થિરતા અને ઊર્જા સુરક્ષા માટે પગલાં આગળ ધપાવે છે

ઉદ્યોગ નિરીક્ષકોનું માનવું છે કે નાગરિકોને ઈંધણ બચાવવા, બિનજરૂરી આયાત મર્યાદિત રાખવા અને સ્થાનિક ઉત્પાદનોના ઉપયોગને પ્રોત્સાહન આપવા અંગે તાજેતરમાં કરવામાં આવેલા બે નિવેદનોને ભારતની ઊર્જા સુરક્ષા અને આર્થિક મજબૂતાઈના પરિપ્રેક્ષ્યમાં જોવાની જરૂર છે. ખાસ કરીને તે સમયે જ્યારે પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા ભૂ-રાજકીય સંકટને કારણે વૈશ્વિક સ્તરે અનિશ્ચિતતા વધી રહી છે.

વિશ્વ અર્થતંત્ર પહેલાથી જ ખર્ચના દબાણ હેઠળ હતું, ત્યારે યુક્રેન સંઘર્ષે ક્રૂડ ઓઈલ, ગેસ, ખાતર, ખાદ્ય તેલ, ધાતુઓ, શિપિંગ અને ખાદ્ય ચીજવસ્તુઓના ભાવમાં ભારે વધારો કર્યો હતો. હવે ઈરાન સંબંધિત સંઘર્ષ અને સ્ટ્રેટ ઓફ હોર્મુઝ વિસ્તારમાં સતત વિક્ષેપોને કારણે આ દબાણ વધુ વધી રહ્યું છે, જેના કારણે વૈશ્વિક સપ્લાય મર્યાદિત થઈ રહ્યા છે અને ઊર્જા તથા કોમોડિટી બજારોમાં ભારે અસ્થિરતા સર્જાઈ રહી છે.

હકીકત એ છે કે ભારત પોતાના ક્રૂડ ઓઈલ, ખાતર, ખાદ્ય તેલ અને વધુ મહત્વપૂર્ણ એવા ઔદ્યોગિક ઈનપુટ્સનો મોટો હિસ્સો વૈશ્વિક બજારમાંથી આયાત કરે છે. વૈશ્વિક બજારમાં વધતા ભાવો ભારતના આયાત બિલમાં ભારે વધારો કરે છે, જેના કારણે વિદેશી ચલણ ભંડાર, રૂપિયો, મોંઘવારી અને સરકારી નાણાકીય સ્થિતિ પર વધુ દબાણ ઊભું થાય છે.

અર્થશાસ્ત્રીઓ જણાવે છે કે ભારત માટેની ઘણી મહત્વપૂર્ણ આયાતો મુખ્યત્વે અમેરિકન ડોલરમાં ખરીદવામાં આવે છે. ઉદાહરણ તરીકે, વિદેશી ચલણ સ્થાનિક ચલણની જેમ મનફાવે તેમ સર્જી શકાતું નથી. વિદેશી ચલણનો પ્રવાહ નિકાસ, રેમિટન્સ, સેવાઓ અને રોકાણોથી આવે છે, જ્યારે તેનો ઉપયોગ ક્રૂડ ઓઈલ, ગૅસ, ખાતર, ઈલેક્ટ્રોનિક્સ, સોફ્ટવેર પેકેજીસ તેમજ વધતી વસ્તી અને વધતી માંગને કારણે દેશની અંદરની ઉત્પાદન ક્ષમતા ઓછી પડતી હોય તેવા ઉત્પાદનોની આયાત માટે થાય છે. ઉપરાંત ખાદ્ય તેલ અને સોનાની આયાત પણ મહત્વપૂર્ણ છે. તેથી વૈશ્વિક સંકટની પરિસ્થિતિમાં આંતરરાષ્ટ્રીય વેપાર જાળવી રાખવો આર્થિક સ્થિરતા માટે વ્યૂહાત્મક પ્રાથમિકતા બની જાય છે.

આ પરિસ્થિતિમાં બિનજરૂરી આયાતોને મર્યાદિત કરવાના અને વધારાના ઊર્જા વપરાશને ઘટાડવાના પગલાંઓને વ્યાપક આર્થિક સ્થિરતા વ્યૂહરચનાના ભાગરૂપે જોવામાં આવી રહ્યા છે.

## ગ્રાહકોનો વિશ્વાસ મજબૂત કરવા માટે ડિજિટલ પ્રિશિયસ મેટલ ઈકોસિસ્ટમ દ્વારા સેલ્ફ-રેગ્યુલેટરી ઓર્ગેનાઈઝેશનની રચના કરવામાં આવી

ભારતના ડિજિટલ પ્રિશિયસ મેટલ ઉદ્યોગ સંયુક્ત રીતે ડિજિટલ પ્રિશિયસ મેટલ્સ એશ્યોરન્સ કાઉન્સિલ ઓફ ઈન્ડિયા (DPMACI)ની રચના કરી છે. આ સેલ્ફ-રેગ્યુલેટરી ઓર્ગેનાઈઝેશન (SRO) ભારતની ડિજિટલ મેટલ ઈકોસિસ્ટમમાં પારદર્શિતા, કાર્યકારી અખંડિતતા અને ગ્રાહક સુરક્ષાને સંસ્થાકીય બનાવવા માટે તૈયાર કરવામાં આવી છે. સભ્યોમાં MMTC-PAMP, SafeGold, Augmont, Gullak, PhonePe અને અન્ય મુખ્ય સહભાગીઓનો સમાવેશ થાય છે

આ પહેલ વિશે વાત કરતા, DPMACI ના સ્વતંત્ર ચેરપર્સન સુશ્રી નિરુપમા સુંદરરાજને જણાવ્યું હતું કે, “DPMACI ની રચના આ ઉદ્યોગ માટે એક મહત્વપૂર્ણ પગલું છે. પારદર્શિતા અને કડક ધોરણોના સામાન્ય માળખાને સક્રિયપણે સ્થાપિત કરીને, અમે ટકાઉ વિકાસ માટે પાયો નાખી રહ્યા છીએ જે ગ્રાહક વિશ્વાસને પ્રાધાન્ય આપે છે. સ્વતંત્ર ઓડિટ અને સ્પષ્ટ કસ્ટોડિયલ સેફગાર્ડ્સ જેવી પદ્ધતિઓને સંસ્થાકીય બનાવવી એ સમગ્ર ક્ષેત્ર માટે સારું છે, કારણ કે તે ગ્રાહક સુરક્ષા અને બજારની વિશ્વસનીયતાને મજબૂત બનાવે છે. DPMACI નીતિ નિર્માતાઓ માટે રચનાત્મક ભાગીદાર બનવા માટે કટિબદ્ધ છે જેથી આ શ્રેષ્ઠ પદ્ધતિઓ ઈકોસિસ્ટમ માટે બેન્ચમાર્ક બને અને પારદર્શક તથા સમૃદ્ધ ડિજિટલ અર્થતંત્રને ટેકો મળે.”

પબ્લિક પોલિસીના અનુભવી નિષ્ણાત સુશ્રી નિરુપમા સુંદરરાજન, જેઓ સ્વતંત્ર ચેરપર્સન તરીકે જોડાયા છે, તેમના નેતૃત્વ હેઠળ DPMACI કડક વહીવટ લાગુ કરશે અને પારદર્શક, જવાબદાર અને ગ્રાહક-લક્ષી ઈકોસિસ્ટમ સુનિશ્ચિત કરવા માટે સરકાર અને પોલિસી હિતધારકો સાથે જોડાશે. આમ કરીને, સંસ્થાનો ઉદ્દેશ્ય ઉદ્યોગ માટે ટેક્નોલોજી-પ્રથમ અને ગતિશીલ વિકાસના માર્ગને મંજૂરી આપવાની સાથે ગ્રાહકોના વિશ્વાસને જાળવી રાખવાનો છે.

## એચડીએફસી સ્કાય નેશનલ ટેકનોલોજી દિવસે ભારતનાં એફએન્ડઓ માર્કેટ અંગે પરિપ્રેક્ષ્ય રજૂ કરે છે

નેશનલ ટેકનોલોજી ડે નિમિત્તે એચડીએફસી સિક્યોરિટીઝના ડિસ્કાઉન્ટ બ્રોકિંગ પ્લેટફોર્મ એચડીએફસી સ્કાયે એ વાત પર ભાર મૂક્યો છે કે કેવી રીતે ટેકનોલોજી ભારતની ફ્યુચર એન્ડ ઓપ્શન્સ (F&O) સ્થિતિને નવો આકાર આપી રહી છે અને ટિયર ૩ તથા ટિયર ૪ બજારોમાંથી મજબૂત ભાગીદારી વધારી રહી છે.

તાજેતરના વર્ષોમાં, નાના શહેરો અને નગરોમાંથી રોકાણકારોની ભાગીદારીમાં નોંધપાત્ર ઉછાળો આવ્યો છે. વર્ષ ૨૦૧૯માં નવા ડીમેટ ખાતાઓમાં નોન-મેટ્રો પ્રદેશોનો ફાળો માત્ર ૨૫% હતો, જે આંકડો હવે ૬૦%ને વટાવી ગયો છે. નાણાકીય વર્ષ ૨૦૨૦થી ૨૦૨૫ વચ્ચે નવા એસઆઈપી ખાતાઓમાં બી૩૦ શહેરો (ટોચના ૩૦ શહેરો સિવાયના કેન્દ્રો)નો હિસ્સો ૫૮% રહ્યો છે, જેમાં મ્યુચ્યુઅલ ફંડની અસ્કયામતો વાર્ષિક ૨૧%થી વધુના દરે વધીને સપ્ટેમ્બર ૨૦૨૫ સુધીમાં રૂ. ૧૪.૫ લાખ કરોડ પર પહોંચી ગઈ છે. માસિક SIP યોગદાન રૂ. ૨૯,૩૬૧ કરોડના વિક્રમ સ્તરે પહોંચ્યું છે, જેમાં હવે અડધાથી વધુ નવા રોકાણકારોના ફોલિયો નાના શહેરોમાંથી આવી રહ્યા છે.

એચડીએફસી સિક્યોરિટીઝના સ્કાઈ અને CEO ધીરજ રેલ્લીએ જણાવ્યું હતું કે, “ટેકનોલોજીએ સંપત્તિ સર્જનની તકોમાં પાયાના સ્તરેથી વધારો કર્યો છે. આજના રોકાણકારો તેમના સ્થાનને ધ્યાનમાં લીધા વિના સરળતા, ઝડપ અને વ્યક્તિગત સમજની અપેક્ષા રાખે છે. AI-સંચાલિત એડવાઈઝરી સેવાઓ, વોઈસ-એનેબલ્ડ ઈન્વેસ્ટિંગ (અવાજ દ્વારા રોકાણ) અને ઝડપી સેટલમેન્ટ સાયકલ જેવી નવીનતાઓ ટિયર ૩ અને ટિયર ૪ બજારોની ભાગીદારીને વધુ પ્રોત્સાહન આપશે. ભવિષ્યમાં, સંસ્થા પોર્ટફોલિયો એનાલાઈઝર, ક્વાન્ટ રિસર્ચ, 'SKAI' (AI સંચાલિત ટ્રેડિંગ આસિસ્ટન્ટ) અને અલ્ગોરિધમિક ટ્રેડિંગ જેવી નવી સેવાઓ લોન્ચ કરીને તેની વૃદ્ધિને વેગ આપવાની યોજના ધરાવે છે, જે સંપૂર્ણપણે ટેકનોલોજીકલ પ્રગતિ અને AI ના ઉપયોગ પર આધારિત હશે. HDFC SKY ઈન્વેસ્ટિંગ અને ટ્રેડિંગ ટૂલ્સનો એક વ્યાપક માર્ગપ્રદાન કરે છે, જેમાં જીદ્ધરૂ સિગ્નલ્સ, માર્જિન પ્લેજ અને માર્જિન ટ્રેડિંગની સુવિધાઓ, સ્ટોક SIP, ETF અને ગોલ્ડ ETF રોકાણનો સમાવેશ થાય છે.

## મધર્સ ડે નિમિત્તે, SBI Life દ્વારા નવું કેમ્પેઈન ‘બિન સમજાયે, સિર્ફ માં સમજતી હૈ’ લોન્ચ

કેટલીક વાતો કહેવાની જરૂર પડતી નથી, ખાસ કરીને જ્યારે વાત માંની હોય. મૌનમાં છુપાયેલી ચિંતા, હાસ્યની પાછળનો ખચકાટ, કોઈ સપનાની શરૂઆત — માં આ બધું જ ઓળખી જાય છે, ખાસ તો ત્યારે જ્યારે તમે તેને વ્યક્ત પણ નથી કરતા. SBI Life Insurance પોતાની મધર્સ ડે ફિલ્મ ‘બિન સમજાએ, સિર્ફ માં સમજતી હૈ’ દ્વારા આ લાગણીને જીવંત કરે છે, અને દરેક પરિવારમાં રહેલી સાંત્વના, આત્મવિશ્વાસ અને વિશ્વાસના પ્રથમ સ્રોત એવી માંને અંજલિ આપે છે.

આ ફિલ્મ માંની સહજ લાગણીઓની સમજણ પર પ્રકાશ પાડે છે, અને પરિવારના વિશ્વાસ, આત્મવિશ્વાસના મોભ તરીકે દર્શાવે છે. ખૂબ ઝીણી અને ઉંડી સમજ સાથેની આ ફિલ્મ દ્વારા બ્રાન્ડ એ વિશ્વાસ અપાવે છે કે તેઓ પણ માતૃત્ત્વની જેમ જ જબરજસ્ત શાંત શક્તિ દ્વારા તમને આત્મવિશ્વાસ સાથે આગળ વધવા પ્રેરે છે.

આ ફિલ્મ બે માતા વચ્ચેની માર્મિક વાતચીતથી શરૂ થાય છે. જેમાં એક યુવાન માતા છે, જે મેટરનિટી લીવ પરથી પાછી આવી છે, જે પોતે એવી લાગણીઓથી લડી રહી છે, જેને શબ્દોમાં વ્યક્ત નથી કરી શક્તી.

આ કેમ્પેઈન વિશે વાત કરતા SBI Life Insurance ના બ્રાન્ડ, કોર્પોરેટ કમ્યુનિકેશન અને CSRના ચીફ ઓફ બ્રાન્ડ શ્રી રવિન્દ્ર શર્માએ કહ્યું, ”માંની ઈન્સ્ટિંક્ટ વિશે ઘણીવાર વાત થાય છે, પરંતુ તેના ઉંડાણને કોઈ સમજતું નથી. માં માત્ર સારસંભાળ નથી રાખતી, તે એવી વ્યક્તિ છે, જે તમારી લાગણીઓને વગર કહ્યે સમજી જાય છે. માં શંકાઓ, આશાઓ, નિર્ણયોને પ્રગટ કરતા પહેલા જ સમજી જતી હોય છે. આ શાંત સમજદારી એક એવી અદ્રશ્ય શક્તિ બની જાય છે, જે માંના કેટલાક મહત્વના નિર્ણયો જેમ કે પરિવારનું ભવિષ્ય નક્કી કરવું, તેને આકાર આપે છે. SBI Lifeમાં અમે આ ઈન્સ્ટિંક્ટને ખાસ માનવીય સત્ય તરીકે જોઈએ છીએ, એવું સત્ય, જે માંને પોતાના પરિવાર સાથે ટકી રહેવાની પ્રેરણા આપે છે, જેવી રીતે તે આત્મવિશ્વાસથી પોતાના સપના પૂરા કરવા મહેનત કરે છે. તે સમજે છે કે જે વસ્તુ તેમના માટે વધુ મહત્વની હોય, તે સુરક્ષિત હોય. અમારી મધર્સ ડેની ફિલ્મ બિન સમજાએ, સિર્ફ માં સમજતી હૈ દ્વારા અમે માંની આ મૌન તાકાતને સલામ કરીએ છીએ અને દરેક પરિવારની જર્નીમાં એક ભરોસાપાત્ર સાથી બનવાના પોતાના વાયદાને દોહરાવીએ છીએ.”

## ભારતમાં નાના વ્યવસાયો હવે ગ્રાહકોને વધુ સારી સેવા આપવા માટે WhatsApp પર ‘Business AI’નો ઉપયોગ કરી શકે છે

WhatsAppએ આજે ભારતમાં WhatsApp પર બિઝનેસ AI લોન્ચ કરવાની જાહેરાત કરી, જે AI-સંચાલિત ગ્રાહક સપોર્ટને સીધા WhatsApp Business એપ્લિકેશન પર લાવે છે. ભારતમાં બધી સ્થાનિક ભાષાઓમાં ઉપલબ્ધ, આ સુવિધા પાત્ર વ્યવસાયોને કોઈ પણ વધારાદ્દીટ સાધનો અથવા પ્લેટફોર્મની જરૂર વગર ૨૪/૭ ગ્રાહક પ્રશ્નોના જવાબ આપવા, લીડ્સ મેળવવા, એપોઈન્ટમેન્ટ બુક કરવા અને વેચાણ વધારવા માટે સક્ષમ બનાવે છે.

WhatsApp પર બિઝનેસ AIને વ્યવસાયની પોતાની માહિતીના આધારે કસ્ટમાઈઝ કરી શકાય છે, જેનાથી તેઓ વારંવાર પુછાતા પ્રશ્નોના જવાબોને ઓટોમેટ કરી શકે છે અને ગ્રાહકોને ઉત્પાદનો અને સેવાઓ, કિંમત, ડિસ્કાઉન્ટ, શિપિંગ અને વધુ સંબંધિત પ્રશ્નોમાં સહાય કરી શકે છે. ટૂંક સમયમાં શરૂ થતા, તે UPIનો ઉપયોગ કરીને WhatsApp ચેટમાં સીધા ચુકવણીની સુવિધા પણ આપી શકશે. કોઈ વધુ જટિલ પ્રશ્ન હોય અથવા કોઈ ચોક્કસ જરૂરિયાત હોય જેને સંબોધવાની જરૂર હોય, ત્યારે વ્યવસાય માલિક AI એજન્ટ પાસેથી વાતચીત હસ્તક લઈ શકે છે. આગામી અઠવાડિયામાં, WhatsApp Business એપ પર ઉપયોગ કરવા માટે બધા પાત્ર વ્યવસાયો માટે Business AI ઉપલબ્ધ થશે.

બિઝનેસ એઆઈના લોન્ચ પર બોલતાં, મેટા ઈન્ડિયાના બિઝનેસ મેસેજિંગ ડાયરેક્ટર રવિ ગર્ગે જણાવ્યું હતું કે, “નાના વ્યવસાયો ભારતના અર્થતંત્રની કરોડરજ્જુ છે, અને અમે તેમના માટે દરેક ગ્રાહક વાતચીતનું મૂલ્ય સમજીએ છીએ. વર્ષોથી, અમે સતત સાંભળ્યું છે કે મર્યાદિત સંસાધનો સાથે ગ્રાહકોના પ્રશ્નોના મોટા જથ્થાનું સંચાલન કરવું એ નાના વ્યવસાયો માટે સૌથી મોટા પડકારોમાંનો એક છે. આ તે સ્થાન છે જ્યાં અમે માનીએ છીએ કે AI તેમના માટે પરિવર્તનકારી બની શકે છે. વોટ્સએપ પર બિઝનેસ AIની રજૂઆત સાથે, અમે હવે તે શક્તિ સીધી નાના વ્યવસાયોના હાથમાં આપી રહ્યા છીએ અને ખાતરી કરવા માગીએ છીએ કે તેઓ વ્યવસાયના સમય પછી ક્યારેય ગ્રાહકની પૂછપરછ ચૂકી ન જાય અથવા ટોચની માગણી સાથે સુમેળ સાધી રાખવા માટે સંઘર્ષ નહીં કરે."

## ભારત ફોર્જે નાણાંકીય વર્ષ ૨૦૨૬ના ચોથા ત્રિમાસિક ગાળામાં મજબૂત ક્રમિક રિકવરી નોંધાવી

મેટલ ફોર્મિંગ અને એન્જિનિયરિંગ ક્ષેત્રમાં વૈશ્વિક નેતૃત્વ ધરાવતી ભારત ફોર્જ લિમિટેડે (“BFL”) આજે ૩૧ માર્ચ, ૨૦૨૬ના રોજ પૂર્ણ થયેલા ત્રિમાસિક ગાળા અને નાણાંકીય વર્ષ માટેના પોતાના નાણાંકીય પરિણામોની જાહેરાત કરી હતી. કંપનીએ નાણાંકીય વર્ષ ૨૦૨૬ના ચોથા ત્રિમાસિક ગાળા દરમિયાન મજબૂત ક્રમિક રિકવરી નોંધાવી હતી, જેને સુધરતી નિકાસ માંગ, સ્થિર સ્થાનિક ઓટોમોટિવ કામગીરી તેમજ ઔદ્યોગિક અને સંરક્ષણ વ્યવસાયોમાં સતત ગતિનો આધાર મળ્યો હતો.

નાણાંકીય વર્ષ ૨૦૨૬ માટે, સ્ટેન્ડઅલોન આવક રૂ. ૮,૩૯૬ કરોડ નોંધાઈ હતી અને એબિટા રૂ. ૨,૩૧૨ કરોડ રહી હતી. નાણાંકીય વર્ષ ૨૦૨૬ દરમિયાન કન્સોલિડેટેડ આવકમાં વાર્ષિક ધોરણે ૧૧.૨ ટકા વધીને રૂ. ૧૬,૮૧૨ કરોડ સુધી પહોંચી હતી, જ્યારે કન્સોલિડેટેડ એબિટા ૫.૯ ટકા વધીને રૂ. ૨,૯૨૧ કરોડ રહી હતી.

કંપનીની કામગીરી અંગે ભારત ફોર્જ લિમિટેડના ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર બાબા કલ્યાણીએ જણાવ્યું હતું કે, “માંગ સંબંધિત પડકારો અને નિયમનકારી અસ્થિરતા હોવા છતાં, ભારત ફોર્જે નાણાંકીય વર્ષ ૨૦૨૬ દરમિયાન મજબૂત કામગીરી નોંધાવી હતી, જેને વિવિધ વ્યવસાયોમાં મજબૂત અમલીકરણ અને વર્ષના બીજા અર્ધભાગ દરમિયાન વધુ નિકાસ માંગનો આધાર મળ્યો હતો. કંપનીએ નાણાંકીય વર્ષ ૨૦૨૬ દરમિયાન કુલ રૂ. ૪,૮૧૪ કરોડના નવા ઓર્ડર પ્રાપ્ત કર્યા હતા, જેમાં રૂ. ૨,૮૧૬ કરોડના ઓર્ડર સંરક્ષણ ક્ષેત્ર સંબંધિત હતા.

## અમદાવાદીઓને દક્ષિણ ભારતની સાત્ત્વિક થાળીનો સ્વાદ કરાવવા માટે આઈટીસી નર્મદાએ ‘અરુસુવઈ વૃંદુ’ રજૂ કરી

અમદાવાદની લક્ઝરી કલેક્શન હોટેલ આઈટીસી નર્મદાએ ૧૧ મેના રોજ તેની સિગ્નેચર સાત્ત્વિક-પ્રમાણિત રેસ્ટોરન્ટ, રોયલ વેગામાં દક્ષિણ ભારતની વ્યાપક થાળી અરુસુવઈ વૃંદુ રજૂ કરી હતી. ચેન્નઈમાં આવેલી આઈટીસી ગ્રાન્ડ ચોલાના પારખુ ચાહકો દ્વારા પહેલેથી જ ખૂબ જ પસંદ કરવામાં આવેલી આ વાનગીઓને હવે રોયલ વેગાના ખાસ રીતે તૈયાર કરવામાં આવેલા મેનૂમાં કાયમીપણે ઉમેરવામાં આવી હોવાથી હવે તે અમદાવાદમાં પણ ઉપલબ્ધ છે.

આ થાળીને હોટેલના અત્યંત પ્રશંસાપાત્ર કર્ણાવતી ખાસા અને રણજીત ખાસા માટે પારખુ ચાહકોમાં ખૂબ જ લોકપ્રિય ગણાતી રોયલ વેગામાં લંચ અને ડિનરમાં પીરસવામાં આવી રહી છે.

અરુસુવઈ કે જેનો અર્થ ૬ સ્વાદનું સુમેળભર્યું સંતુલન થાય છે, તેના સિદ્ધાંતોના આધારે તૈયાર કરવામાં આવેલી આ થાળી તમને સ્વાદની એક અનોખી યાત્રા પર લઈ જાય છે, જે આ પ્રદેશના સ્વાદને રજૂ કરવાની સાથે-સાથે તેની મોસમી સામગ્રી અને પરંપરાગત પાકકલા પર પણ ધ્યાન કેન્દ્રિત કરે છે. તેનું મેનૂ અને તેની વાનગીઓ શુદ્ધતા, કુદરતી સ્વાદ અને ખૂબ જ વિચારીને કરવામાં આવેલી વાનગીઓને પ્રતિબિંબિત કરે છે, જે ભારતીય શાકાહારી પાકકલાનું સર્વોચ્ચ શિખર છે.

આઈટીસી નર્મદાના એક્ઝિક્યુટિવ શૅફ શ્રી સુમિત રોહેલાએ જણાવ્યું હતું કે, ‘અરુસુવઈ વૃંદુ રજૂ કરવાનો અમારો ઉદ્દેશ્ય અમદાવાદમાં દક્ષિણ ભારતની સાત્ત્વિક પાકકલાની અધિકૃત છતાં પરિશોધિત વાનગીઓ પીરસવાનો છે. આ થાળીના દરેક ઘટકને પરંપરાગત પદ્ધતિઓ અને મોસમી સામગ્રીને અનુરૂપ રહીને ખૂબ જ વિચારીને તૈયાર કરવામાં આવ્યું છે. તે અનોખી વાનગીઓને મન ભરીને માણવાનો એક એવો ઉત્સવ છે, જે અધિકૃતતા અને સ્વાદના ચટાકા બંનેનો અહેસાસ કરાવે છે

## અદાણી ફાઉન્ડેશન અને ACC ગગલ દ્વારા ASDC મારફતે ચાર યુવતી માટે સફળતાના નવા દ્વાર ખુલી આપ્યાં

અદાણી ફાઉન્ડેશનના અદાણી સ્કીલ ડેવલપમેન્ટ સેન્ટર્સ (ASDCs) વંચિત ગ્રામીણ સમુદાયોની યુવતીઓને વ્યાવસાયિક કૌશલ્યોથી સજ્જ કરીને અને તેમને મેન્યુફેક્ચરિંગ, રિટેલ તથા હોસ્પિટાલિટી સેક્ટરમાં પગારદાર નોકરી અપાવીને તેમના જીવનમાં અમૂલ પરિવર્તન લાવી રહેલ છે.

હિમાચલ પ્રદેશની ચાર યુવતીઓએ નાણાકીય સ્વતંત્રતા પ્રાપ્ત કરવા માટે સંજોગો અને સામાજિક અપેક્ષાના અવરોધોને તોડી પાડ્યા છે.

તેમની આ સ્ટોરી સામૂહિક રીતે એક નિર્ણાયક પરિવર્તનનું પ્રતિનિધિત્વ કરે છે: જ્યારે ગ્રામીણ ભારતના મહિલાઓને યોગ્ય તાલીમ અને સહયોગ આપવામાં આવે છે ત્યારે તેઓ ફક્ત પોતાનું જીવન જ નથી બદલતી પણ સમગ્ર પરિવારનો ઉદ્ધાર કરે છે અને પૂરા સમુદાય માટે પ્રેરણારૂપ બને છે. હિમાલચ પ્રદેશ, ૧૧ મે ૨૦૨૬: વિવિધ ક્ષેત્રોમાં બિઝનેસ ધરાવતા અદાણી પોર્ટફોલિયોની સિમેન્ટ અને બિલ્ડિંગ મટિરિયલ્સ કંપની ACC એ અદાણી ફાઉન્ડેશન સાથે મળી સમગ્ર ભારતમાં ફેલાયેલ અદાણી સ્કીલ ડેવલપમેન્ટ સેન્ટર્સ (ASDCs)ના નેટવર્ક મારફતે ગ્રામીણ સમુદાયોની મહિલાઓ માટે એક નવો અધ્યાય શરૂઆત કરી રહી છે; એક એવા કૌશલ્ય, મહત્વાકાંક્ષા અને માળખાગત સહાયના ઉત્તમ સમન્વય સાથે આત્મનિર્ભરતા તથા ગૌરવપૂર્ણ જીવનનું નિર્માણ થઈ રહ્યું છે.

આ ચાર પૈકી મોટાભાગે મહિલાઓ માટે અન્ય શહેરમાં પગારદાર નોકરી કરવાનો વિચાર ક્યારેય ઘરની ચર્ચાનો ભાગ ન હતો. તેમના પરિવારોએ આ વિશે ક્યારેય વાત પણ કરી ન હતી કે તેમના ગામોએ તેમને ક્યારેય આ માર્ગ બતાવ્યો ન હતો. અને આમ તેમની આજુબાજુ રહેલી કોઈ પણ વ્યક્તિએ આ પ્રકારની મહત્વાકાંક્ષાને પ્રોત્સાહન મળે તેવુ કોઈ કાર્ય કર્યું ન હતું. પલ્લવી, પલક, સાનિયા અને સ્નેહા એવા પરિવારોમાંથી આવતી હતી કે જો ઓ ગમે તેમ કરીને ગુજરાન ચલાવવું એ જ મુખ્ય ઉદ્દેશ હતો અને કોઈ ચોક્કસ ક્ષેત્રમાં પ્રગતિ કરવી એ તો એક વૈભવશાળીતા સમાન બાબત હતી.

## પીએનબી કિચન મેટે ‘સરકટા’ ફેમ સુનિલ કુમાર સાથે તેની ‘સબ સે બડા ઓફર’ ઝુંબેશનું અનાવરણ કર્યું

પીએનબી કિચનમેટે તેની નવીનતમ ઝુંબેશ, ‘સબ સે બડા ઓફર’ લોન્ચ કરી છે. આ ઝુંબેશ દ્વારા બ્રાન્ડ તેની અત્યાર સુધીની સૌથી મોટી કન્ઝ્યુમર ઓફરના સ્કેલને એક નવી, વાર્તા-આધારિત અભિગમ દ્વારા જીવંત કરી રહી છે. આ ઝુંબેશમાં ૨૦૨૪ની હોરર-કોમેડી ફિલ્મ ‘સ્ત્રી ૨’ માં મુખ્ય વિલન ‘સરકટા’ ની ભૂમિકા ભજવનાર અભિનેતા અને પ્રોફેશનલ રેસલર સુનિલ કુમાર જોવા મળે છે.

ઝુંબેશ અંગે ટિપ્પણી કરતા, પીએનબી કિચનમેટના ડાયરેક્ટર શ્રી રાહુલ બજાજે જણાવ્યું હતું કે: "પીએનબી કિચનમેટમાં અમારું ધ્યાન ગ્રાહકોની બદલાતી જરૂરિયાતોને અનુરૂપ ઉચ્ચ મૂલ્યની ઓફરો પ્રદાન કરીને બજારમાં અમારી હાજરીને મજબૂત કરવા પર છે. ‘સબ સે બડા ઓફર’ સાથે અમારો ઉદ્દેશ્ય અમારી દરખાસ્તના સ્કેલ અને મૂલ્યને વધારવાનો છે જ્યારે બ્રાન્ડની વિઝિબિલિટી અને ગ્રાહકોના જોડાણને વેગ આપવાનો છે. અમે ઓફર વિશે જણાવવાની પરંપરાગત રીતોથી આગળ વધીને એવી ઝુંબેશ બનાવવા માંગતા હતા જે અત્યંત સ્પર્ધાત્મક શ્રેણીમાં અલગ ઓળખ અને રિકોલ વેલ્યુ ઊભી કરે."

અભિનેતા સુનિલ કુમારે ઉમેર્યું, "આ ઝુંબેશમાં મને જે ગમ્યું તે 'મોટું' હોવાના વિચાર પરનો તેનો અનોખો દૃષ્ટિકોણ છે. પીએનબી કિચનમેટ સાથે કામ કરતા મને લાગ્યું કે 'સબ સે બડા ઓફર' એક સરળ છતાં પ્રભાવશાળી કોન્સેપ્ટ છે જેની સાથે પ્રેક્ષકો તરત જ જોડાઈ શકે છે."

હિમાંશુ બિષ્ટ, ડાયરેક્ટર, Auro Piixel LLP એ જણાવ્યું હતું કે, “જ્યારે બ્રીફ ‘સબ સે બડા ઓફર’ વિશે જણાવવાનું હતું, ત્યારે વિચાર માત્ર તેને કહી દેવાનો નહીં પણ કંઈક અલગ કરવાનો હતો. અમે 'શું મોટું છે' તેવા સરળ પ્રશ્નની આસપાસ ફિલ્મ બનાવી, જેમાં ઉત્સુકતા પેદા કરવા માટે વિઝ્યુઅલ પ્રોગ્રેસન અને પાત્ર-આધારિત વાર્તા કહેવાનો ઉપયોગ કર્યો. અંતે અપેક્ષાને પલટી નાખીને, આ ઝુંબેશ એક કાર્યકારી સંદેશને એવી વસ્તુમાં ફેરવે છે જેનો પ્રેક્ષકો ખરેખર અનુભવ કરે છે.”

## સીઆઈઆઈ દ્વારા સુનીલ ભારતી મિત્તલને ‘લાઈફટાઈમ અચીવમેન્ટ એવોર્ડ’થી સન્માનિત કરાયા

સુનીલ ભારતી મિત્તલ, સ્થાપક અને ચેરમેન, ભારતી એન્ટરપ્રાઈઝ તથા સીઆઈઆઈ ના ભૂતપૂર્વ પ્રેસિડેન્ટને સીઆઈઆઈ દ્વારા પ્રતિષ્ઠિત ‘લાઈફટાઈમ અચીવમેન્ટ એવોર્ડ’થી સન્માનિત કરવામાં આવ્યા છે. આ સન્માન પ્રાપ્ત થતાં તેમણે તેને ગૌરવ અને સન્માનની લાગણી સાથે સ્વીકાર્યું હતું.

આ અવસર પર સુનીલ ભારતી મિત્તલે જણાવ્યું હતું કે, “સીઆઈઆઈ સાથેનો મારો લાંબા સમયથી રહેલો સંબંધ અને વર્ષ ૨૦૦૭ દરમિયાન તેના પ્રેસિડેન્ટ તરીકે સેવા આપવાનો અવસર મળ્યો હતો, તે કારણે આ સન્માન મારા માટે ખાસ મહત્વ ધરાવે છે. તે સમય દરમિયાન ભારત વૈશ્વિક આર્થિક પરિપ્રેક્ષ્યમાં મજબૂત રીતે આગળ વધી રહ્યું હતું અને દેશની વિકાસગાથા પ્રત્યે વિશ્વાસ સતત વધી રહ્યો હતો. આજે જ્યારે ભારત નવી અને વધુ ઊંચી સિદ્ધિઓ તરફ આગળ વધી રહ્યું છે અને મજબૂત આર્થિક ગતિ સાથે વિકાસ કરી રહ્યું છે, ત્યારે સીઆઈઆઈ જેવી સંસ્થાઓ ઉદ્યોગ અને સરકાર વચ્ચે સહકાર વધારી ભવિષ્યના ભારતના નિર્માણમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહી છે. યુવા ગ્રાહકો અને ઉદ્યોગસાહસિકોની વધતી સંખ્યાને ધ્યાનમાં રાખીને ઉદ્યોગજગત માટે વધુ રોકાણ, મજબૂત કેપેક્સ, નવીનતા અને ‘મેક ઇન ઈન્ડિયા ફોર ઈન્ડિયા’ના વિઝન પ્રત્યે નવી પ્રતિબદ્ધતા સાથે આગળ વધવું અત્યંત જરૂરી છે.”

Printed and Published by Ashish Kothari on behalf of Prabhat News Papers Pvt. Ltd., Printed at Kothari Printers, 1, R. K. Kothari Estate, Ranipur Bus Stop, Narol, Ahmedabad, Publieshed from, 704, Aditya, Mithakhali Six Roads, Ahmedabad. Editor : Ashish Kothari, email : news@theprabhat.com (M.)+91 9727977477

### સોમનાથ મંદિરના જીર્ણોદ્ધારના ૭૫ વર્ષ

# મોદીએ કહ્યું- આ અસત્ય પર સત્યના વિજયનું પ્રતીક છે

સોમનાથ, તા.૧૧

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના બે દિવસીય ગુજરાત પ્રવાસનો આજે (૧૧મી મે) બીજો અને અત્યંત મહત્ત્વપૂર્ણ દિવસ હતો. જામનગરની મુલાકાત બાદ વડાપ્રધાન આજે પ્રથમ જ્યોતિર્લિંગ એવા ભગવાન સોમનાથના શરણે પહોંચ્યા હતા. સોમનાથ મંદિરના પુનઃનિર્માણના ૭૫ વર્ષ પૂર્ણ થવાના અવસરે આયોજિત 'સોમનાથ અમૃતપર્વ-૨૦૨૬'માં વડાપ્રધાન મોદીએ વિશેષ ઉપસ્થિતિ નોંધાવી છે. વડાપ્રધાન મોદીએ કહ્યું: 'આજે, હું ફક્ત ૭૫ વર્ષનો ઝાંખી નથી જોઈ રહ્યો. હું વિનાશ વચ્ચે સર્જન કરવાનો સંકલ્પ જોઈ રહ્યો છું. અહીં, હું અસત્ય પર સત્યનો વિજય જોઈ રહ્યો છું. અહીં, હું હજારો વર્ષો સુધી ફેલાયેલી આધ્યાત્મિક ચેતના જોઉં છું - એક એવી આધ્યાત્મિક ચેતના જેણે સમગ્ર વિશ્વને સમગ્ર માનવતાના કલ્યાણના દ્રષ્ટિકોણથી જોયું છે. હું ભારતનો અવિનાશી સાર જોઉં છું - એક એવો સાર જેને સદીઓના દુષ્ટ પ્રયાસો પણ ભૂંસી શક્યા નથી.'

સોમનાથ મંદિરના પુનઃનિર્માણના ૭૫ વર્ષ પૂર્ણ થવાના અવસરે આયોજિત 'સોમનાથ અમૃતપર્વ'માં સહભાગી થતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ એક અત્યંત ભાવુક અને આધ્યાત્મિક સંબોધન કર્યું હતું. ભગવાન સોમનાથના સાનિધ્યમાં કલા, સંગીત અને મંત્રોચ્ચાર વચ્ચે વડાપ્રધાને આ ક્ષણને ઐતિહાસિક ગણાવી હતી. સંબોધનની શરૂઆત કરતા વડાપ્રધાન મોદીએ જણાવ્યું હતું કે, 'આજની મારી આ સોમનાથ યાત્રામાં એક અનોખી સુખદ અનુભૂતિ થઈ રહી છે. અહીં કલા, સંગીત અને નૃત્યના મનોહર પ્રદર્શન સાથે, વૈદિક મંત્રોના પવિત્ર જાપ સાથે, ગર્ભગૃહમાં 'શિવપંચક્ષરી' ના સતત પાઠ સાથે અને સમુદ્રના મોજાઓના ગૂંજતા જયઘોષ સાથે - એવું લાગે છે કે જાણે આખું બ્રહ્માંડ એક સૂરમાં બોલી રહ્યું છે,જય સોમનાથ!'

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સોમનાથ મંદિરના અમૃત પર્વ નિમિત્તે ૭૫ રૂપિયાનો સ્મારક સિક્કો જાહેર કર્યો છે. આ વિશેષ સિક્કાની વિશેષતાઓ પર નજર કરીએ તો, રૂ.૭૫ નો આ સિક્કો ગોળાકાર હશે અને તેનો વ્યાસ ૪૪ મિલીમીટર રાખવામાં આવ્યો છે. આ સિક્કો ૯૯.૯ ટકા શુદ્ધ ચાંદીમાંથી બનાવવામાં આવશે અને તેનું વજન ૪૦ ગ્રામ નિર્ધારિત કરવામાં આવ્યું છે. સિક્કાની ડિઝાઈનમાં ખૂબ જ કાળજી રાખવામાં આવી છે; તેની આગળની બાજુએ મધ્યમાં અશોક સ્તંભની આકૃતિ અને નીચે 'સત્યમેવ જયતે' લખેલું હશે. સિક્કાની પાછળની બાજુએ સોમનાથ મંદિરની ભવ્ય આકૃતિ છે. વડાપ્રધાન મોદી કુંભાભિષેક વિધિ બાદ સોમનાથમાં વિશેષ પૂજામાં સહભાગી થયા હતા. હવે તેઓ બપોરે જાહેર સભાને સંબોધશે. કુંભાભિષેક દરમિયાન મંદિરના શિખર પર ૧૧ પવિત્ર તીર્થના જળથી ઐતિહાસિક કુંભાભિષેક કર્યા બાદ ધ્વાજારોહણ કરવામાં આવ્યું હતું.

## પીએમ મોદીના ભવ્ય રોડ શોમાં જુનિયર બચ્ચને આકર્ષણ જમાવ્યું

ગીર સોમનાથ, તા.૧૧

જ્યારે પણ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ગુજરાતની મુલાકાતે હોય છે, ત્યારે જનતાનો ઉત્સાહ ચરમસીમાએ હોય છે. હાલમાં જ સોમનાથની ભૂમિ પર જ્યારે પ્રધાનમંત્રી પધાર્યા, ત્યારે તેમને આવકારવા માટે માત્ર સ્થાનિકો જ નહીં પરંતુ દૂર-દૂરથી તેમના પ્રશંસકો ઉમટી પડ્યા હતા. આ ભીડમાં આકર્ષણનું કેન્દ્ર બન્યા હતા ભાવનગરના વતની અને 'જુનિયર બચ્ચન' તરીકે જાણીતા કલાકાર પિનાકીન ગોહિલ, જેઓ પ્રધાનમંત્રી પ્રત્યે પોતાનો આદર વ્યક્ત કરવા ખાસ સોમનાથ પહોંચ્યા હતા.

### સહયોગી થયા નારાજ

# શપથ ગ્રહણના એક દિવસ બાદ જ તમિલનાડુની વિજય સરકારમાં માથાકૂટ

ચેન્નઈ, તા.૧૧

તમિલનાડુમાં નવી સરકારની રચનાના ગણતરીના કલાકોમાં જ મુખ્યમંત્રી વિજય અને તેમના સહયોગી પક્ષ VCK વચ્ચે મતભેદો સપાટી પર આવ્યા છે. શપથ ગ્રહણ સમારોહમાં ગીતોના ક્રમ અને રાજ્યના દેવા અંગેના મુખ્યમંત્રીના નિવેદનથી સહયોગી પક્ષના વડા થૌલ થિરુમાવલવન નારાજ દેખાઈ રહ્યા છે.

થિરુમાવલવને શપથ ગ્રહણ સમારોહમાં પરંપરાના ઉલ્લંઘનનો આરોપ લગાવ્યો છે. તેમણે જણાવ્યું કે, તમિલનાડુના સરકારી કાર્યક્રમોમાં રાજ્ય ગીત તમિલ થાઈ વલથુ સૌથી પહેલા ગાવાની પરંપરા છે. પરંતુ વિજયના સમારોહમાં સૌથી પહેલા વંદે માતરમ વગાડવામાં આવ્યું, ત્યારબાદ રાષ્ટ્રગીત અને અંતે તમિલ રાજ્ય ગીત વગાડાયું. VCK પ્રમુખે સવાલ કર્યો કે, શું આ નિર્ણય ગવર્નરને ખુશ કરવા માટે લેવામાં આવ્યો હતો? થિરુમાવલવને TVK ની વિચારધારા પર શંકા વ્યક્ત કરતા કહ્યું કે, વંદે માતરમ જેવા ગીતને, જેના પર ઘણીવાર ધાર્મિક રંગના આરોપો લાગે છે, તેને તમિલ ગીત કરતા વધુ મહત્ત્વ આપવું તે ચિંતાજનક છે. તેમણે મુખ્યમંત્રી પાસે સ્પષ્ટતા માંગી છે કે શું ભવિષ્યમાં પણ તમિલ રાજ્ય ગીતના સન્માન સાથે આવી જ રીતે બાંધછોડ કરવામાં આવશે?

મુખ્યમંત્રી વિજયે પદ સંભાળતા જ કહ્યું હતું કે અગાઉની સરકાર તમિલનાડુ પર રૂ.૧૦ લાખ કરોડનું દેવું મૂકી ગઈ છે. આ બાબતે પણ VCK એ વિરોધ નોંધાવતા કહ્યું કે, ફક્ત આંકડા બતાવીને લોકોમાં ડર પેદા કરવો જોઈએ નહીં. દેવાનું મૂલ્યાંકન હંમેશા રાજ્યના જીડીપી (GSDP) ના ગુણોત્તરમાં થવું જોઈએ અને તમિલનાડુનું દેવું હજુ પણ મર્યાદામાં છે.

જોકે, VCK એ વિજય સરકારના ત્રણ મહત્વના નિર્ણયો - નશામુક્તિ, મહિલા સુરક્ષા અને ૨૦૦ યુનિટ મફત વીજળીનું સ્વાગત કર્યું છે.

## પત્નીને બદનામ કરવા પતિએ ફોટા નીચે અભદ્ર લખાણ લખી પોસ્ટ વાયરલ કરી

અમદાવાદ, તા.૧૧

વ્યવસાય બાબતે પતિ સાથે વિવાદ થતાં, પત્ની પતિનો ત્યાગ કરીને છેલ્લા કેટલાક સમયથી સંતાનો સાથે ઓઢવ વિસ્તારમાં રહેવા આવી ગઈ હતી. યુવતી સામાન્ય કામકાજ કરીને આજીવિકા મેળવતી હતી. તેવામાં તાજેતરમાં જ પરિણીતાના પતિએ પત્નીને લાંછન લગાડવા માટે કાવતરું રચ્યું હતું. તેણે પોતાના સોશિયલ મીડિયા એકાઉન્ટ પર પત્નીની છબી મૂકી તેની નીચે અભદ્ર લખાણ લખીને પોસ્ટ કરી હતી. આ ઉપરાંત પત્નીની અન્ય મહિલા મિત્રોને પણ આવી વિગતો (રીલ્સ) મોકલી હતી. અંતે પત્નીએ તેના પતિ વિરુદ્ધ પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.શહેરના ઓઢવ વિસ્તારમાં ૩૬ વર્ષીય પરિણીતા સંતાનો સાથે રહે છે અને પાન-પાર્લરની લારી ચલાવીને પોતાનું તથા સંતાનોનું ભરણપોષણ કરે છે. પતિ સાથે વ્યવસાય બાબતે ઘર્ષણ થતાં આ યુવતી રાજસ્થાનથી ઓઢવમાં રહેવા આવી હતી.

### શશી થરૂરનો ચોંકાવનારો દાવો, ગણિત પણ સમજાવ્યું

# SIRથી ભાજપને બંગાળ અને કોંગ્રેસને કેરલમમાં ફાયદો થયો

નવી દિલ્હી, તા.૧૧

પશ્ચિમ બંગાળ વિધાનસભા ચૂંટણી ૨૦૨૬ના પરિણામોએ દેશભરમાં ચર્ચા જગાવી છે. આ દરમિયાન કોંગ્રેસના વરિષ્ઠ નેતા શશિ થરૂરે એક ચોંકાવનારો દાવો કરીને ખળભળાટ મચાવી દીધો છે. થરૂરના જણાવ્યા અનુસાર, બંગાળમાં જે રીતે મોટા પાયે મતદાર યાદીમાંથી નામો કાઢી નાખવામાં આવ્યા, તેનાથી ચૂંટણી પરિણામો પ્રભાવિત થયા હોઈ શકે છે.

સ્ટેનફોર્ડ ઈન્ડિયા કોન્ફરન્સમાં બોલતા શશિ થરૂરે જણાવ્યું હતું કે, બંગાળમાં SIR પ્રક્રિયા હેઠળ લગભગ ૯૧ લાખ લોકોના નામ મતદાર યાદીમાંથી હટાવી દેવામાં આવ્યા હતા. જે પૈકી ૩૪ લાખ લોકોએ સત્તાવાર રીતે અપીલ દાખલ કરી હતી કે, તેઓ જીવિત છે અને સાચા મતદારો છે. નિયમ મુજબ દરેક કેસની અલગ તપાસ થવી જોઈએ, પરંતુ મતદાન પહેલા માત્ર ગણતરીના કેસોનો જ નિકાલ થઈ શક્યો. આજે પણ લગભગ ૩૧-૩૨ લાખ લોકો એવા છે જેમની સુનાવણી પેન્ડિંગ છે. આ લોકો કદાચ ભવિષ્યમાં સાચા મતદારો સાબિત થશે, પણ તેઓ ૨૦૨૬ની ઐતિહાસિક ચૂંટણીમાં વોટ આપવાની તક ગુમાવી ચૂક્યા છે.

શશિ થરૂરે ભાજપની જીત અને બાકી રહેલી અપીલો વચ્ચે સીધો સંબંધ જોડતા સવાલ ઉઠાવ્યો હતો. બંગાળમાં ભાજપની જીતનું અંતર લગભગ ૩૦ લાખ મતો છે, અને જે મતદારોની અપીલ વણઉકેલાયેલી રહી છે તેમની સંખ્યા પણ ૩૪ લાખ છે. શું આ પ્રક્રિયા સંપૂર્ણપણે નિષ્પક્ષ અને લોકશાહી કહી શકાય? તેવો શશિ થરૂરે સવાલ ઉઠાવ્યો હતો. નોંધનીય છે કે ૨૦૨૬ની ચૂંટણીમાં પશ્ચિમ બંગાળમાં ભાજપે ૨૦૭ બેઠકો સાથે પ્રચંડ વિજય મેળવીને મમતા બેનર્જીના ૧૫ વર્ષના શાસનનો અંત આણ્યો છે, જ્યારે TMCને માત્ર ૮૦ બેઠકો મળી છે.

થરૂરે પશ્ચિમ બંગાળની સરખામણી કેરળ સાથે પણ કરી હતી. તેમણે દાવો કર્યો કે કેરળમાં ડુપ્લિકેટ મતદારોના નામ હટાવવાથી કોંગ્રેસ (UDF) ને ફાયદો થયો છે. થરૂરે આક્ષેપ કર્યો કે, કેરળમાં સત્તાધારી પક્ષ લાંબા સમયથી એક જ વ્યક્તિના નામ ચાર અલગ-અલગ બૂથ પર નોંધણી કરાવવાની પ્રક્રિયામાં માહેર હતો. આ વખતે કેરળમાં કોંગ્રેસે શાનદાર પ્રદર્શન કરતા ૬૩ બેઠકો જીતી છે, જ્યારે ભાજપને ૩ બેઠકો મળી છે. કેરળ અને તમિલનાડુમાં મતદાર યાદીમાંથી નામ હટાવવા સામે બહુ ઓછી અપીલો આવી હતી, જે બંગાળ કરતા સાવ વિપરીત સ્થિતિ દર્શાવે છે.

શશિ થરૂરના મતે કેરળમાં UDFની જીત માત્ર રાજ્ય પૂરતી મર્યાદિત નથી, પરંતુ તે રાષ્ટ્રીય સ્તરે INDIA Blocની રણનીતિ અને ભવિષ્યની દિશા નક્કી કરવામાં મહત્વની ભૂમિકા ભજવશે. જોકે, બંગાળમાં જે રીતે મતદારોના નામની અનિશ્ચિતતા વચ્ચે સત્તા પરિવર્તન થયું છે, તે આવનારા દિવસોમાં મોટો કાયદાકીય અને રાજકીય વિવાદ બની શકે છે.

## વાપીના આકાશ એજ્યુકેશનલના વિદ્યાર્થીઓએ GUJ-CET 2026 માં પરફેક્ટ સ્કોર્સ સાથે ટોચનો ક્રમ મેળવ્યો

આકાશ એજ્યુકેશનલ સર્વિસીસ લિમિટેડ (AESL) એ GUJ-CET 2026 ના પરિણામોમાં મજબૂત પ્રદર્શન નોંધાવ્યુંછે, જેમાંતેના વાપી સેન્ટરના વિદ્યાર્થીઓએ સંપૂર્ણ સ્કોર સાથે ગુજરાતમાં ટોચનો ક્રમ મેળવ્યો છે.

વાપી બ્રાન્ચમાં છઈજીન્ના ૨-વર્ષના વર્ગખંડના વિદ્યાર્થીઓ, અગસ્ત્ય દેસાઈ અને રુશીલ મહેતા, બંનેએ ગુજરાતમાં ૧૨૦માંથી ૧૨૦ પરફેક્શન મેળવ્યા છે અને પ્રથમ આવ્યા છે.

આ વિદ્યાર્થીઓ આ સેન્ટરની સતત સફળતા અને AESL ના વ્યવસ્થિત શૈક્ષણિક અભિગમ અને સઘન તૈયારી માળખાનું પ્રતિનિધિત્વ કરે છે, જે બંને આ સફળતાઓ તરફ દોરી ગયા છે.

પરિણામો પર ટિપ્પણી કરતા, છઈજીન્ ના ચીફ એકેડેમિક અને બિઝનેસ હેડ ડૉ. HR રાવે જણાવ્યું હતું કે, "આ પરિણામોના સૌથી નોંધપાત્ર પાસાંઓમાંનું એક એ હતું કે વિદ્યાર્થીઓએ તેમના કાર્યમાં આટલા ઉચ્ચ સ્તરની શિસ્ત અને સુસંગતતા કેવી રીતે દર્શાવી. ઘણા વિદ્યાર્થીઓ માટે ઉચ્ચ ગુણ પ્રાપ્ત કરવા મહત્વપૂર્ણ છે; જોકે, પરીક્ષા આપતી વખતે સ્પષ્ટતાની પણ નોંધપાત્ર જરૂરિયાત રહી છે. આજની ઘણી સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં ઉમેદવારોને સામગ્રીને સ્પષ્ટ રીતે સમજવા, સમયનું અસરકારક રીતે સંચાલન કરવા અને ભારે દબાણ હેઠળ પ્રદર્શન કરવા સક્ષમ બનવાની જરૂર પડે છે. બધા વિદ્યાર્થીઓએ ઉપરોક્ત શક્તિઓ દર્શાવી છે અને, એક સંગઠન તરીકે, અમે આ વિદ્યાર્થીઓને સફળતા પ્રાપ્ત કરવામાં મદદ કરવામાં ભૂમિકા ભજવવાનો ગૌરવ અનુભવીએ છીએ."

GUJ-CET (ગુજરાત કોમન એન્ટ્રન્સ ટેસ્ટ) એ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ (GSEB) દ્વારા એન્જિનિયરિંગ અને ફાર્મસી કાર્યક્રમોમાં પ્રવેશ માટે લેવામાં આવતી રાજ્ય-સ્તરીય પ્રવેશ પરીક્ષા છે. આ પરીક્ષા ભૌતિકશાસ્ત્ર, રસાયણશાસ્ત્ર અને ગણિત/જીવવિજ્ઞાન સહિતના મુખ્ય વિષયોમાં વિદ્યાર્થીઓનું મૂલ્યાંકન કરે છે, જે રાજ્યમાં ટેકનિકલ શિક્ષણ મેળવતા વિદ્યાર્થીઓ માટે એક મુખ્ય સીમાચિહ્નરૂપ બનાવે છે.

# ગાંધીનગરમાં GRIHA રિજનલ કોન્ક્લેવના આયોજન સાથે ગુજરાતે ટકાઉ ભવિષ્ય માટે પ્રતિબદ્ધતા દર્શાવી




ભારતની નેશનલ ગ્રીન બિલ્ડિંગ રેટિંગ ગણાતી ર્ડેંઊેંછ કાઉન્સિલે આજે ગાંધીનગર સ્થિત ધ લીલા ખાતે 'હર્હદ્દૃર્ી છષ્ઠં ર્કિ ઝ્રઙ્મૈદ્બટ્ઠી ઇીજૈઙ્મૈીહં ઉર્ઙ્મિઙ્ઘ' થીમ હેઠળ ૧૧મી ર્ડેંઊેંછ રિજનલ કોન્ક્લેવનું આયોજન કર્યું હતું. કોન્ક્લેવ્સની સિરીઝમાં આ ૧૧મી કોન્ક્લેવ હતી જેનો હેતુ નવીનતમ અને અમલમાં મૂકી શકાય તેવી એ પ્રકારની વ્યૂહરચનાઓ માટે એક પ્લેટફોર્મ પૂરું પાડવાનો હતો, જે આબોહવા સંબંધિત મહત્વાકાંક્ષાઓને વાસ્તવિક પરિણામોમાં ફેરવી શકે.આ કોન્ક્લેવમાં સરકાર, ઉદ્યોગ, આર્કિટેક્ચર, એન્જિનિયરિંગ, શિક્ષણક્ષેત્ર અને શહેરી આયોજન સાથે સંકળાયેલા પ્રતિનિધિઓએ ભાગ લીધો હતો, જેથી ગુજરાતમાં ટકાઉ અને આબોહવા-પ્રતિરોધક ઈન્ફ્રાસ્ટ્રક્ચર માટે પ્રદેશ-કેન્દ્રિત એજન્ડાને આગળ વધારી શકાય.

કોન્ક્લેવનું ઉદ્ઘાટન ગુજરાત સરકારના વન અને પર્યાવરણ, આબોહવા પરિવર્તન અને પરિવહન રાજ્યપ્રધાન શ્રી પ્રવીણ ગોરધનજી માલીએ કર્યું હતું.તેમણે જણાવ્યું હતું કે, "ગુજરાતે ક્યારેય ટકાઉપણાને વિકાસ આડેના અવરોધ તરીકે જોયું નથી, પરંતુ તેને લાંબા ગાળાના વિકાસના પાયા તરીકે જોયું છે. એક રાજ્ય તરીકે અમે લાંબા સમયથી એ સમજ્યા છે કે શાસન એ પડકારની પાછળ નહીં પરંતુ તેનાથી આગળ હોવું જોઈએ. ગુજરાત કોમનવેલ્થ ગેમ્સ ૨૦૩૦ના આયોજન માટે તૈયારી કરી રહ્યું છે અને ભારતના સૌથી મહત્વાકાંક્ષી ઈન્ફ્રાસ્ટ્રક્ચર કાર્યક્રમો પૈકીના કેટલાક કાર્યક્રમોમાં આગળ વધી રહ્યું છે ત્યારે આપણે એ સુનિશ્ચિત કરવું પડશે કે આપણે જે પણ પ્રોજેક્ટ બનાવીએ તે આપણી આબોહવા પ્રતિબદ્ધતાઓનું પ્રતિબિંબ પાડે. ભવિષ્યનો માર્ગ સ્પષ્ટ છેઃ ગુજરાત વિકાસ કરશે અને ગુજરાત હરિયાળો વિકાસ કરશે."

ગુજરાત સરકારના માર્ગ અને મકાન વિભાગના વિશેષ સચિવ શ્રી જે. એ. ગાંધી (આઈ.સી.) એ મુખ્ય પ્રવચન આપ્યું હતું. તેમણે જણાવ્યું હતું કે, "અમે આજે જે મકાનો અને ઈન્ફ્રાસ્ટ્રક્ચરને મંજૂરી આપીએ છીએ તે આગામી ૫૦ વર્ષ કે તેનાથી પણ વધુ સમય માટે ટકી રહેશે. તેથી આપણે ગ્રીન સ્ટાન્ડર્ડ્સને મહત્વાકાંક્ષી ઉમેરા તરીકે જ જોઈ શકીએ નહીં. તે આપણી દેખરેખ હેઠળના દરેક પ્રોજેક્ટની મૂળભૂત ભાષા બનવી જોઈએ. માર્ગ અને મકાન વિભાગ એ સુનિશ્ચિત કરવા પ્રતિબદ્ધ છે કે કોમનવેલ્થ ગેમ્સ ૨૦૩૦ માટે ગુજરાત જે ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઊભું કરી રહ્યું છે તે કેવળ કાર્યક્ષમતાના ધોરણો જ નહીં પરંતુ પર્યાવરણના ધોરણોને પણ પૂરા કરે. કોઈપણ રાજ્યના સૌથી મોટા નિર્માતા તરીકે સરકારે આ મામલે ઉદાહરણ પૂરું પાડવું જોઈએ અને ગુજરાત આ દિશામાં કામ કરવા માટે પ્રતિબદ્ધ છે."

કોન્ક્લેવ દરમિયાન ગુજરાતના ટકાઉ વિકાસના વિવિધ પાસાં પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું. તેમાં ગાંધીનગર અને અમદાવાદમાં યોજાનારી કોમનવેલ્થ ગેમ્સ ૨૦૩૦ માટે ઊભા થનારા ઈન્ફ્રાસ્ટ્રક્ચરને ગ્રીન અને લૉ-કાર્બન ડેવલપમેન્ટ માટે ગ્લોબલ બેન્ચમાર્ક સ્થાપવાથી માંડીને રોજબરોજની ઈમારતો અને જાહેર સ્થળોમાં સમાવેશક અને સૌના માટે સુલભ હોય તેવી ડિઝાઈનનો સમાવેશ કરવો તેમજ વિવિધ હિતધારકો વચ્ચે સંવાદનું આયોજન જેવા મુદ્દાઓનો સમાવેશ થયો હતો. પેનલ ચર્ચાઓ દરમિયાન વરિષ્ઠ મહાનુભાવોએ રજૂ કરેલા મુદ્દાઓના આધારે આ સંવાદમાં ગિફ્ટ સિટી, ધોલેરા એસઆઈઆર, દિલ્હી-મુંબઈ ઈન્ડસ્ટ્રીયલ કોરિડોર, મોટા પોર્ટ વિસ્તરણ અને વિસ્તરતા હાઈવે નેટવર્ક જેવા ગુજરાતના મહત્વાકાંક્ષી કાર્યક્રમોમાં ટકાઉ પ્રથાઓને મુખ્ય પ્રવાહમાં લાવવા માટે શું જરૂરી રહેશે તે અંગે વિશેષ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું.

## ફિઝિક્સવાલાની વિદ્યાર્થિની આર્તિકા દિલીપભાઈ જાદવ ધો.૧૦ બોર્ડમાં ૯૯.૯૮ પર્સન્ટાઈલ સાથે ગુજરાતના ટોપર્સમાં સામેલ

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આ અઠવાડિયે ધોરણ ૧૦ (SSC) બોર્ડનું પરિણામ જાહેર કરવામાં આવ્યું હતું. આણંદની રહેવાસી અને ફિઝિક્સવાલા (PW) ની વિદ્યાર્થિની આર્તિકા દિલીપભાઈ જાદવે ૯૯.૯૮ પર્સન્ટાઈલ મેળવીને ટોપર્સમાં સ્થાન મેળવ્યું છે.

તેણે વિજ્ઞાન, ગણિત અને સંસ્કૃત જેવા વિષયોમાં સંપૂર્ણ ગુણ (Perfect scores) મેળવ્યા છે, જે વિષયો પરની તેની પકડ અને સાતત્યપૂર્ણ તૈયારી દર્શાવે છે. શાળાના અભ્યાસની સાથે આર્તિકા PW ની 'ઉડાન' (Udaan) બેચમાં જોડાયેલી હતી. પોતાની તૈયારી દરમિયાન તેણે યુટ્યુબ પર ઉ ના ગુજરાતી લેક્ચર્સ જોવાનું પણ શરૂ કર્યું હતું, જેણે તેને વિષયોની સ્પષ્ટતા અને પરીક્ષા માટે આત્મવિશ્વાસ વધારવામાં મદદ કરી હતી.

પરિણામો વિશે વાત કરતા ફિઝિક્સવાલા (PW) ના શિક્ષક અને ફાઉન્ડર અલખ પાંડેએ જણાવ્યું હતું કે, "આર્તિકાની સિદ્ધિ એ વિદ્યાર્થીઓની રોજિંદી મહેનત અને સમર્પણનું પ્રતિબિંબ છે. જ્યારે વિદ્યાર્થીઓ પોતાની અનુકૂળ ભાષામાં શીખે છે, ત્યારે તે તેમનો આત્મવિશ્વાસ વધારવામાં અને વિષયોની ઊંડી સમજ કેળવવામાં મદદ કરે છે. અમારો પ્રયાસ હંમેશા વિદ્યાર્થીઓને યોગ્ય માર્ગદર્શન અને સુલભ શિક્ષણ આપીને તેમના સપના પૂરા કરવામાં મદદરૂપ થવાનો રહ્યો છે."

આ પરીક્ષાઓમાં PW ગુજરાતીના અન્ય ઘણા વિદ્યાર્થીઓએ પણ શાનદાર પ્રદર્શન કર્યું છે. ૯૦ થી વધુ વિદ્યાર્થીઓએ ૯૦ થી વધુ પર્સન્ટાઈલ મેળવ્યા છે, જ્યારે ૨૦ થી વધુ વિદ્યાર્થીઓએ વિજ્ઞાન, સામાજિક વિજ્ઞાન અને ગણિતમાં સંપૂર્ણ ગુણ મેળવીને વિષયવાર ઉત્કૃષ્ટ દેખાવ કર્યો છે.

પોતાની આ સફળતા વિશે વાત કરતા આર્તિકાએ જણાવ્યું હતું કે, "PW ગુજરાતી સાથે મારી માતૃભાષામાં અભ્યાસ કરવાથી મને વિષયો વધુ સ્પષ્ટ રીતે સમજવામાં મદદ મળી અને શિક્ષણ ઓછું તણાવપૂર્ણ લાગ્યું. નિયમિત ટેસ્ટ, પ્રેક્ટિસ સેશન્સ અને ફેકલ્ટીના માર્ગદર્શને મારો આત્મવિશ્વાસ વધાર્યો અને મને આખા વર્ષ દરમિયાન અભ્યાસ પર ધ્યાન કેન્દ્રિત કરવામાં મદદ કરી."

# સુરક્ષા, સેવા અને સમર્પણ: RPF અમદાવાદ મંડળની વર્ષ ૨૦૨૫-૨૬ની નોંધપાત્ર સિદ્ધિઓ







પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળનું રેલવે સુરક્ષા દળ (RPF) મુસાફરોની સુરક્ષા, રેલવે સંપત્તિની રક્ષા તથા સ્ટેશનો પર સુરક્ષિત વાતાવરણ જાળવવા માટે સંપૂર્ણ નિષ્ઠા અને સમર્પણ સાથે કાર્ય કરી રહ્યું છે? અમદાવાદ મંડળના રેલવે સુરક્ષા દળ (RPF) એ નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ દરમિયાન સુરક્ષા, ગુનાઓ પર નિયંત્રણ, મુસાફર સહાયતા તથા માનવતાવાદી સેવાઓના ક્ષેત્રમાં ઉત્તમ કામગીરી કરીને અનેક નોંધપાત્ર સિદ્ધિઓ હાંસલ કરી છે. રેલવે સુરક્ષા દળે મુસાફરોની સુરક્ષા સુનિશ્ચિત કરવા, રેલવે સંપત્તિની રક્ષા કરવા તથા રેલવે પરિસરોમાં ગુનાઓ પર અસરકારક નિયંત્રણ જાળવવા માટે સતત સતર્કતા અને સક્રિયતા સાથે કામગીરી કરી છે. સાથે જ RPF કર્મચારીઓએ માનવતાની ભાવના દર્શાવતા જરૂરિયાતમંદ મુસાફરો, બાળકો તથા મહિલાઓને સહાય કરીને પોતાની સામાજિક જવાબદારીનું પણ સફળતાપૂર્વક નિર્વહન કર્યું છે

⌅ રેલવે અધિનિયમ હેઠળ અસરકારક કાર્યવાહી

નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ દરમિયાન RPF અમદાવાદ મંડળ દ્વારા રેલવે અધિનિયમની વિવિધ કલમો હેઠળ કુલ ૨૯,૨૭૬ કેસ નોંધવામાં આવ્યા હતા. આ કેસોમાં અસરકારક કાર્યવાહી કરતાં ?૪૦ લાખનો દંડ વસૂલવામાં આવ્યો હતો. આ કાર્યવાહી રેલવે પરિસરોમાં શિસ્ત જાળવવા, ગેરકાયદેસર પ્રવૃત્તિઓ પર નિયંત્રણ લાવવા તથા મુસાફરોમાં નિયમો પ્રત્યે જાગૃતિ વધારવા માટે મહત્વપૂર્ણ પગલું સાબિત થઈ છે

⌅ ઓપરેશન અમાનત હેઠળ મુસાફરોને પરત અપાયો ખોવાયેલો સામાન

ઓપરેશન અમાનત હેઠળ મુસાફરોને પરત અપાયો ખોવાયેલો સામાન

મુસાફરો દ્વારા રેલવે સ્ટેશન અથવા ટ્રેનોમાં ભૂલથી છૂટી ગયેલા અથવા ખોવાયેલા સામાનને શોધીને તેના વાસ્તવિક માલિક સુધી પહોંચાડવાના હેતુથી ચલાવવામાં આવતા "ઓપરેશન અમાનત" હેઠળ RPF અમદાવાદ મંડળે નોંધપાત્ર સફળતા મેળવી છે. આ દરમિયાન ?૧,૫૮,૫૧,૨૮૬/- કિંમતના ૪૬૨ લાવારિસ અથવા ખોવાયેલા સામાનની પુનઃપ્રાપ્તિ કરવામાં આવી હતી અને જરૂરી ચકાસણી બાદ તે તેમના વાસ્તવિક માલિકોને પરત સોંપવામાં આવ્યા હતા

⌅ ઓપરેશન નન્હે ફરિશ્તેઃ માનવતાવાદી સેવાનું ઉત્તમ ઉદાહરણ

RPF દ્વારા ચલાવવામાં આવી રહેલા "ઓપરેશન નન્હે ફરિશ્તે" હેઠળ રેલવે સ્ટેશન તથા ટ્રેનોમાં ભટકી ગયેલા, ગુમ થયેલા અથવા અસહાય બાળકો અને જરૂરિયાતમંદ વ્યક્તિઓને સહાય આપવામાં આવી હતી. આ અભિયાન હેઠળ ૧૨૧ બાળકો તેમજ ૨૩ પુરુષો અને મહિલાઓને સુરક્ષિત રીતે બચાવી તેમના પરિવારજનો, ચાઈલ્ડ લાઈન અથવા સંબંધિત પોલીસ અધિકારીઓને સોંપવામાં આવ્યા હતા.

⌅ ઓપરેશન રેલ સુરક્ષા હેઠળ મોટી સફળતા

રેલવે સંપત્તિ (ગેરકાયદેસર કબજો) અધિનિયમ [RP(UP) Act] હેઠળ નોંધાયેલા ૪૯ કેસોમાંથી ૪૬ કેસોનું સફળતાપૂર્વક નિરાકરણ કરવામાં આવ્યું હતું? આ કેસોમાં રેલવે સંપત્તિની ચોરી, ગેરકાયદેસર કબજો તથા તસ્કરી જેવી પ્રવૃત્તિઓમાં સંડોવાયેલા ૧૧૪ બાહ્ય વ્યક્તિઓની ધરપકડ કરવામાં આવી હતી? RPFની સતર્કતા અને ત્વરિત કાર્યવાહીથી રેલવે સંપત્તિની સુરક્ષા સુનિશ્ચિત થઈ તેમજ સંગઠિત ગુનાઓ પર અસરકારક નિયંત્રણ મૂકી શકાયું હતું

⌅ ઓપરેશન યાત્રી સુરક્ષા દ્વારા ગુનેગારો પર કડક કાર્યવાહી

મુસાફરોના સામાનની ચોરી (TOPB) સંબંધિત ૪૯ આરોપીઓની ધરપકડ કરીને તેમને GRPને સોંપવામાં આવ્યા હતા. ઉપરાંત ભારતીય ન્યાય સંહિતા (BNS)ની વિવિધ કલમો હેઠળ ૭૩ આરોપીઓની ધરપકડ કરીને આગળની કાનૂની કાર્યવાહી માટે ર્ઁને હવાલે કરવામાં આવ્યા હતા. આ કાર્યવાહી રેલવે સ્ટેશનો અને ટ્રેનોમાં મુસાફરોની સુરક્ષા સુનિશ્ચિત કરવા તથા ગુનેગારોમાં ભયનું વાતાવરણ ઉભું કરવાની દિશામાં મહત્વપૂર્ણ સાબિત થઈ હતી

⌅ UTI કેસોમાં નોંધપાત્ર ઘટાડો

RPF અમદાવાદ મંડળ દ્વારા ચલાવવામાં આવેલા વિશેષ જાગૃતિ અભિયાન અને નિયમિત તપાસ અભિયાનના સકારાત્મક પરિણામો સામે આવ્યા છે. નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ની તુલનામાં નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ દરમિયાન આકસ્મિક ઘટના (UTI)ના કેસોમાં ૩૩ ટકા ઘટાડો નોંધાયો છે

⌅ ઓપરેશન સતર્ક હેઠળ ગેરકાયદેસર દારૂની તસ્કરી વિરુદ્ધ કાર્યવાહી

ગેરકાયદેસર દારૂની તસ્કરી અને પરિવહન વિરુદ્ધ ચલાવવામાં આવેલા "ઓપરેશન સતર્ક" હેઠળ ૧૨૫ કેસોનો ભેદ ઉકેલવામાં આવ્યો હતો. આ કેસોમાં ?૧૨,૯૦,૯૬૩/- કિંમતનો ગેરકાયદેસર દારૂ જપ્ત કરવામાં આવ્યો હતો તેમજ ૧૦૨ વ્યક્તિઓની ધરપકડ કરીને આગળની કાર્યવાહી માટે GRPને સોંપવામાં આવ્યા હતા. આ કાર્યવાહી મુખ્યત્વે અમદાવાદ, સાબરમતી અને કાંકરિયા યાર્ડ સ્ટેશનો પર કરવામાં આવી હતી. RPFની આ કાર્યવાહીથી રેલવે માર્ગો મારફતે થતી ગેરકાયદેસર પ્રવૃત્તિઓ પર અસરકારક નિયંત્રણ સ્થાપિત થયું છે

⌅ ઓપરેશન નાર્કોસ હેઠળ નશીલા પદાર્થોની તસ્કરી પર રોક

RPF અમદાવાદ મંડળે નશીલા પદાર્થોની તસ્કરી વિરુદ્ધ પણ કડક કાર્યવાહી કરતાં "ઓપરેશન નાર્કોસ" હેઠળ ૪ કેસોનો ભેદ ઉકેલ્યો હતો? આ કેસોમાં ?૪,૩૫,૩૧૦/- કિંમતના નાર્કોટિક્સ જપ્ત કરવામાં આવ્યા હતા તેમજ ૨ તસ્કરોની ધરપકડ કરવામાં આવી હતી. આ કાર્યવાહી રેલવે પરિસરોને નશામુક્ત અને સુરક્ષિત બનાવવા માટે મહત્વપૂર્ણ સાબિત થઈ છે

⌅ ઓપરેશન જીવન રક્ષા હેઠળ બચાવવામાં આવેલા જીવો

RPF કર્મચારીઓએ સતર્કતા અને ત્વરિત પ્રતિસાદનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડતાં પ્લેટફોર્મ ગેપ, ચાલતી ટ્રેન અથવા અન્ય અકસ્માતજન્ય પરિસ્થિતિમાં ફસાયેલા ૧૧ પુરુષો અને મહિલાઓના જીવ બચાવ્યા હતા. "ઓપરેશન જીવન રક્ષા" હેઠળ કરવામાં આવેલા આ સાહસિક કાર્યો RPFની તત્પરતા તેમજ માનવ જીવન પ્રત્યેની તેની પ્રતિબદ્ધતાને દર્શાવે છે

⌅ રેલ મદદ ફરિયાદોનું ત્વરિત નિરાકરણ

રેલ મદદ (Rail Madad) પોર્ટલ પર નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ દરમિયાન સુરક્ષા સંબંધિત કુલ ૧,૯૧૮ ફરિયાદો પ્રાપ્ત થઈ હતી. RPF અમદાવાદ મંડળ દ્વારા તમામ ફરિયાદોનું ૧૦૦ ટકા નિરાકરણ સુનિશ્ચિત કરવામાં આવ્યું હતું. ફરિયાદોના નિરાકરણનો સરેરાશ સમય માત્ર ૬ મિનિટ રહ્યો હતો, જે RPFની ત્વરિત કાર્યશૈલી અને કાર્યક્ષમતાને દર્શાવે છે. નોંધનીય છે કે ૯૨.૮૫ ટકા મુસાફરોએ RPF દ્વારા આપવામાં આવેલી સહાય અને કાર્યવાહી ને ઉત્તમ અથવા સંતોષકારક ગણાવી હતી

⌅ વોરંટ અમલીકરણમાં ઉત્તમ પ્રદર્શન

RA અને RP(UP) Act સંબંધિત જારી કરાયેલા ૧૧૩ વોરંટમાંથી ૯૫ વોરંટનું સફળ અમલીકરણ RPF અમદાવાદ દ્વારા કરવામાં આવ્યું હતું. આ સિદ્ધિ ગુનેગારો વિરુદ્ધ અસરકારક કાનૂની કાર્યવાહી તથા કાયદો અને વ્યવસ્થા જાળવવા પ્રત્યે RPFની પ્રતિબદ્ધતાને દર્શાવે છે.

RPF અમદાવાદ મંડળની આ ઉપલબ્ધિઓ દર્શાવે છે કે રેલવે સુરક્ષા દળ માત્ર મુસાફરો અને રેલવે સંપત્તિની સુરક્ષા માટે જ પ્રતિબદ્ધ નથી, પરંતુ માનવતાવાદી સેવા, ત્વરિત સહાય અને સામાજિક જવાબદારીના ક્ષેત્રમાં પણ ઉત્તમ કાર્ય કરી રહ્યું છે. મુસાફરોની સુરક્ષા અને સુવિધા સુનિશ્ચિત કરવા માટે RPF ભવિષ્યમાં પણ આ જ રીતે સતર્કતા અને સમર્પણ સાથે કાર્ય કરતી રહેશે.

પ્રભાત

# તેલના રાજકારણ પાછળ વર્ચસ્વની લડાઇ

ઇરાન યુધ્ધની અનિશ્ચિતતા, ગ્લોબલ એનર્જી માર્કેટનું સંકટ તથા અબૂધાબીની ઓપેકથી છલાંગ આ બધી બાબતો ગલ્ફ પ્રદેશ કઇ તરફ જઇ રહ્યો છે તે બાબત વિચારણા યોગ્ય છે.

આ વાતને માત્ર બજારની દૃષ્ટિએ જોવામાં આવે અથવા ભૂ-રાજનિતિ દૃષ્ટિથી તેમાં તેલની આયાત આ વાતનો મહત્વનો ઉદ્દેશ્ય છે પરંતુ ઇસ્લામી એકતા પરથી પરદો ઉઠવાનો કયો સંકેત છે?

મતલબ કે ઇસ્લામી એકતાનું સ્થાન હવે રાષ્ટ્રીય હિતો લઇ રહ્યા છે અને હવે ઇસ્લામિક દેશો હવે એક બ્લોક સ્વરૂપના રહ્યા નથી. પરંતુ નાના-નાના શક્તિશાળી કેન્દ્રોમાં સંગઠિત થયા છે તેમનું રાષ્ટ્રીય હિત હવે ઇસ્લામીક એકતાના સ્થાને અમેરિકા, ચીન, અને રશિયા વચ્ચે સંતુલિત સ્થાપવા પર વધુ ભાર મૂકે છે.

એવું માનવામાં આવી રહ્યું છે કે સંયુકત અરબ અમીરાત, ઓપેક (ઓર્ગેનાઇઝેશન ઓફ પેટ્રોલિયમ એકસપોર્ટિંગ કંપની)થી એટલા માટે અલગ થયું છે કે, તેઓ તેમના નિયંત્રણોથી અસંતુષ્ટ હતા. પરંતુ ખરેખર રાજકારણ ભૂ-રાજનીતિ હોય તો? શું આ બાબત શક્ય નથી કે, ઇરાન પર અમેરિકા અને ઇઝરાયલ દ્વારા કરાયેલ હુમલાઓથી ખાડી દેશોની કૂટનીતિએ રાજકીય અને નિર્ણાયક મોડ લીધો હોય? આમ કહી શકાય કે, હવે ઇસ્લામિક એકતા માત્ર પ્રતિકાત્મક રહી છે.

કર્બલાની લડાઇથી લઇને ઇરાન, ઇરાક, ઇરાક- કુવૈત યુધ્ધના તથા તાજેતરમાં થયેલા સંઘર્ષથી આ બાબત પરથી પડદો ઉંચકાઇ ગયો છે જો આ વાત અશક્ય હોત તો અરબ સ્પ્રિંગ દરમ્યાન પશ્ચિમની દુનિયા ખતરનાક રકત રમી શકી ન હોત. અને ગાઝામાં માનવતાનું દફન થયું ન હોત.

ઓપેકથી અલગ થવાના નિર્ણયને અબુધાબીએ પોતાની સંપ્રભૂતા તથા આર્થિક હિતો જોડાયા છે તેમ જણાવ્યું હતું પરંતુ ઓપેકની અંદર સાઉદીનો વર્ચસ્વવાદ છે તેમ એક માત્ર કારણ માની લેવું તે અધુરુ વિશ્લેષણ હશે.

સમ્યક દૃષ્ટિથી જોવામાં આવે તો મધ્ય-પૂર્વની વૈચારિક એકતાની અંદર એક પ્રકારની અચરજભરી સ્થિતિ થઇ છે, જેનું પ્રતિનિધિત્વ હૂતી, હિજબુલ્લા, અલગ શબાબ, આઇએસઆઇએસ, તથા હમાસ જેવા સંગઠનો કરી રહ્યા છે.

ઓપેકનું નબળું પડવું તથા વિભાજન નજીક પહોંચી જવું એ આવી માનસિકતાનો સંકેત છે યુએઇ ઓપેકના કોટા નિયમો પર અસંતોષ પ્રદર્શિત કરી ચૂક્યું છે. કતર આ મામલામાંથી બહાર આવી ગયું છે હવે આફ્રિકાના દેશો કોટા વિવાદમાં સપડાઇ ચૂક્યા છે આથી શક્યતા આ બાબતની છે કે, ઓપેક એક માત્ર સંસ્થાગત માળખું બનીને રહેશે. પરંતુ અંદરથી તંત્ર ઢીલું ઢફ્ફ થઇ જશે.

આજની સ્થિતિ આવી છે કે, સઉદી અરબ ખાડી ક્ષેત્રમાં ક્ષેત્રિય નેતૃત્વ કરવાની ઇચ્છા ધરાવે છે જ્યારે યુએઇ સૌથી વધુ વ્યવસાયિક તથા વ્યવહારિક દેશ બનવા માગે છે. જેનું ઉદાહરણ છે 'અબ્રાહમ એકોર્ડ' જેના દ્વારા તેમણે ઇઝરાયલ સાથે સારા સંબંધો યથાવત રાખ્યા છે. આરબ દેશો એક માળખામાં સિમિત થઇ ચૂક્યા છે અથવા પરસ્પર સંતુલન બનાવવાનો પ્રયાસ કરી રહ્યા છે આ દેશો હવે ધર્મથી વધીને આર્થિક અને રણનીતિના હિતો દ્વારા સંચાલિત થઇ રહ્યા છે આ કારણે ઓપેક નબળી રાજનીતિમાં સોદેબાજીનું પ્લેટફોર્મ બની ગયું છે.

શિયા-સુન્ની વચ્ચે સંઘર્ષ સિમિત થયો છે પરંતુ પ્રશ્ન વધુ જટિલ છે. કારણ કે તેઓ સીધી લડાઇ લડતા નથી પરંતુ 'ઇન્ફલુયન્સ' વોર સડી રહ્યા છે. આ સ્થિતિએ મધ્ય પૂર્વને બહુધ્રુવીય ધરી પર લાવીને મૂકી દીધું છે. જેમાં ઓછામાં ઓછા ત્રણ ધ્રુવો દેખાય છે જેમાં પ્રથમ છે સઉદી નેતૃત્વ વાળા સુન્ની બ્લોક બીજુ છે ઇરાનના નેતૃત્વવાળુ શિયા એક્સિસ તથા ત્રીજુ છે વ્યવહારિક નિરપેક્ષ રાજ્ય.

આથી શક્યતા આ વાતની છે કે, અહીંયા દરેક હરિફ પ્રોકસી સંઘર્ષના સ્વરૂપમાં જણાય છે. આ તકે યમન તથા સુદાનનું ઉદાહરણ યોગ્ય હશે. યમનમાં રિયાત હૂતિયો સાથે સમજૂતી કરવા માંગે છે જ્યારે અબૂધાબી આંતકવાદીઓનું સમર્થન કરી રહ્યું છે. સુદાનમાં યુએઇ રેપિડ સપોર્ટ ફોર્સિઝની સાથે છે જ્યારે સાઉદી અરબ સૈન્યનું સમર્થન કરે છે આથી જે ટકરાવ થઇ રહ્યો છે તેને યમનના થયેલા લાંબા ગૃહ યુધ્ધમાં જોઇ શકાયો હતો.

જ્યાં ડિસેમ્બર ૨૦૨૫માં સઉદી અરબે યુએઇના હથિયારોના ભંડાર પર હુમલો કર્યો હતો. જેનાથી બન્ને દેશો વચ્ચે સૈન્ય ઘર્ષણ થયું હતું. અત્યારે અબૂધાબી દ્વારા ઓપેકમાંથી બહાર નીકળી જવા મામલે બે પ્રશ્નો ઉપસ્થિત થયા છે. પ્રથમ પ્રશ્ન આ છે કે, ઓપેકનું ભવિષ્ય શું અને કેવું રહેશે? ઇરાન યુધ્ધના કારણે અસ્થિર થયેલો ગલ્ફ પ્રદેશ ક્યાં જશે? અમેરિકા તથા ઇઝરાયલની અધૂરી સૈન્ય કાર્યવાહીથી યુએઇને તમામ સમસ્યાનો સામનો કરવો પડ્યો હતો તેમ છતાં ઓપેકમાંથી તેમનું દૂર થવું આ વાતનો સ્પષ્ટ સંકેત છે કે, તેઓ હજુ પશ્ચિમના દેશો સાથે ઉભું છે આ પગલાંથી અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ રાજી થશે પરંતુ ખાડી ક્ષેત્રના અન્ય દેશો માટે આ બાબત પડકારજનક છે.

યુએઇના આ પગલાંનું ઇઝરાયલમાં સ્વાગત કરાયું છે ત્યાં આવી વાતોને સકારાત્મક માનવામાં આવી રહી છે જે બાબત ઇરાનને નબળી બનાવે જે હજુ ઓપેકનું સભ્ય છે આ દૃષ્ટિથી યુએઇનું આ પગલું આ વાત પણ દશાવે છે કે, તેઓ ઇઝરાયલ સાથે પોતાના સંબધ વધુ મજબૂત કરવા માગે છે.

બન્ને દેશોએ અબ્રાહમ સમજૂતી થઇ છે તેના પર હસ્તાક્ષર કર્યા છે અને ધાર્મિક ઉગ્રવાદ સામે સમાન વિરોધી હસ્તાક્ષર કર્યા છે અને ધાર્મિક ઉગ્રવાદ સામે સમાન વિરોધી વિચાર ધારા રાખે છે. આ કારણથી યુએઇએ ગાઝા તથા લેબેનોનમાં ઇઝરાયલની સૈન્ય કાર્યવાહી થઇ હોવા છતાં ટકરાવ કર્યો ન હતો.

યુએઇએ પોતાના પડોશી દેશોની સરખામણીમાં ઇરાનની મિસાઇલો તથા જે હુમલા થયા હતા તેનો વધુ સામનો કરવો પડ્યો હતો છતાં તેમણે યુધ્ધ માટે ટ્રમ્પ પર દોષારોપણ કર્યું નથી.

'એક પેડ મા કે નામ' અભિયાનને વેગ આપી દસાડા પંથકમાં ૫૦,૦૦૦ થી વધુ વૃક્ષોનું જતન

# રણની રેતીમાં ૫૦,૦૦૦ થી વધુ વૃક્ષો ઉછેરી હરિયાળી ક્રાંતિ સર્જનાર જયેશ રાવલને મુખ્યમંત્રીના હસ્તે 'ધરતી રત્ન એવોર્ડ' એનાયત

દસાડા,તા.૧૧

ગુજરાતની પાવન ધરા પર જ્યારે રણની સૂકી રેતી વચ્ચે હરિયાળીની કલ્પના પણ અશક્ય લાગે, ત્યારે કેટલાક વિરલ વ્યક્તિત્વો પોતાના સંકલ્પ, પરિશ્રમ અને સેવાભાવથી અસંભવને શક્ય બનાવી દે છે. આવી જ એક પ્રેરણાદાયી વ્યક્તિત્વગાથા સુરેન્દ્રનગર જિલ્લાના દસાડાના કર્મયોગી, સમાજસેવક અને પર્યાવરણપ્રેમી શ્રી જયેશભાઈ રાવલની છે; જેમણે પોતાનું જીવન સમાજના છેવાડાના માનવી, પર્યાવરણના સંરક્ષણ અને માનવ કલ્યાણ માટે સમર્પિત કરીને રણકાંઠે વિકાસ અને આશાનો અજવાસ પાથર્યો છે. તેમની જીવનયાત્રા માત્ર વ્યક્તિગત સિદ્ધિઓ પૂરતી ન રહેતા, એક એવા માનવતાવાદી મિશનની સાક્ષી છે જેમાં સેવા, સંકલ્પ અને સંસ્કારનો અનોખો સંગમ જોવા મળે છે.સાહિત્યકાર, મહાન શિક્ષણવિદ અને લોકપ્રેરક સ્વર્ગસ્થ મનુભાઈ પંચોલી 'દર્શક'ના સંસ્કારોમાં ઘડાયેલા જયેશ રાવલે જીવનના આરંભથી જ સમાજ માટે જીવવાનો માર્ગ પસંદ કર્યો હતો. 'દર્શક' દાદાના વિચારોમાંથી પ્રેરણા મેળવી તેમણે માનવ સેવા અને ગ્રામ વિકાસને પોતાનો જીવનધર્મ સ્વીકાર્યો. 'દર્શક ગ્રામીણ વિકાસ ટ્રસ્ટ'ના માધ્યમથી તેમણે સુરેન્દ્રનગર જિલ્લાના કઠિન અને પડકારજનક રણ વિસ્તારને



પોતાનું કર્મક્ષેત્ર બનાવ્યું. જ્યાં પ્રતિકૂળ પરિસ્થિતિઓ વચ્ચે વસતા અગરિયાઓ, વિચરતા સમુદાયો અને વંચિત વર્ગોના જીવનમાં શિક્ષણ, આરોગ્ય અને આજીવિકાના નવા અવસર ઊભા કર્યા છે.છેલ્લા અઢી દાયકા કરતાં વધુ સમયથી જયેશ રાવલ દ્વારા રણ વિસ્તારના અંતરિયાળ વિસ્તારોમાં અવિરત સેવાકાર્યો કરવામાં આવી રહ્યા છે. અગરિયાઓના બાળકો માટે શિક્ષણ, આરોગ્યલક્ષી સેવાઓ, શોષિત વર્ગોના કલ્યાણ અને માનવ ગૌરવ માટેના તેમના પ્રયાસોએ અનેક પરિવારોના જીવનમાં આશા અને વિકાસનો નવો દીપ પ્રગટાવ્યો છે. પર્યાવરણ જતન અને હરિત વિકાસ ક્ષેત્રે જયેશ રાવલનું યોગદાન વિશેષ નોંધપાત્ર છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના 'એક પેડ મા કે નામ' સંકલ્પને જીવનમાં ઉતારી તેમણે છેલ્લા દસ વર્ષથી ''વડાપ્રધાન વૃક્ષ ઉછેર અભિયાન''ને લોકચળવળનું સ્વરૂપ આપ્યું છે. રણ વિસ્તાર અને આસપાસના ગામોમાં ૫૦,૦૦૦ થી વધુ વૃક્ષોનો ઉછેર કરીને તેમણે હરિયાળીની અનોખી ક્રાંતિ સર્જી છે. વૃક્ષારોપણ સાથે તેની જાળવણી અને માવજત દ્વારા પર્યાવરણ પ્રત્યેની તેમની પ્રતિબદ્ધતા રાજ્ય માટે પ્રેરણારૂપ બની છે.

દસાડા તાલુકાના ગવાણા ગામે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ૭૩મા જન્મદિવસ નિમિત્તે ૭,૩૦૦ વૃક્ષોના વાવેતરથી શરૂ કરાયેલું અભિયાન આજે ૧૦,૦૦૦ થી વધુ વૃક્ષોના વિશાળ જંગલમાં પરિવર્તિત થયું છે. રણકાંઠા વિસ્તારની કઠિન પરિસ્થિતિમાં વિકસાવાયેલું આ હરિત ક્ષેત્ર પર્યાવરણ સંરક્ષણનું ઉત્તમ ઉદાહરણ સાબિત થયું છે.

મહિલા સશક્તિકરણ ક્ષેત્રે પણ જયેશ રાવલનું યોગદાન નોંધપાત્ર રહ્યું છે. 'મહિલા આજીવિકા પુનઃસ્થાપન કાર્યક્રમ' દ્વારા ગ્રામ્ય મહિલાઓને સીવણ, ભરતકામ અને ગૃહઉદ્યોગ જેવા સ્વરોજગારીલક્ષી કાર્યો સાથે જોડીને તેમને આર્થિક રીતે સશક્ત બનાવવાનો પ્રયાસ હાથ ધરાયો છે. જયેશ રાવલના પર્યાવરણ જતન અને સમાજસેવાના યોગદાનને બિરદાવતા આશીર્વાદ ફાઉન્ડેશન દ્વારા આયોજિત સમારોહમાં ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે તેમને ''ધરતી રત્ન એવોર્ડ''થી સન્માનિત કરવામાં આવ્યા હતા. જયેશ રાવલનું જીવન એ સાબિત કરે છે કે, સંકલ્પ અને સમર્પણ દ્વારા સમાજમાં સકારાત્મક પરિવર્તન લાવી શકાય છે. તેઓ ખરેખર ગુજરાતની ધરતીના ગૌરવરૂપ ''ધરતી રત્ન'' છે.

# બામણોજ ગામે પિતા-કાકાએ માનસિક અસ્થિર પુત્રની હત્યા કરી

પાલનપુર, તા.૧૧

બનાસકાંઠા જિલ્લાનાં હડાદ તાલુકાના બામણોજ ગામે માનસિક અસ્થિર પુત્ર વારંવાર પરિવારજનો તેમજ ગ્રામજનો સાથે ઝઘડા કરતો હોઈ અને ખેતરમાં પણ પિતા તેમજ કાકા સાથે ઝઘડો કરતાં પિતા તેમજ કાકાએ માથાના ભાગે હથોડીના ફટકા મારતાં તેનું મોત થયું હતું. જેના અંતિમ સંસ્કાર પણ કરી દેવામાં આવ્યા હતા.

પાંચેક દિવસ બાદ મૃતકની માતાએ પુત્રની હત્યા કરનાર પતિ તેમજ દિયર સામે ગુનો નોધાવતાં પોલીસે બંનેની અટકાયત કરી વધુ તપાસ હાથ ધરી હતી.હડાદ પોલીસે જણાવ્યા મુજબ, મૃતક વિજય પ્રજાપતિ (ઉં.વં.૨૫) ત્રણ-ચાર વર્ષથી માનસિક રીતે અસ્થિર હતો.

તે પરિવારજનો અને ગ્રામજનો સાથે અવારનવાર ઝઘડા કરતો હતો અને પથ્થરો કે લાકડી વડે હુમલો પણ કરતો હતો. તેના ત્રાસથી પરિવારજનો કંટાળી ગયા હતા અને તેની માનસિક સારવાર પણ કરાવી હતી. ગત ૩ મેએ વિજય પરિવારના સભ્યો પર હુમલો કર્યા બાદ ખેતરે ગયો હતો. ત્યાં તેના પિતા હરિભાઈ રેવાભાઈ પ્રજાપતિ અને કાકા પંકજભાઈ રેવાભાઈ પ્રજાપતિ સાથે પણ ઝઘડો થયો હતો. આવેશમાં આવીને પિતા-કાકાએ વિજયના માથાના ભાગે હથોડીના ઘા ઝીંકી દેતાં ઘટનાસ્થળે જ તેનું મોત થયું હતું. હત્યા બાદ આરોપીઓએ પુરાવા નષ્ટ કરવાના ઈરાદે મૃતદેહની અંતિમવિધિ પણ કરી દીધી હતી. જો કે, મૃતકની માતા ગીતાબેન હરિભાઈ પ્રજાપતિએ હડાદ પોલીસ સ્ટેશનમાં પોતાના પતિ અને અન્ય આરોપીઓ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી. ડીવાયએસપી જણાવ્યું હતું કે, ૮ મેના રોજ હડાદ પોલીસ સ્ટેશનમાં હત્યાનો ગુનો નોંધવામાં આવ્યો છે. પોલીસે ફરિયાદના આધારે તાત્કાલિક કાર્યવાહી કરીને આરોપીઓની ધરપકડ કરી છે અને તેમના રિમાન્ડ મેળવવાની તજવીજ સાથે વધુ તપાસ હાથ ધરાઈ છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, બનાસકાંઠા જિલ્લામાં ખૂન, બળાત્કાર, ચોરી સહિતનાં ગુનાઓનો ગ્રાફ સતત વધી રહ્યો છે જે ચિંતાજનક છે.

# શ્રી આઈ. જે. પટેલ બી.એડ્. કૉલેજ ખાતે' પુસ્તક વિમોચન કરાયું



આણંદ,તા.૧૧

ચરોતર એજ્યુકેશન સોસાયટી સંચાલિત શ્રી આઈ. જે. પટેલ બી.એડ્. કૉલેજ દ્વારા ગુજરાત સ્થાપના દિવસની અનોખી રીતે ઉજવણી કરવામાં આવી. આ પ્રસંગે કૉલેજના ડાયરેક્ટર ડૉ. નુસરત કાદરી દ્વારા પ્રશિક્ષણાર્થીઓ માટે અત્યંત ઉપયોગી એવું પુસ્તક **'Life skills and Value Education'** તૈયાર કરી સૌપ્રથમ સંસ્થાની લાયબ્રેરીને અર્પણ કરવામાં આવ્યું હતું. ત્યારબાદ ચરોતર એજ્યુકેશન સોસાયટીના પ્રમુખ કે. ડી. પટેલ, કેમ્પસ ડાયરેક્ટર મહેશભાઈ પટેલ અને ડૉ. અજીતભાઈ ગોહિલની ગરિમામય ઉપસ્થિતિમાં આ પુસ્તકનું વિમોચન કરવામાં આવ્યું હતું. ઉપસ્થિત મહાનુભાવોએ ડૉ. કાદરીના આ શૈક્ષણિક પ્રદાનને બિરદાવી શુભેચ્છાઓ પાઠવી હતી. આ પ્રસંગે ઈન્ચાર્જ આચાર્ય ડૉ. યજ્ઞેશ પુરોહિત સહિત સમગ્ર આઈ. જે. પટેલ પરિવારે મેડમશ્રીની આ સિદ્ધિને હૃદયપૂર્વક વધાવી અભિનંદન વર્ષા કરી હતી.

# ઈડર પંથકમાં ભારત સંચાર નિગમ લિમિટેડ BSNLના ફાઈબર ઈન્ટરનેટ બ્રોડબેન્ડ તેમજ મોબાઈલ નેટવર્ક ના ધાંધિયા

ઈડર,તા.૧૧

ઈડર તાલુકાના ચોરીવાડ અને ચોટાસણ ગામમાં છેલ્લા ૨૦ દિવસ થી ફાઈબર ઈન્ટરનેટ બ્રોડબેન્ડ ની સર્વિસ ખોરવાતા ગ્રાહકો ને હાલાકી ભોગવવાનો વારો આવ્યો છે. મળતી માહિતી મુજબ હાલ માં ચાલી રહેલ નેશનલ હાઈવે ના કામ કાજ ને કારણે અને ખોદકામ ને કારણે જમીન માં રહેલ મીડિયા ડાર્ક ફાઈબર કેબલ ને નુકશાન થતા ચોરીવાડ તેમજ ચોટાસણ ગામ BSNL ના ઈન્ટરનેટ સર્વિસ માંથી બાકાત થઈ ગયેલ છે ઉપરોક્ત બાબતે વારંવાર ફરિયાદ કરવા છતાં BSNL દ્વારા કોઈ પણ પ્રકારનો સંતોષ કારક જવાબ ગ્રાહકને મળેલ નથી. BSNL ના ઈડર તાલુકા ના TIP વેન્ડર સાથે વાત કરતા જાણવા મળેલ કે BSNL નુ BBNL કે જે ગ્રામ પંચાયત માં નેટવર્ક આપવાનું કામ કરે છે, જેમાં BBNL ભારત ની મોટા ભાગ ની તમામ ગ્રામ પંચાયત ને ફાઈબર નેટવર્ક થી જોડવાનુ કામ કરે છે આજે દેશ ડિજિટલ ઈન્ડિયા ના નામે આગળ ચાલી રહ્યો છે ત્યારે સરકાર થકી BBNL દ્વારા પાથરવામાં આવેલ ફાઈબર કેબલ માત્ર ને માત્ર શોભાના ગાંઠિયા જેવો થઈ ને રહ્યો છે, વેન્ડર સાથે વાત કરતા જાણવા મળેલ છે કે મોટા ભાગની ગ્રામ પંચાયત તેમજ BBNL કેબલનુ કાયમી રીપેરીંગ ટેન્ડર ના હોવાના કારણે બંધ હાલત માં પડેલ છે અને સરકાર દ્વારા થયેલ ખર્ચ પાણી માં ગયેલ છે. ઉપરોક્ત બંને ગામ આજ પ્રકારના BBNL ના ડાર્ક ફાઈબર થી જોડાયેલા છે અને BBNL નુ ફાઈબર મેન્ટેનન્સ નુ ટેન્ડર છેલ્લા ૮ મહિના થી થયેલ ના હોવાના કારણે કોઈપણ ફોલ્ટ રીપેર થતા નથી. વધુમાં એ પણ જાણવા મળેલ છે કે ઈડર થી ભિલોડા તેમજ ઈડર થી ખેરાલુ ના હાઈવે નુ કામ કાજ ચાલુ હોવાના કારણે પણ BSNL ના ફાઈબર કેબલ બ્રેક થવાના કારણે વારંવાર બડોલી, રેવાસ, મુડેટી, ચિત્રોડા, કાનપુર, ગોરલ, ભદ્રેસર, દરામલી, જાદર, અરોડા, દાવડ, દેશોતર જેવા ગામોમાં ફાઈબર બ્રોડબેન્ડ સર્વિસ તેમજ મોબાઈલ નેટવર્ક સર્વિસ ખોરવાઈ જતા ગ્રાહકો પરેશાન થઈ રહ્યા છે અને પોતાની સર્વિસ અન્ય કંપની માં પોર્ટ કરાવી રહ્યા છે જેને લીધે વેન્ડર નુ નુકશાન થઈ રહ્યું છે અને સાથે સાથે BSNL ડિપાર્ટમેન્ટ નુ પણ નુકશાન થઈ રહ્યું છે.



હિંમતનગર સ્થિત અર્બન હેલ્થ સેન્ટર ખાતે આરોગ્ય વિભાગના માર્ગદર્શન હેઠળ રક્તદાન કેમ્પનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. ''આ કેમ્પ દરમિયાન કુલ ૧૪ યુનિટ રક્ત એકત્રિત કરવામાં આવ્યું, જે આપત્કાલીન પરિસ્થિતિઓમાં દર્દીઓ માટે અમૂલ્ય સાબિત થશે. રક્તદાતાઓએ ઉત્સાહપૂર્વક ભાગ લઈને ''રક્તદાન મહાદાન'' ના સંદેશને સાકાર કર્યો હતો.''કાર્યક્રમ દરમિયાન આરોગ્ય ટીમ દ્વારા રક્તદાનના મહત્વ વિશે માહિતી આપવામાં આવી તથા વધુમાં વધુ લોકો આ મહાન કાર્યમાં જોડાય તે માટે પ્રેરણા આપવામાં આવી હતી.''આવો કેમ્પ માત્ર રક્ત સંગ્રહ પૂરતો નથી, પરંતુ માનવ જીવન બચાવવા માટે સમાજને જોડતો એક સંવેદનશીલ પ્રયાસ છે.

# સાબરકાંઠામાં 'ટીબી મુક્ત ભારત અભિયાન ૨.૦' અંતર્ગત જિલ્લાના ૫૫ ગામોમાં ૫,૦૦૦થી વધુના હાઈ રિસ્ક લાભાર્થીઓનું સ્ક્રીનિંગ કરાયું

હિંમતનગર,તા.૧૧

સાબરકાંઠા જિલ્લામાં આરોગ્ય વિભાગ દ્વારા ટીબી મુક્ત ભારત અભિયાન ૨.૦ અંતર્ગત ગ્રામ્ય અને દુર્ગમ વિસ્તારોમાં વસતા નાગરિકોના આરોગ્ય સુરક્ષા માટે સંવેદનશીલ, વૈજ્ઞાનિક અને દર્દી કેન્દ્રિત અભિગમ અપનાવવામાં આવી રહ્યો છે. જિલ્લા વિકાસ અધિકારીશ્રીની સૂચના અને મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રીના માર્ગદર્શન હેઠળ જિલ્લા ક્ષય કેન્દ્રની નિષ્ણાત ટીમ તથા ગ્રામ્ય કક્ષાના આરોગ્ય કેન્દ્રોના સંકલિત પ્રયાસોથી ''તમારા ગામમાં તમારા દ્વાર સુધી'' હાઈ રિસ્ક વિલેજ ઝુંબેશ અસરકારક રીતે અમલમાં મૂકાઈ છે.'' આ ઝુંબેશનો મુખ્ય હેતુ ક્ષય (ટીબી) જેવી ગંભીર ચેપજન્ય બીમારીની વહેલી ઓળખ કરી, સંભાવિત દર્દીઓને



તાત્કાલિક નિદાન અને રાષ્ટ્રીય માર્ગદર્શિકા મુજબ સંપૂર્ણ સારવાર સાથે જોડવાનો છે, જેથી રોગના સંક્રમણની સાંકળ તોડી દર્દીના આરોગ્યમાં ગુણાત્મક સુધારો લાવી શકાય જે અંતર્ગત તા. ૨૪ વિશ્વ ક્ષય દિવસથી આજદિન સુધીમાં હિમતનગર તાલુકાનાં- ૫૫, ઈડર-૪૦, ખેડબ્રહમા-૮, પ્રાંતિજ-૩૪,તલોદ- ૩૨, વડાલી-૭ અને વિજયનગરના -૩ ગામો મળી કુલ ૧૭૯ હાઈ રિસ્ક ગામોમાંથી ૫૫ ગામમાં કેમ્પો યોજી પોર્ટેબલ ડિજિટલ એક્સ-રે મશીન દ્વારા ૫૦૦૦થી વધુ હાઈ રિસ્ક લાભાર્થીઓનું ટીબી માટે સ્ક્રીનિંગ કરવામાં આવ્યું છે. સ્ક્રીનિંગ દરમિયાન સંદિગ્ધ કેસોની વૈજ્ઞાનિક રીતે પુષ્ટિ કરવા માટે કુલ ૬૨૦ લાભાર્થીઓના ન્યુક્લિક એસિડ એમ્પ્લિફિકેશન ટેસ્ટ પણ કરવામાં આવ્યા, જે ટીબીના ચોક્કસ અને ઝડપી નિદાન માટે અત્યંત મહત્વપૂર્ણ ગણાય છે. આ સમગ્ર પ્રક્રિયા દ્વારા રોગની વહેલી તકે ચોક્કસ ઓળખ શક્ય બની, જે ટીબી નિયંત્રણ માટેનું સૌથી અસરકારક સાધન છે. સમયસર નિદાન થવાથી દર્દીઓને તાત્કાલિક સારવાર શરૂ કરવાથી સંક્રમણ ફેલાવાનું જોખમ ઘટે છે તેમજ દર્દીના આરોગ્ય પરિણામોમાં નોંધપાત્ર સુધારો થાય છે. આરોગ્ય કેમ્પ દરમિયાન માત્ર ટીબી સ્ક્રીનિંગ પૂરતું જ નહીં, પરંતુ લાભાર્થીઓને વજન, ઊંચાઈ, બ્લડ પ્રેશર અને બ્લડ શુગર (ડાયાબિટીસ) જેવી મૂળભૂત આરોગ્ય તપાસ સેવાઓ પણ પ્રદાન કરવામાં આવી હતી. આ પહેલ દ્વારા આરોગ્ય સેવાઓને માત્ર સારવાર સુધી મર્યાદિત રાખવામાં આવી નથી, પરંતુ લોકોમાં ટીબી પ્રત્યે જાગૃતિ, ભ્રમ દૂર કરવો અને નિયમિત સારવાર માટે પ્રેરણા આપવી જેવા મહત્વપૂર્ણ પાસાઓ પર પણ ભાર મૂકવામાં આવ્યો છે. સાબરકાંઠા જિલ્લા આરોગ્ય વિભાગ ''સ્વસ્થ સાબરકાંઠા – ક્ષયમુક્ત સાબરકાંઠા''ના સંકલ્પને મજબૂત બનાવની દિશામાં પ્રયાસરૂપ છે.

# “એક વાત હું વ્યક્તિગત રીતે માનું છું કે બદલાવ સતત છે અને સમય માણસોને બદલવાનો રસ્તો શોધી લે છે,” કહે છે ઋષિ સક્સેના સોની સબના ઈત્તી સી ખુશીમાં પોતાના વાપસી પર

એજન્સી દ્વારા

સોની સબનું ઈત્તી સી ખુશી તેની ભાવનાત્મક રીતે ભરપૂર વાર્તાઓ અને બદલાતા પાત્રોના સફરથી દર્શકોને સતત જોડતું રહ્યું છે. એક અનોખા વળાંકમાં, ઈન્સ્પેક્ટર સંજય ભોસલે (ઋષિ સક્સેના), જે અગાઉ અન્વિતા (સુંબુલ તૌકીર)નો અલગ થયેલો પતિ તરીકે દેખાયો હતો, હવે નવી દ્રષ્ટિ સાથે ફરી વાર્તામાં પરત આવ્યો છે. તેની વાપસી વાર્તામાં મોટો ફેરફાર લાવે છે, કારણ કે હવે દર્શકો એક એવો સંજય જોઈ રહ્યા છે જે પહેલાં ખામીભર્યો હતો પરંતુ હવે વધુ વિચારશીલ અને સકારાત્મક રૂપમાં દેખાય છે.

આ ખુલ્લી વાતચીતમાં ઋષિ સક્સેના સંજયના તીવ્ર સફર વિશે, તેના ગ્રે અને હિંસક ભૂતકાળમાંથી બદલાઈને વધુ પરિપક્વ વર્તમાન તરફ જતા પરિવર્તન વિશે અને દર્શકો તેની વાપસીમાંથી શું અપેક્ષા રાખી શકે તે અંગે ખુલાસો કરે છે.



સંજયને અગાઉ ઘણા તીવ્ર અને જટિલ રંગોમાં રજૂ કરવામાં આવ્યો હતો. જ્યારે તમને તેની બદલાયેલી સફર સાથેની વાપસી વિશે જણાવાયું ત્યારે તમારી પ્રથમ પ્રતિક્રિયા શું હતી?

સાચું કહું તો, હું આ માટે ખૂબ ઉત્સાહિત હતો. મને હંમેશા લાગતું હતું કે આ પરિવર્તન એક દિવસ આવશે જ. જ્યારે હું તેની જટિલ છબીઓ ભજવી રહ્યો હતો, ત્યારે પણ મેં ખાતરી કરી હતી કે તેના દરેક પગલાં પાછળ કોઈ કારણ હોય. જેથી જ્યારે આ તબક્કો આવે, ત્યારે પાત્ર પાસે સાચો અને વિશ્વસનીય બદલાવનો આધાર હોય.

આ નવા તબક્કામાં સંજયના વ્યક્તિત્વના કયા પાસાઓને શોધવામાં તમને સૌથી વધુ આનંદ આવી રહ્યો છે?

રસપ્રદ વાત એ છે કે સંજય દુનિયાને બતાવવા માંગતો નથી કે તે અન્વિતા અને વિરાટની મદદ કરી રહ્યો છે. અંદરથી તેને ખબર છે કે તેના પગલાં તેમના હિતમાં છે, છતાં બહારથી તે ખૂબ નિષ્કાળજી દેખાવ રાખે છે. મેં આ સ્તરોને સૂક્ષ્મ રીતે ભજવવાનો પ્રયત્ન કર્યો છે, જેથી જો તમે ધ્યાનથી જુઓ તો અંદરથી તે શું અનુભવી રહ્યો છે તે સમજાઈ શકે.

આ બદલાવ દર્શાવવા માટે તમે તમારા અભિનય શૈલી અથવા બોડી લેંગ્વેજમાં કોઈ ખાસ ફેરફાર કર્યો?

ખાસ નહીં. મને લાગે છે કે તે મૂળભૂત રીતે એ જ વ્યક્તિ છે, ફક્ત હવે અલગ માનસિકતા સાથે. એટલે મારા માટે આ વધુ આંતરિક પરિવર્તન વિશે હતું, શરીરભાષા અથવા પ્રદર્શન શૈલીમાં દેખાતા ફેરફારો કરતાં.

હવે સંજય પાછો આવ્યો છે, તો તેની માનસિકતા અને ભાવનાત્મક સ્થિતિને તમે કેવી રીતે વર્ણવો છો?

મારા મતે, સંજયની અગાઉની ક્રિયાઓ તેના ગર્વ અને અહંકારમાંથી ઉપજી હતી. હવે, થોડા મહિના દૂર રહીને, તેને બધું પરાવર્તન કરવાનો સમય મળ્યો છે. તેને સમજાયું છે કે ક્યાં વસ્તુઓ ખોટી ગઈ અને કેમ. તે મૂળભૂત રીતે એ જ વ્યક્તિ છે, પરંતુ હવે તેના નિર્ણયોને માર્ગદર્શન આપતો ગર્વ અને અહંકાર નથી.

સંજયની વાપસી અન્વિતાની સફર અને આખી વાર્તાને કેવી રીતે અસર કરશે?

સંજય હવે પાછો આવ્યો છે એ ઈરાદા સાથે કે તેણે ગુસ્સામાં કરેલી ભૂલોને સુધારે. આ વખતે તે અવરોધો ઊભા કરનાર નથી, પરંતુ અન્વિતાને સાચી દિશામાં આગળ વધવામાં મદદ કરનાર છે. આ બદલાવ વાર્તાને ચોક્કસ રીતે રસપ્રદ બનાવશે.

શું તમને વ્યક્તિગત રીતે લાગે છે કે સંજય જેવા પાત્રો સમય સાથે ખરેખર બદલાઈ શકે?

એક વાત હું વ્યક્તિગત રીતે માનું છું કે બદલાવ સતત છે અને સમય માણસોને બદલવાનો રસ્તો શોધી લે છે. મને એવું પણ લાગે છે કે જ્યારે કોઈ વ્યક્તિ પોતાના ભૂતકાળના પગલાં પર વિચાર કરે અને તેને સાચે સમજવાનો પ્રયત્ન કરે, ત્યારે દ્રષ્ટિકોણમાં સ્વાભાવિક બદલાવ આવે છે. એટલે હા, મને લાગે છે કે આવું પરિવર્તન સંપૂર્ણ રીતે શક્ય છે.

સુંબુલ તૌકીર ખાન સાથે આવા ભાવનાત્મક સ્તરો ધરાવતા દ્રશ્યોમાં કામ કરવાનો તમારો અનુભવ કેવો રહ્યો?

સુંબુલ તૌકીર ખાન સાથે અભિનય કરવો હંમેશા મજેદાર અનુભવ રહ્યો છે. સારો અભિનય એ આપ-લે પર આધારિત હોય છે, અને મને લાગે છે કે દ્રશ્યોમાં અમે એકબીજાને ખૂબ સારી રીતે પૂરક બનીએ છીએ. એ સમન્વય અમને એ ક્ષણોને શ્રેષ્ઠ રીતે જીવંત બનાવવા મદદ કરે છે.



જાણીતી ટીવી અભિનેત્રી નિયા શર્મા તેની સુંદરતા, ફિટનેસ અને બોલ્ડ સ્ટાઈલને કારણે તેના ચાહકોના દિલમાં રાજ કરે છે. તેના ગ્લેમરસ લુક્સ ચાહકોને દિવાના બનાવે છે. નિયા શર્મા સોશિયલ મીડિયા પર ખૂબ જ એક્ટિવ રહે છે અને પોતાના સુંદર ફોટા શેર કરે છે. અભિનેત્રીએ પોતાના નવા ફોટોશૂટની ઝલક ફેન્સને બતાવી છે. નવ સ્ટાઈલિશ લૂકમાં નિયા શર્મા ખૂબ દજ સુંદર લાગી રહી છે. નિયાએ ગ્લેમરસ સ્ટાઈલમાં ફોટોશૂટ કરાવ્યું છે. અભિનેત્રીનો આ નવો લૂક ખૂબ જ સુંદર છે. ફેન્સ તેના આ કાતિલ લૂકના વખાણ કરી રહ્યા છે. લોકપ્રિય ટીવી અભિનેત્રી નિયા શર્મા તેના બોલ્ડ અને ગ્લેમરસ સ્ટાઈલથી ચાહકોને મોહિત કરે છે. તેણે અનેક સિરિયલો અને મ્યુઝિક વીડિયોમાં કામ કર્યું છે, જેનાથી તેમના દિલમાં ખાસ સ્થાન મળ્યું છે. નિયાએ ટીવી શો "જમાઈ રાજા" થી પોતાની અનોખી ઓળખ બનાવી છે. ટીવીમાં સખત મહેનત કર્યા પછી આજે તેણે સફળતા મેળવી છે. લોકો તેના અભિનયની પણ પ્રશંસા કરે છે. અભિનેત્રી નિયા સોશિયલ મીડિયા પર ખૂબ જ એક્ટિવ છે અને તેના ગ્લેમરસ ફોટાથી લોકોના દિલમાં સ્થાન મેળવ્યું છે. તેના ફોટા ઈન્સ્ટાગ્રામ પર શેર કરતા જ ઝડપથી વાયરલ થાય છે. ચાહકો તેની ખૂબ પ્રશંસા કરતા જોવા મળે છે.

# અમદાવાદમાં ૧૬ અને ૧૭ મે, ૨૦૨૬એ ઔડા ઓડિટોરિયમમાં યોજાશે ભવ્ય અને દિવ્ય નાટ્ય અનુભવ : “મેરે કૃષ્ણ”

એજન્સી દ્વારા

અમદાવાદ હવે ભક્તિ, નાટક અને દ્રશ્ય ભવ્યતાના એક અનોખા સંગમનું સાક્ષી બનવા જઈ રહ્યું છે. અત્યંત પ્રશંસા પામેલું મેગા થિયેટ્રિકલ પ્રોડક્શન “મેરે કૃષ્ણ” ફરી એક વાર અમદાવાદમાં યોજવાનું છે. આગામી ૧૬ અને ૧૭ મે, ૨૦૨૬ ના રોજ ઔડા ઓડિટોરિયમ, શેલા, અમદાવાદ ખાતે ચાર ભવ્ય શો સાથે રજૂ થશે.૧૬ મી મે એ સાંજે ૪-૦૦ કલાક અને રાત્રે ૮-૩૦ કલાક તથા ૧૭ મી મે એ બપોરે ૨-૦૦ કલાક અને સાંજે ૭-૦૦ કલાક એમ કુલ ૪ શો રાખવામાં આવ્યા છે. રાજીવ સિંહ દિનકર ના સ્વપ્રદ્રષ્ટા નિર્દેશન હેઠળ અને વિવેક ગુપ્તા, રાજીવ સિંહ દિનકર તથા વિષ્ણુ પાટીલ દ્વારા નિર્મિત, “મેરે કૃષ્ણ” એક સીમાચિહ્નરૂપ સિદ્ધિ સમાન છે, જે આધ્યાત્મિકતા, વાર્તાકલા અને ભવ્યતાનો એક શ્રેષ્ઠ સંગમ છે.




“મેરે કૃષ્ણ” એ માત્ર એક નાટક નથી, પરંતુ એક ગાઢ અને તરબોળ કરી દેનારો આધ્યાત્મિક અનુભવ છે, જે ભગવાન શ્રીકૃષ્ણની શાશ્વત ગાથાને અદભૂત સ્કેલ અને ભાવનાત્મક ગહનતા સાથે જીવંત કરે છે. ૨૦ દ્રશ્ય-સમૃદ્ધ પ્રસંગોમાં વિસ્તરેલી આ પ્રસ્તુતિ શ્રીકૃષ્ણના જીવનના સૌથી પ્રિય પ્રકરણોને આવરી લે છે તેમની દિવ્ય લીલાઓથી લઈને મહાભારતના પરમ માર્ગદર્શક અને તત્વચિંતક તરીકેના તેમના પ્રભાવશાળી પરિવર્તન સુધીની સફર અહીં જોવા મળશે.““આ ‘મેગ્નમ ઓપસ’ ના મુખ્ય આકર્ષણ સૌરભ રાજ જૈન છે, જેમણે ભગવાન કૃષ્ણના તેમના આઈકોનિક પાત્ર દ્વારા વિશ્વભરના લાખો લોકોના દિલ જીત્યા છે. તેમની સાથે મંચ પર અત્યંત પ્રતિભાશાળી પૂજા શર્મા જોવા મળશે, જે મહામાયા અને શ્રી રાધાના પાત્રોમાં ગરિમા અને ભાવનાત્મક તીવ્રતા લાવશે, જ્યારે અર્પિત રંકા દુર્યોધન અને કંસના શક્તિશાળી દ્વિપાત્ર અભિનયથી પ્રેક્ષકોનું ધ્યાન ખેંચશે.

મહારાજકીય સ્તરે નિર્મિત આ પ્રોડક્શનમાં ૧૩૦ થી વધુ કલાકારો અને ટેકનિશિયનોની એક મજબૂત ટીમ સામેલ છે, જે તેને સમકાલીન ભારતીય થિયેટરના સૌથી મહત્વાકાંક્ષી સાહસોમાંનું એક બનાવે છે. સમૃદ્ધ વાર્તાલાપ, ભવ્ય સ્ટેજક્રાફ્ટ, જટિલ કોરિયોગ્રાફી અને આત્માને સ્પર્શી જાય તેવા સંગીતના અવિરત મિશ્રણ સાથે, “મેરે કૃષ્ણ” પરંપરાગત થિયેટરની સીમાઓ વટાવીને એક અવિસ્મરણીય સંવેદનાત્મક અનુભવ પ્રદાન કરે છે.“ડો. નરેશ કાત્યાયન દ્વારા કુશળતાપૂર્વક લખાયેલી પટકથાને ઉદભવ ઓઝા દ્વારા તૈયાર કરાયેલા મંત્રમુગ્ધ સંગીતથી વધુ નિખારવામાં આવી છે. આ પ્રસ્તુતિ પ્રખ્યાત ગાયકો શાન, પલક મુછાલ અને જાવેદ અલી ના અવાજોથી વધુ સમૃદ્ધ બની છે, જ્યારે ડો. નરેશ કાત્યાયન, અમિત મારુ અને ફણીન્દ્ર રાવના ભાવવાહી ગીતો તેને કાવ્યાત્મક ઊંડાણ અને ગહનતા આપે છે.

આ માત્ર એક નાટ્ય પ્રસ્તુતિ નથી તે જીવનમાં એકવાર જોવા જેવી સાંસ્કૃતિક ઘટના છે જે પ્રેક્ષકોને મંત્રમુગ્ધ, પ્રેરિત અને આધ્યાત્મિક રીતે સમૃદ્ધ બનાવવાનું વચન આપે છે. અમદાવાદ, સ્ટેજ પર દિવ્યતાને જીવંત થતી જોવા માટે તૈયાર થઈ જાવ. “મેરે કૃષ્ણ” માત્ર એક નાટક નથી તે એક એવો અનુભવ છે જે તમારી સાથે કાયમ રહેશે.

# પ્રિયંકા મીરા નાયરની અમૃતા શેરગિલની બાયોપિક ‘અમરી’માં કેમિયો કરશે



મુંબઈ, તા.૧૧

અભિનેત્રી પ્રિયંકા ચોપરાએ જાણીતાં ફિલ્મમેકર મીરા નાયરની આવનારી બાયોપિક અમરી માટે એક કેમિયો શૂટ કર્યો હોવાનાં અહેવાલો છે. જે પ્રખ્યાત ચિત્રકાર અમૃતા શેર-ગિલના જીવન પર આધારિત છે. જોકે આ પ્રોજેક્ટ વિશે વધુ માહિતી હજુ ગુપ્ત રાખવામાં આવી છે, ઈન્ડસ્ટ્રીનાં સુત્રો દ્વારા મળતી માહિતી અનુસાર, પ્રિયંકા ચોપરાનો રોલ નાનો પરંતુ મહત્વપૂર્ણ હોઈ શકે છે.આ અંગેના અહેવાલો અનુસાર, પ્રિયંકા તાજેતરમાં ભારતમાં હતી અને બીજાં કેટલાંક કામ પૂર્ણ કર્યા બાદ તેણે આ ફિલ્મ માટે શૂટિંગ કર્યું હતું. સુત્રએ જણાવ્યું, “ફિલ્મનો ઉદેશ ચિત્રકારના જીવનને હંગેરી, ભારત અને ફ્રાન્સમાં રજૂ કરવાનો છે. એક ખાસ ભાગ માટે મીરાએ ગયા વર્ષે પ્રિયંકાનો સંપર્ક કર્યો હતો અને તેણે ગયા અઠવાડિયે શૂટિંગ કર્યું હતું. પ્રિયાંકા હૈદરાબાદમાં ‘વારાણસી’ માટે કેટલાક કામ પૂરા કરવા માટે આવી હતી. ત્યારબાદ તે અમૃતસર ગઈ અને બે દિવસ સુધી શૂટિંગ કર્યું હતું.” આ અહેવાલો પછી ફેન્સમાં ઉત્સુકતા વધી ગઈ છે, તેની પાછળ ખાસ કારણ એ પણ છે કે આ ફિલ્મ માટે પ્રિયંકા ચોપરા અને મીરા નાયર પહેલી વખત સાથે કામ કરશે. બંને આંતરરાષ્ટ્રીય સ્તરે જાણીતાં નામો છે, જેમણે ભારતીય અને વૈશ્વિક મનોરંજન ક્ષેત્રમાં સફળ કારકિર્દી બનાવી છે.અમૃતા શૅરગિલની મુખ્ય ભૂમિકામાં અભિનેત્રી તાન્યા મનિકતલાને લેવામાં આવી હોવાના અહેવાલો છે. મીરા નાયરે અગાઉ ૨૦૨૦ની બીબીસી ડ્રામા સિરીઝ એ સુટેબલ બોયમાં તાન્યા સાથે કામ કર્યું હતું, જેમાં તેનો અભિનય વખણાયો હતો. અમરી ફિલ્મ અમૃતા શૅરગિલના અસાધારણ જીવનને રજૂ કરશે એવી અપેક્ષા છે, જેને ૨૦મી સદીના પ્રારંભિક સમયના સૌથી પ્રભાવશાળી આધુનિક કલાકારોમાં ગણવામાં આવે છે. હંગેરીયન માતા અને શીખ પિતાના સંતાન તરીકે જન્મેલાં અમૃતા શૅરગિલનું જીવન યુરોપ અને ભારત વચ્ચે પસાર થયું હતું, જેનાથી તેમની અનોખી કલાત્મક શૈલી વિકસિત થઈ—જેમાં પશ્ચિમી ટેકનિક અને ભારતીય વિષયોનું સંયોજન જોવા મળે છે. જોકે તેમનું જીવન દુર્ભાગ્યવશ ૧૯૪૧માં માત્ર ૨૮ વર્ષની વયે સમાપ્ત થયું, તેમ છતાં તેમનું કાર્ય આજે પણ અનેક કલાકારોને પ્રેરણા આપે છે.

# કુનાલ ખેમુ ‘મડગાંવ એક્સપ્રેસ ૨’ની સ્ક્રિપ્ટ પર કામ કરી રહ્યો છે

મુંબઈ, તા.૧૦

મડગાંવ એક્સપ્રેસના ચાહકો માટે ખુશખબર છે. આ ફિલ્મ પણ ગોલમાલ અને વેલકમ કે હેરાફેરી જેવી કલ્ટ કોમેડી બની ગઈ છે. આ ફિલ્મના યાદગાર પાત્રમાંના એક દિવ્યેન્દુએ હવે કહ્યું છે કે ૨૦૨૪ની આ કોમેડી હિટની સિક્વલ હવે સત્તાવાર રીતે બની રહી છે અને ડિરેક્ટર કુનાલ ખેમુ હાલમાં મડગાંવ એક્સપ્રેસ ૨ માટે સ્ક્રિપ્ટ પર કામ કરી રહ્યો છે. મૂળ ફિલ્મ, જે કુનલ ખેમુની ડિરેક્ટર તરીકે ડેબ્યુ ફિલ્મ હતી, તેમાં દિવ્યેન્દુ, પ્રતિક ગાંધી અને અવિનાશ તિવારી મુખ્ય ભૂમિકામાં હતા. ફિલ્મનાં તેના અલગ પ્રકારના હાસ્ય, ઊર્જાસભર અભિનય અને નવીન વાર્તાકથન માટે વખાણ થયા હતા અને રિલીઝ પછી તે ઝડપથી ફેન્સમાં લોકપ્રિય થઈ ગઈ હતી. એક ઈન્ટરવ્યુમાં દિવ્યેન્દુએ સિક્વલ અંગે સકારાત્મક અપડેટ આપતા કહ્યું, “હા, બની રહી છે, ચોક્કસ બની રહી છે. કુનાલ સ્ક્રિપ્ટ પર કામ કરી રહ્યો છે. અમે બધા ખૂબ જ ઉત્સાહિત છીએ.”દિવ્યેંદુએ પ્રથમ ફિલ્મને મળેલા મજબુત પ્રતિસાદનો પણ ઉલ્લેખ કર્યો, તેણે કહ્યું, “મડગાંવ માટે જે પ્રતિસાદ મળ્યો તે એવો હતો કે, તેને એક પ્રકારનું કલ્ટ ફોલોવિંગ મળ્યું છે. હું ‘કલ્ટ’ શબ્દ વાપરવા માગતો નથી, કારણ કે ફિલ્મ હજી નવી છે. તેને વધુ સમય સાથે વધવાનું અને વધુ મજબૂત થવાનું બાકી છે. પરંતુ હા, લોકો આ ફિલ્મ માટે ખરેખર ખુબ ઉત્સાહિત છે.”આમ તો, સિક્વલ અંગેની ચર્ચા માર્ચ ૨૦૨૫માં જ શરૂ થઈ ગઈ હતી, કુનાલ ખેમુએ ઈન્સ્ટાગ્રામ પર ફિલ્મની પ્રથમ વર્ષગાંઠ ઉજવતા લખ્યું હતું કે તેણે “આગળની ફિલ્મ લખી લીધી છે”. જોકે, ત્યારે તેણે કોઈ વિગતો જાહેર કરી નહોતી, પરંતુ હવે દિવ્યેન્દુના નિવેદનથી સ્પષ્ટ થાય છે કે પ્રોજેક્ટ આગળ વધી રહ્યો છે. જોકે સ્ટોરીની વિગતો હજી ગુપ્ત રાખવામાં આવી છે, પ્રથમ ફિલ્મના અંતે જ સિક્વલની સંભાવના દર્શાવવામાં આવી હતી. અંતિમ સીનમાં દિવ્યેન્દુનું પાત્ર ‘ડોડો’ લોટરી જીતી જાય છે અને તેના મિત્રોને લાસ વેગાસ જવાનું સુચન કરે છે, જે વધુ મોટી અને વધુ મસ્ત સિક્વલ માટેનો રસ્તો ખોલે છે.૨૦૨૪માં રિલીઝ થયેલી મડગાંવ એક્સપ્રેસ ત્રણ બાળપણના મિત્રો વિશે હતી, જેમની ગોવા ટ્રિપનું સપનું સંપૂર્ણ ગડબડ અને કૌભાંડોમાં ફેરવાઈ જાય છે. ફિલ્મ તેના કોમિક ટાઈમિંગ અને મુખ્ય ત્રણેય કલાકારો વચ્ચેની કેમિસ્ટ્રી માટે વખાણાઈ હતી. આ દરમિયાન, દિવ્યેન્દુ હવે મિર્ઝાપુરઃ ધ મૂવીમાં મુન્નાભૈયાનાં રોલમાં જોવા મળશે, જે ૬ સપ્ટેમ્બર ૨૦૨૬એ રિલીઝ થવાની છે. તે નેટફ્લિક્સની આવનારી સિરીઝ ગ્લોરીમાં પણ કામ કરી રહ્યો છે, જે ૧ મે ૨૦૨૬એ રિલીઝ થશે.

# પૈસાની જરૂર હોવાથી રીલ બનાવું છું, મજાક નહીં મદદ કરો : રાહુલ રોય

મુંબઈ, તા.૧૧

‘આશિકી’ની સફળતાથી રાતોરાત સ્ટાર બની ગયા બાદ જોકે, ધારી સફળતા નહિ મેળવી શકેલો રાહુલ રોય હાલ એક કન્ટેન્ટ ક્રિએટર સાથે રીલ બનાવતો દેખાયા બાદ તેની આ હાલત સંદર્ભમાં તેને ભારે ટ્રોલ કરી મજાક ઉડાવાઈ હતી. હવે રાહુલ રોયે એક ભાવુક પોસ્ટ લખતાં કહ્યું છે કે અત્યારે મને પૈસાની જરુર છે એટલે હું રીલ બનાવું છે. મારી મજાક ઉડાવવાને બદલે કમસેકમ મને કામ અપાવવામાં મદદ કરો. તેની આ હૃદયસ્પર્શી પોસ્ટ બાદ બોલિવુડમાંથી તૃપ્તિ ડિમરી, ફરહાન અખ્તર, અનુપમ ખેર, સોનુ સુદ સહિતના અનેક કલાકારોએ તેને ભાવનાત્મક સપોર્ટ જાહેર કર્યો હતો. રાહુલે પોતાની પોસ્ટમાં લખ્યું હતું કે લોકો મારી નમ્રતા, સાદગી અને સ્ટ્રગલની મજાક ઉડાવી રહ્યા છે. મને બ્રેઈન સ્ટ્રોક આવ્યો એ પહેલાંની કેટલીક લીગલ બાબતો માટે મારે પૈસાની જરુર છે. હું કમસેકમ અન્ય લોકોની મજાક ઉડાવવાને બદલે મહેનત કરીને પૈસા કમાવવાની કોશીશ કરી રહ્યો છું તે વાતની નોંધ લો. બ્રેઈન સ્ટ્રોક આવ્યા પછી મારે એક્ટિવ રહેવું પડે તેમ છે. હું રીલ બનાવું છું તો મારી જાતને સક્રિય રાખી શકું છું.

મારી મજાક ઉડે છે તેથી મને પીડા થાય છે પરંતુ હું તેનાથી નાસીપાસ નહીં થાઉં. રાહુલની આ પોસ્ટ પર હજારો લાઈક્સ તથા કોમેન્ટ આવી હતી. અનેક કલાકારો સહિત ફિલ્મ ચાહકોએ તેને સપોર્ટ વ્યક્ત કર્યો હતો અને આવી ટીકાઓ મન પર નહીં લેવા જણાવ્યું હતું. તૃપ્તિ ડિમરીએ લખ્યું હતું કે તું અમારા માટે સ્ટાર છો અને કાયમ સ્ટાર રહીશ.

# RCB બનશે IPL 2026નું ચેમ્પિયન? 10 વર્ષ બાદ સર્જાયો ભુવનેશ્વર કુમારનો આ અનોખો સંયોગ!



IPL 2026 ચેમ્પિયન કોણ બનશે? કહેવું કદાચ વહેલું હશે,પરંતુ RCB માટે સતત બીજી વખત ટ્રોફી જીતવાની શક્યતાઓ બનવા લાગી છે.સરળ શબ્દોમાં કહીએ તો,બે સંયોગો છે,જેમાંથી એક પહેલાથી જ બની ચૂક્યો છે અને બીજો બનવાનો છે.RCB ને ચેમ્પિયન બનાવનારા આ બંને સંયોગો ફાસ્ટ બોલર ભુવનેશ્વર કુમાર સાથે જોડાયેલા છે. આ બે સંયોગો RCB વિરુદ્ધ MI મેચ દરમિયાન બન્યા હતા,જેનાથી ઈતિહાસનું પુનરાવર્તન થવાની આશા જાગી છે.જો તે આશાઓ સાચી પડે છે,તો RCB નું IPL 2026 ચેમ્પિયન ટાઈટલ ખરેખર નિશ્ચિત થઈ શકે છે.

### પહેલો સંયોગ 10 વર્ષ પછી IPLમાં ભુવીના છગ્ગા સાથે સંબંધિત

હવે,ચાલો જાણીએ કે તે બે સંયોગો શું છે.પહેલો સંયોગ પહેલાથી જ બની ચૂક્યો છે, જે 10 વર્ષ પછી IPLમાં ભુવનેશ્વર કુમાર દ્વારા છગ્ગા ફટકારવા સાથે સંબંધિત છે.ભુવનેશ્વર કુમારે મુંબઈ ઈન્ડિયન્સ સામે છેલ્લી ઓવરના ચોથા બોલ પર છગ્ગો ફટકાર્યો,જેનાથી મેચ પલટાઈ ગઈ અને RCB ના પક્ષમાં ગઈ.ભુવનેશ્વર કુમારે છેલ્લે IPLમાં 2016 માં રાઈઝિંગ પુણે સુપરજાયન્ટ્સ સામે છગ્ગો ફટકાર્યો હતો,જ્યારે તે સનરાઈઝર્સ હૈદરાબાદ સાથે હતો.

### પર્પલ કેપ રેસ સાથે જોડાયેલો બીજો સંયોગ

પર્પલ કેપ સાથે જોડાયેલો બીજો સંયોગ.10 વર્ષ પહેલાની જેમ ભુવનેશ્વર કુમાર સૌથી વધુ વિકેટ માટે આપવામાં આવતી પર્પલ કેપની રેસમાં આગળ છે.ભુવી હાલમાં IPL 2026 માટે પર્પલ કેપ ધરાવે છે.તેણે 11 ઈનિંગ્સમાં 21 વિકેટ લીધી છે.હવે,જો તે IPL 2016ની જેમ અંત સુધી કેપ જાળવી રાખે,તો RCB સ્પર્ધામાં હોઈ શકે છે.

### શું RCB ફરી ચેમ્પિયન બનશે?

જ્યારે ભુવનેશ્વર કુમારે 2016 ની IPL માં છગ્ગો ફટકાર્યો અને પર્પલ કેપ જીતી,ત્યારે તેની ટીમ,સનરાઈઝર્સ હૈદરાબાદ,તે સિઝનમાં ચેમ્પિયન બની.IPL 2026માં પરિસ્થિતિ 10 વર્ષ પહેલા જેવી જ છે,અને જો પરિસ્થિતિ આ રીતે ચાલુ રહે,તો RCB, જે ટીમ ભુવનેશ્વર કુમાર હાલમાં દોરી રહી છે,તે પણ ચેમ્પિયન બની શકે છે.જો RCB IPL 2026નો ચેમ્પિયન બને છે.તો તે તેમનું સતત બીજું ટાઈટલ હશે.




# ઉર્વિલ પટેલે ફિફ્ટી બાદ ખિસ્સામાંથી કાઢી ખાસ ચિઠ્ઠી, જાણો શું લખ્યું છે?

ચેન્નાઈ સુપર કિંગ્સના બેટ્સમેન ઉર્વિલ પટેલે IPLના ઈતિહાસમાં સૌથી ઝડપી અડધી સદી ફટકારીને ઈતિહાસ રચ્યો છે. તેણે લખનઉ સુપર જાયન્ટ્સ સામે માત્ર 13 બોલમાં 50 રન બનાવ્યા હતા. આ સિદ્ધિ સાથે તે IPLના 19 વર્ષના ઈતિહાસમાં સૌથી ઝડપી અડધી સદી નોંધાવનાર યશસ્વી જયસ્વાલ સાથે નંબર વન સ્થાન પર પહોંચી ગયો છે. અગાઉ યશસ્વી જયસ્વાલ પણ 13 બોલમાં અડધી સદી ફટકારી ચૂક્યો હતો. લખનઉ સુપર જાયન્ટ્સ દ્વારા નક્કી કરેલા 204 રનના લક્ષ્યનો પીછો કરતી વખતે ઉર્વિલ પટેલે ધુંઆધાર બેટિંગનું કરી.

અડધી સદી ફટકાર્યા પછી, તેણે પોતાના ખિસ્સામાંથી ચિઠ્ઠી કાઢી અને દર્શકોને જોવા માટે તેને ઉપર કરી. તે સ્લિપ પર તેણે જે લખ્યું હતું તે જોઈને તેના પિતાની આંખોમાં પણ આંસુ આવી ગયા. ઉર્વિલ પટેલે જે સ્લિપ પ્રદર્શિત કરી હતી તેના પર અંગ્રેજીમાં લખ્યું હતું:"આ તમારા માટે છે, પાપા..."27 વર્ષીય ઉર્વિલ પટેલે તેની અડધી સદીની ખુલીને સેલિબ્રિટ કરી. તેની ઉજવણીનો એક વીડિયો પણ સોશિયલ મીડિયા પર ઝડપથી વાયરલ થઈ રહ્યો છે.

ચેન્નાઈ સુપર કિંગ્સના યુવા બેટ્સમેન ઉર્વિલ પટેલે ચેન્નાઈના એમ. ચિન્નાસ્વામી સ્ટેડિયમમાં લખનઉ સુપર જાયન્ટ્સ સામે રમતી વખતે માત્ર 13 બોલમાં 7 છગ્ગાની મદદથી અડધી સદી ફટકારી હતી. ઉર્વિલ શરૂઆતથી જ લખનઉના બોલરો સામે હુમલો હતો. એક સમયે, તેણે પોતાના પહેલા 8 બોલમાં 6 છગ્ગા ફટકાર્યા હતા, અને તે યુવરાજ સિંહના 12 બોલમાં સૌથી ઝડપી અડધી સદીનો રેકોર્ડ તોડવાની નજીક પહોંચી ગયો હતો.

તેણે પોતાના પહેલા 8 બોલમાં 41 રન બનાવ્યા હતા. આ IPLના ઈતિહાસમાં કોઈપણ બેટ્સમેન દ્વારા 8 બોલમાં બનાવેલા સૌથી વધુ રન છે. ત્રીજા નંબર પર બેટિંગ કરતા, ઉર્વિલ પટેલે ક્રીઝ પર આવતાની સાથે જ અવેશ ખાનની બોલિંગ પર સતત ત્રણ છગ્ગા ફટકાર્યા. તેની અડધી સદીની ઈનિંગ દરમિયાન, તેણે 7 છગ્ગા અને 1 ચોગ્ગો ફટકાર્યો. આ વિસ્ફોટક ઈનિંગ પછી, ઉર્વિલ ચર્ચાનો વિષય બન્યો છે.

# IPLમાં રોમાંચક જીત બાદ RCBનો ડ્રેસિંગ રૂમ થયો ભાવુક, વિરાટ કોહલીએ સાથી ખેલાડીઓને આપ્યો ખાસ મેસેજ

મુંબઈ ઈન્ડિયન્સ સામેની રોમાંચક IPL જીત બાદ RCB ડ્રેસિંગ રૂમમાં વાતાવરણ ભાવના, ગર્વ અને આત્મવિશ્વાસથી ભરેલું હતું. જીત બાદ કેપ્ટન



વિરાટ કોહલીએ ખેલાડીઓની ખુલ્લેઆમ પ્રશંસા કરતા કહ્યું કે મોટી ટુર્નામેન્ટ જીતવા માટે ટીમને આ પ્રકારની લડાઈ ભાવના અને દબાણ હેઠળ લડવાની માનસિકતાની જરૂર હોય છે. વિરાટ કોહલીએ ખાસ કરીને કૃણાલ પંડ્યાની બેટિંગની પ્રશંસા કરી, તેને આઈપીએલ મેચમાં અત્યાર સુધીની બેસ્ટ ઈનિંગ ગણાવી. તેને કહ્યું કે ઘણા ખેલાડીઓ મુશ્કેલ પરિસ્થિતિઓમાં ભાંગી પડે છે, પરંતુ કેપી ઈજા, ઉછાળો અને ખેંચાણ જેવા પડકારો છતાં ટકી રહ્યો. તેને કહ્યું કે જ્યારે ટીમ મુશ્કેલીમાં હતી, ત્યારે કેપીએ ધીરજ બતાવી, યોગ્ય ક્ષણની રાહ જોઈ અને પછી પોતાના મોટા શોટ્સથી મેચને પલટી નાખી. વિરાટ કોહલીએ ખાસ કરીને ક્રેમ્પ છતાં ફટકારેલા બે છગ્ગાને મેચનો ટર્નિંગ પોઈન્ટ ગણાવ્યો.

પોતાના સંબોધનમાં વિરાટ કોહલીએ સ્પષ્ટપણે કહ્યું કે જો ટીમે IPL જેવી મોટી ટુર્નામેન્ટ જીતવી હોય તો દરેક ખેલાડીએ મુશ્કેલ પરિસ્થિતિઓમાં જવાબદારી લેવી પડશે. તેને કહ્યું કે આ જીત ફક્ત 2 પોઈન્ટ વિશે નથી, પરંતુ ટીમના આત્મવિશ્વાસને મજબૂત કરવા વિશે છે. તેને ખેલાડીઓને તેમની આગામી મેચો એ જ ઉર્જા અને જુસ્સા સાથે ચાલુ રાખવા વિનંતી કરી. ડ્રેસિંગ રૂમમાં ગુંજી ઉઠેલી તાળીઓના ગડગડાટ અને ખેલાડીઓના ચહેરા પરના સ્મિત સ્પષ્ટપણે દર્શાવે છે કે આ જીત ટીમ માટે કેટલી ખાસ હતી.

# મેદાન બાદ મનોરંજનની દુનિયામાં 'હિટમેન' વગાડશે ડંકો, રોહિત શર્માના નવા શોનું ટીઝર રિલીઝ

ભારતીય ક્રિકેટ ટીમના કેપ્ટન અને લાખો ચાહકોના પ્રિય રોહિત શર્મા મેદાન છોડી મનોરંજન ઈન્ડસ્ટ્રીમાં એન્ટ્રી કરી રહ્યા છે. ક્રિકેટના મેદાનમાં ચોગ્ગા-છગ્ગા ફટકારનાર રોહિત શર્મા મનોરંજનની દુનિયામાં ધમાકેદાર એન્ટ્રી કરવા જઈ રહ્યા છે. શાનદાર બેટિંગથી દિલ જીતી લેનાર, રોહિત શર્મા 'હિટ મેન' તરીકે ફેન્સમાં લોકપ્રિય છે. રોહિત શર્મા સોની પિક્ચર્સ સાથેના એક ખાસ પ્રોજેક્ટ દ્વારા ગ્લેમર જગતમાં પોતાનો નવો અવતાર દર્શાવવા તૈયાર છે. તાજેતરમાં એક વીડિયો સામે આવ્યો છે જેમાં રોહિત શર્માએ પોતે પોતાના શો વિશે વિગતો જાહેર કરી છે.



સોની પિક્ચર્સે તેના સત્તાવાર સોશિયલ મીડિયા એકાઉન્ટ પર એક ટીઝર ઝુંબેશ શરૂ કરી છે, જેણે સોશિયલ મીડિયા પર ધૂમ મચાવી છે. આ ટીઝરમાં રોહિત શર્માની ઝલક જોવા મળી રહી છે, જેના કારણે તેના ચાહકોમાં ભારે ઉત્તેજના જોવા મળી રહી છે. વાયરલ થઈ રહેલા ટીઝરમાં રોહિત શર્મા તેના ચાહકો સાથે વાતચીત કરતા જોવા મળે છે. આ દરમિયાન ચાહકો તેને તેનો જાણીતો વાયરલ ડાયલોગ બોલવા માટે વિનંતી કરે છે. ટીઝરના અંતે રોહિત શર્મા મજાકિયા અંદાજમાં કહે છે,"બસ બે લાઈન બોલ્યો અને તે વાયરલ થઈ ગયું! જ્યારે મારો આખો શો આવશે ત્યારે શું થશે?"

હિટમેનના આ પ્રોજેક્ટ વિશે હજુ વધુ વિગતો જાહેર કરવામાં આવી નથી, પરંતુ માનવામાં આવે છે કે તે એક મોટો મનોરંજન શો અથવા ખાસ કાર્યક્રમ હશે. અહેવાલો મુજબ, આ પ્રોજેક્ટ મોટા પાયે આયોજિત છે જેમાં રોહિત સંપૂર્ણપણે અલગ ભૂમિકામાં દેખાશે. રોહિત શર્મા અગાઉ ઘણી જાહેરાતોમાં જોવા મળ્યા છે, પરંતુ મુખ્ય મનોરંજન પ્લેટફોર્મ પર તેમનું આ પ્રથમ મોટું સાહસ છે. ટીઝરના કોમેન્ટ સેક્શનમાં ચાહકો 'હિટમેન'ને આ નવા અવતારમાં જોવા માટે પોતાનો ઉત્સાહ વ્યક્ત કરી રહ્યા છે. હવે જોવાનું એ રહેશે કે ક્રિકેટના મેદાન પર પોતાની કેપ્ટનશીપથી દિલ જીતનાર રોહિત મનોરંજન જગતમાં કેવો જાદુ ચલાવે છે.

# શું હાર્દિક પંડ્યાએ મુંબઈ ઈન્ડિયન્સને કરી દીધું અનફોલો? જાણો સત્ય

મુંબઈ ઈન્ડિયન્સ IPL 2026 માંથી બહાર થઈ ગયું. RCB સામેની હારથી ટાઈટલ રેસમાંથી બહાર થઈ ગયું. હવે, હાર્દિક પંડ્યા અને મુંબઈ ઈન્ડિયન્સ વચ્ચે તણાવના અહેવાલો છે. શું હાર્દિક અને મુંબઈ ફ્રેન્ચાઈઝી વચ્ચે બધું બરાબર છે? આ પ્રશ્ન એ ઉભો થાય છે કારણ કે હાર્દિકે મુંબઈ ઈન્ડિયન્સ સાથે સંબંધિત બધી પોસ્ટ ડિલીટ કરી દીધી હતી. તેના મુંબઈ ઈન્ડિયન્સને અનફોલો કરવાના અહેવાલો પણ છે. હવે, પ્રશ્ન એ છે કે આ પાછળનું સત્ય શું છે?



IPL 2026 માં હાર્દિક પંડ્યાના ખરાબ પ્રદર્શન પછી, મુંબઈ ઈન્ડિયન્સ મેનેજમેન્ટે કેપ્ટન હોવા છતાં તેને ટીમમાંથી પડતો મૂક્યો. હાર્દિક પંડ્યા ન તો તેની કેપ્ટનશીપ દ્વારા ટીમને જીત અપાવી શક્યો, ન તો તેની બેટિંગ કે બોલિંગ ટીમ માટે ઉપયોગી હતી. આ જ કારણ છે કે મેનેજમેન્ટે તેને પડતો મૂક્યો અને સૂર્યકુમાર યાદવને કેપ્ટનશીપ સોંપી. સૂર્યકુમાર યાદવે પાછલી બે મેચ માટે ટીમનું નેતૃત્વ કર્યું હતું, જોકે તેનાથી ટીમને કોઈ ફાયદો થયો ન હતો. દરમિયાન, હાર્દિક પંડ્યાએ મુંબઈ ઈન્ડિયન્સને અનફોલો કરવાના સમાચારે ખળભળાટ મચાવ્યો.

હવે પ્રશ્ન એ છે કે સોશિયલ મીડિયા પર થયેલા હોબાળા પાછળનું સત્ય શું છે? હાર્દિક પંડ્યાએ મુંબઈ ઈન્ડિયન્સને અનફોલો કરી દીધું હતું. તેણે તેમની સાથે જોડાયેલી પોસ્ટ્સ પણ ડિલીટ કરી દીધી હતી. જોકે, આમ કર્યા પછી, તેણે મુંબઈ ઈન્ડિયન્સને ફરીથી ફોલો કરી દીધા. હાર્દિકે 2 મેના રોજ IPL 2026માં તેની છેલ્લી મેચ રમી હતી.તેને આગામી મેચમાંથી બહાર કર્યા પછી,સોશિયલ મીડિયા પર વિવિધ અફવાઓ ફેલાવા લાગી. કેટલાકે દાવો કર્યો કે તેને મુંબઈ છોડીને CSK માટે વેચવામાં આવી રહ્યો છે. કેટલાકે KKR કહ્યું, તો કેટલાકે કંઈક બીજું કહ્યું. દરમિયાન, ટીમના સિનિયરો સાથેના તેના સંબંધો પર પ્રશ્નો ઉભા થયા. જોકે, જ્યાં સુધી મુંબઈ ઈન્ડિયન્સને અનફોલો કરવાની વાત છે,તો હાલમાં એવું નથી. હાર્દિક પંડ્યાની કેપ્ટનશીપ હેઠળ IPL 2026માં મુંબઈ ઈન્ડિયન્સનું સીઝન ખરાબ રહ્યું.તેણે જીત કરતાં વધુ મેચ હારી,અને પરિણામે,ટીમ બહાર થવાની આરે હતી.તેણે આઠ મેચમાં 146 રન બનાવ્યા અને ચાર વિકેટ લીધી.

# આગામી સીરિઝ માટે ઓસ્ટ્રેલિયની ટીમ જાહેર, ત્રણ દિગ્ગજ ખેલાડીઓ થયા બહાર

આગામી સીરિઝ માટે ઓસ્ટ્રેલિયન ક્રિકેટ ટીમની જાહેરાત કરવામાં આવી છે.નોંધપાત્ર વાત એ છે કે, ઓસ્ટ્રેલિયાના કેટલાક અનુભવી ખેલાડીઓને બાકાત રાખવામાં આવશે. ક્રિકેટ ઓસ્ટ્રેલિયાએ ફક્ત પાકિસ્તાન સામેની સીરિઝ માટે જ નહીં પરંતુ બાંગ્લાદેશ સામેની સીરિઝ માટે પણ ટીમની જાહેરાત કરી છે. આ બંને ટીમો વચ્ચે નોંધપાત્ર તફાવત સ્પષ્ટ છે.

### પાકિસ્તાન સામે ત્રણ મેચની ODI સીરિઝ રમાશે

ક્રિકેટ ઓસ્ટ્રેલિયાએ પાકિસ્તાન સામેની ત્રણ મેચની ODI સીરિઝ માટે ટીમની જાહેરાત કરી છે.ટીમના ત્રણ ફાસ્ટ બોલરોને બાકાત રાખવામાં આવ્યા છે.ઉલ્લેખનીય છે કે,પેટ કમિન્સ,મિશેલ સ્ટાર્ક અને જોશ હેઝલવુડ ટીમમાંથી બહાર થયા છે.પરિણામે કેટલાક યુવા અને નવા ખેલાડીઓને તક આપવામાં આવી છે.ઓસ્ટ્રેલિયાએ ટીમમાં ઓછા રેટેડ ખેલાડીઓ લિયામ સ્કોટ અને ઓલી પીકનો સમાવેશ કર્યો છે.કેટલાક ભૂલી ગયેલા ખેલાડીઓનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે.



### 2027 ODI વર્લ્ડ કપ માટે તૈયારી શરૂ

પાકિસ્તાન અને ઓસ્ટ્રેલિયા વચ્ચે આ મહિનાના અંતમાં ત્રણ મેચની ODI સીરિઝ શરૂ થવાની છે. પહેલી મેચ 30 મેના રોજ રમાશે. એવું માનવામાં આવે છે કે આ સીરિઝ 2027 ODI વર્લ્ડ કપ માટે ઓસ્ટ્રેલિયાની તૈયારીઓની શરૂઆત કરશે. આ પછી, ઓસ્ટ્રેલિયન ટીમ બાંગ્લાદેશનો પ્રવાસ કરશે, જ્યાં ત્રણ ODI અને ત્રણ T20 આંતરરાષ્ટ્રીય મેચોની સીરિઝ રમાશે.

### મિશેલ માર્શને ટીમની કેપ્ટનશીપ સોંપવામાં આવી

પેટ કમિન્સ ટીમમાં નથી, તેથી મિશેલ માર્શને ટીમની કમાન સોંપવામાં આવી છે. રસપ્રદ અને આશ્ચર્યજનક રીતે, એક શક્તિશાળી બેટ્સમેન ગણાતા ગ્લેન મેક્સવેલને T20 સીરિઝમાં સામેલ કરવામાં આવ્યા નથી. પેટ કમિન્સ, મિશેલ સ્ટાર્ક અને જોશ હેઝલવુડને આરામ આપવામાં આવ્યો હોવાનું માનવામાં આવે છે અને જ્યારે ટીમ વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ માટે મેદાનમાં ઉતરશે ત્યારે તેઓ ફરીથી જોવા મળશે.

### પાકિસ્તાન સામે ઓસ્ટ્રેલિયા સીરિઝનું સમયપત્રક

પ્રથમ વનડે: 30 મે: રાવલપિંડી
બીજો વનડે: 2જૂન: લાહોર
ત્રીજો વનડે: 4 જૂન: લાહોર

### બાંગ્લાદેશ સામે ઓસ્ટ્રેલિયા સીરિઝનું સમયપત્રક

પ્રથમ વનડે: 9જૂન: ઢાકા
બીજો વનડે: 11 જૂન: ઢાકા
ત્રીજો વનડે: 14 જૂન: ઢાકા
પ્રથમ ટી20I: 17 જૂન: ચિત્તાગોંગ
બીજો ટી20I: 19 જૂન: ચિત્તાગોંગ
ત્રીજો ટી20I: 21 જૂન: ચિત્તાગોંગ

# અમ્પાયર સાથે ઝઘડો કરવો RCBના કોચને મોંઘો પડ્યો, BCCIએ ફટકાર્યો દંડ

RCB મુંબઈ ઈન્ડિયન્સ સામે જીત્યું, પરંતુ તે મેચ દરમિયાન નિયમ ભંગ બદલ તેમના મુખ્ય કોચ સજાથી બચી શક્યા નહીં. RCBના મુખ્ય કોચ એન્ડી ફ્લાવરને દંડ ફટકારવામાં આવ્યો છે અને તેમની મેચ ફીમાં 15 ટકાનો ઘટાડો કરવામાં આવ્યો છે. IPL 2026માં આ પ્રકારનો પહેલો કિસ્સો છે. અત્યાર સુધી, આ સિઝનમાં ફક્ત ખેલાડીઓ અથવા ટીમના કેપ્ટનને દંડ ફટકારવામાં આવ્યો હતો. ટીમના મુખ્ય કોચ પર આ પહેલો દંડ છે.



હવે પ્રશ્ન એ છે કે: એન્ડી ફ્લાવરને દંડ કેમ ફટકારવામાં આવ્યો? તેની મેચ ફીમાં 15 ટકાનો ઘટાડો કેમ કરવામાં આવ્યો? આ પ્રશ્નનો જવાબ અમ્પાયર સાથેના તેમના ઝઘડામાં રહેલો છે. RCBની ઈનિંગની 18મી ઓવર દરમિયાન ફ્લાવરે ચોથા અમ્પાયર સાથે ઉગ્ર દલીલ કરી હતી, જેના પરિણામે દંડ ફટકારવામાં આવ્યો હતો. IPL દ્વારા જારી કરાયેલા એક નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે એન્ડી ફ્લાવરે પોતાની ભૂલ સ્વીકારી હતી. IPL આચારસંહિતાની કલમ 2.3 હેઠળ તેમને દોષિત ઠેરવવામાં આવ્યા હતા. એન્ડી ફ્લાવરના કોચિંગ હેઠળ, રોયલ ચેલેન્જર્સ બેંગ્લોરે IPL 2026માં શાનદાર પ્રદર્શન કર્યું છે.ટીમ પોઈન્ટ ટેબલમાં ટોચ પર છે,અત્યાર સુધી રમાયેલી 11 મેચમાંથી 7 જીતીને અને 14 પોઈન્ટ ધરાવે છે. RCBનો નેટ રન રેટ 1.103 પણ IPL 2026 માં કોઈપણ ટીમ કરતાં શ્રેષ્ઠ છે. તેથી, આ ટીમનું પ્લેઓફ બર્થ નિશ્ચિત લાગે છે.પ્લેઓફમાં પહોંચવાનો અર્થ એ થશે કે સતત બીજી વખત IPL ટાઈટલ જીતવાની એક ડગલું નજીક જવું.

એન્ડી ફ્લાવર IPL 2026 માં દંડ ફટકારવામાં આવનાર પ્રથમ મુખ્ય કોચ છે.અત્યાર સુધી,ફક્ત ખેલાડીઓ અથવા કેપ્ટન પર એક યા બીજા કારણોસર દંડ ફટકારવામાં આવ્યો છે. અત્યાર સુધી જે કેપ્ટનોને દંડ ફટકારવામાં આવ્યો છે તેમાં રુતુરાજ ગાયકવાડ, શ્રેયસ ઐયર, શુભમન ગિલ જેવા નામોનો સમાવેશ થાય છે.

# તેને મરવા દો?... કૃણાલ પંડ્યાની ઈજા પર CSKના ભૂતપૂર્વ ખેલાડીના નિવેદનથી થયો વિવાદ

RCB Vs MI મેચ દરમિયાન ભૂતપૂર્વ સીએસકે ખેલાડી એસ. બદ્રીનાથના એક નિવેદને વિવાદ ઉભો કર્યો. તેને બેટિંગ કરતી વખતે કૃણાલ પંડ્યાની ઈજાને લઈને વિવાદાસ્પદ કોમેન્ટ કરી, જેનાથી લોકો ગુસ્સે થયા.

બદ્રીનાથ તે સમયે IPLના તમિલ પ્રસારણ પર કોમેન્ટ્રી કરી રહ્યા હતા. મુંબઈ ઈન્ડિયન્સ સામે 167 રનના ટાર્ગેટનો પીછો કરતા, આરસીબી 39 રનમાં 3 વિકેટ ગુમાવી ચૂકી હતી. તે મુશ્કેલ પરિસ્થિતિમાં કૃણાલ પંડ્યા મેદાનમાં ઉતર્યો અને ટીમ માટે મેચ વિનિંગ ઈનિંગ રમી.

કૃણાલ પંડ્યાએ 46 બોલમાં 73 રન બનાવ્યા, જેમાં 5 છગ્ગા અને 4 ચોગ્ગાનો સમાવેશ થયો. રાયપુરની ગરમીમાં રમાયેલી આ ઈનિંગ દરમિયાન કૃણાલ પંડ્યાને ખેંચાણ થયું અને તે પીડાથી કણસતો જમીન પર પડ્યો



રહ્યો. ખેલદિલી બતાવતા મુંબઈ ઈન્ડિયન્સનો વિકેટકીપર રાયન રિકલ્ટન તેની મદદ માટે દોડી ગયો. જ્યારે મેદાન પર આ ઘટના બની રહી હતી, ત્યારે તમિલ કોમેન્ટ્રી બોક્સમાં બેઠેલા બદ્રીનાથ આખી ઘટના પર પ્રતિક્રિયા આપી, જેના કારણે વિવાદ થયો.

સોશિયલ મીડિયા મુજબ ભૂતપૂર્વ CSK ખેલાડી એસ બદ્રીનાથે કોમેન્ટ્રી કરતી વખતે કહ્યું હતું કે રાયન રિકલ્ટને કૃણાલ પંડ્યાને મદદ ન કરવી જોઈએ અને તેને જમીન પર ક્રેમ્પથી મરવા દેવો જોઈએ જેથી RCB મેચ હારી જાય. આ નિવેદન બાદ તે ટ્રોલર્સનો શિકાર બન્યો અને કોમેન્ટ્રી પેનલમાંથી તેને દૂર કરવાની માગ કરવામાં આવી.

પરંતુ બદ્રીનાથે સમગ્ર મામલે સ્પષ્ટતા આપી છે અને કહ્યું છે કે તેને આવું કંઈ કહ્યું નથી. RCBએ મુંબઈ ઈન્ડિયન્સ સામેની મેચ 2 વિકેટથી જીતી લીધી. તેને આ રોમાંચક મેચ છેલ્લા બોલ પર જીતી લીધી. આ જીત સાથે આરસીબી પોઈન્ટ ટેબલમાં ટોપ પર પહોંચી ગયું, જ્યારે મુંબઈ આઈપીએલ 2026માંથી બહાર થઈ ગયું.

# 12 વર્ષ બાદ બદલાશે EPF નિયમ, જાણો સેલરી-પેન્શન પર શું અસર પડશે?

કર્મચારી ભવિષ્ય નિધિ સંગઠન (EPFO) એક દાયકાથી વધુ સમય પછી ભવિષ્ય નિધિ (PF) નિયમોમાં ફેરફાર કરવા માટે તૈયાર છે. સરકાર EPF માટે પગાર મર્યાદા વધારવાનું વિચારી રહી છે. આ અંગે અંતિમ નિર્ણય આવતા મહિને EPFOના સેન્ટ્રલ બોર્ડ ઓફ ટ્રસ્ટીઝ (CBT) ની બેઠક દરમિયાન લેવામાં આવે તેવી શક્યતા છે. જો આવું થાય, તો તેની સીધી અસર તમારા માસિક પગાર, પીએફ ફંડ અને નિવૃત્તિ પછી તમને મળતા પેન્શન પર થશે.

ઈપીએફઓએ છેલ્લે 2014 માં વેતન મર્યાદામાં સુધારો કર્યો હતો, જ્યારે તેને 6,500 રુપિયા થી વધારીને 15,000 રુપિયા પ્રતિ માસ કરવામાં આવી હતી. ત્યારથી - એટલે કે, છેલ્લા 12 વર્ષોમાં - મોંઘવારી અને સરેરાશ વેતનમાં નોંધપાત્ર વધારો થયો છે. જોકે, પીએફ યોગદાન માટે મૂળ વેતન મર્યાદા 15,000 રુપિયા પર સ્થિર રહી છે.

વેતન સીમા સ્થિર રહેવાને કારણે ઘણા મધ્યમ આવક ધરાવતા કર્મચારીઓ સામાજિક સુરક્ષાના સંપૂર્ણ લાભોથી વંચિત રહી ગયા છે. હવે આ મર્યાદા વધારીને 25,000 રુપિયા પ્રતિ માસ કરવાની યોજના ચાલી રહી છે. આ નિર્ણય ખાનગી ક્ષેત્રના કાર્યબળ માટે ગેમ-ચેન્જર સાબિત થઈ શકે છે. જો વેતન મર્યાદા વધારવામાં આવે છે, તો મોટી સંખ્યામાં કર્મચારીઓને EPF યોજનાના દાયરામાં લાવવામાં આવશે અને તેઓ સામાજિક સુરક્ષા લાભો મેળશે.




**ટેક હોમ સેલેરી પર શું થશે અસર?**

આ ફેરફારની પ્રાથમિક અને તાત્કાલિક અસર કર્મચારીના'ઈન-હેન્ડ' અથવા'ટેક-હોમ'પગાર પર પડશે. હાલમાં, જો તમારો મૂળ પગાર 15,000 હજાર થી વધુ હોય, તો કંપનીને ફક્ત 15,000 હજાર રુપિયાના આધારે 12% PF કાપવાનો આદેશ છે.

જોકે, નવી મર્યાદા 25,000 રુપિયા સુધી વધારવામાં આવતા, 12% કપાત હવે આ ઉચ્ચ થ્રેશોલ્ડના આધારે ગણવામાં આવશે. આનો મૂળભૂત અર્થ એ છે કે 15,000 રુપિયા થી 25,000 રુપિયાની વચ્ચે પગાર મેળવતા કર્મચારીઓ માટે, તેમના વેતનનો મોટો ભાગ PF માં કાપવામાં આવશે, જેના પરિણામે તેમના ટેક-હોમ પગારમાં થોડો ઘટાડો થવાની સંભાવના છે.

**પેન્શન અને પીએફ કોર્પસ પર પ્રભાવ**

સેલેરીમાં નજીવા ઘટાડાના બદલામાં તમને મળનારો સૌથી મહત્વપૂર્ણ લાભ તમારા રિટાયરમેન્ટ ફંડ (PF કોર્પસ) માં વધારો થશે. કંપનીએ કર્મચારી દ્વારા EPF માં આપવામાં આવેલા યોગદાન જેટલી રકમનું યોગદાન આપવું જરૂરી છે. જેમ જેમ પગાર મર્યાદા વધશે તેમ તેમ કંપનીનું યોગદાન પણ વધશે. તે જ સમયે કર્મચારી પેન્શન યોજના (EPS) માં ફાળવવામાં આવેલ ભાગ પણ વધશે. પગાર મર્યાદામાં આ વધારાનો સુધારો તમારા ભવિષ્યના પેન્શન રકમમાં વધારો કરશે.

# ડાયબિટીસમાં કેરી ખાઈ શકાય? જાણો કેટલી માત્રામાં સેવન કરવું...

ઉનાળાની ઋતુ આવતાની સાથે જ બજારો રસદાર અને મીઠી કેરીઓ વેચાવાની શરુ થાય છે. "ફળોના રાજા" તરીકે ઓળખાતી આ કેરી દરેક ઉંમરના લોકો માટે ટોચની પસંદગી બની જાય છે. તેની સુગંધ અને સ્વાદ એટલો આકર્ષક હોય છે કે તેને જોતાં જ ખાવાની ઈચ્છા થઈ જાય છે. બાળકો હોય કે પુખ્ત વયના, દરેક વ્યક્તિ કેરીના આગમનની આતુરતાથી રાહ જુએ છે.




જોકે, આ વચ્ચે ડાયાબિટીસના દર્દીઓના મનમાં ઘણીવાર એક ચિંતા ઘર કરી લે છે: એ ડર કે તેનું સેવન કરવાથી તેમના બ્લડ શગરનું સ્તર વધી શકે છે. તેના મીઠા સ્વાદને કારણે, તેઓ વારંવાર તેને ખાવામાં અચકાય છે. પરિણામે, પ્રશ્ન મહત્વપૂર્ણ બની જાય છે: શું ડાયાબિટીસના દર્દીઓ માટે કેરી ખાવી સલામત છે, અને જો એમ હોય તો તેમના આહારમાં કેટલી માત્રામાં કેરીનો સમાવેશ કરવો યોગ્ય રહેશે?

ડાયેટિશિયનોના અનુસાર, ડાયાબિટીસના દર્દીઓ પણ મર્યાદિત માત્રામાં કેરીનું સેવન કરી શકે છે. કેરીનો ગ્લાયકેમિક ઈન્ડેક્સ આશરે 51 છે, જે ખાસ ઊંચો માનવામાં આવતો નથી. આનો અર્થ એ છે કે, તે લોહીમાં શુગરના સ્તરમાં અચાનક, ઝડપી વધારો કરતું નથી. તેથી, જ્યારે સમજદારીપૂર્વક ખાવામાં આવે છે, ત્યારે કેરી કોઈ નુકસાન પહોંચાડતી નથી.

કેરીમાં ગ્લાયકેમિક લોડ ઓછો હોય છે, જેનો અર્થ એ થાય કે તે શરીરમાં ધીમે ધીમે શુગર રિલિઝ કરે છે. તેમાં હાજર ફાઈબર સંતુલિત બ્લડ શુગરના લેવલને જાળવવામાં મદદ કરે છે. આ ઉપરાંત તેમાં જોવા મળતા પોષક તત્વો - જેમ કે વિટામિન સી, એ, બી અને કે, તેમજ કેલ્શિયમ, આયર્ન અને પોટેશિયમ - શરીરને મજબૂત બનાવવામાં મદદ કરે છે.

કેરીમાં રહેલું "મેંગિફેરિન" નામનું બાયોએક્ટિવ કમ્પાઉન્ડ બ્લડ શુગર લેવલને નિયંત્રિત કરવામાં મદદ કરી શકે છે. ઘણા રિસર્ચમાં એવું પણ જાણવા મળ્યું છે કે કેરી ભોજન પછી બ્લડ શુગગર (PP sugar) સંતુલિત રાખવામાં મદદરૂપ થઈ શકે છે.

ડાયાબિટીસના દર્દીઓ માટે ભાગના કદ પર ધ્યાન રાખો. નિષ્ણાતોના મતે, દરરોજ આશરે 100 ગ્રામ - અથવા અડધો કપ - કેરીનું સેવન સલામત માનવામાં આવે છે. આ માત્રાથી વધુ ખાવાથી બ્લડ શુગરના સ્તર પર અસર થઈ શકે છે. કેરી ખાતી વખતે તેને એકલી ન ખાઓ. તેના બદલે, તેને પ્રોટીનયુક્ત ખોરાક જેમ કે બદામ, ઈંડા અથવા ચીઝ સાથે ખાઓ. આ બ્લડ શુગરના સ્તરમાં ઝડપી વધારો અટકાવે છે અને શરીરમાં સંતુલિત ઉર્જા સ્તર જાળવવામાં મદદ કરે છે. ડાયાબિટીસના દર્દીઓ માટે કેરી ખાવાની પૂરી રીતે મનાઈ નથી. જો યોગ્ય માત્રામાં અને યોગ્ય મિશ્રણમાં તેનો ઉપયોગ કરવામાં આવે તો, તે ઉનાળાના સ્વાદમાં વધારો કરે છે અને સ્વાસ્થ્યને પણ કોઈ નુકસાન પહોંચાડતું નથી.

# બુકિંગ બાદ તમને મળશે LPG ગેસ સિલિન્ડર કે નહીં? આ રીતે ચેક કરો

મિડલ ઈસ્ટમાં ચાલી રહેલા તણાવને કારણે, લોકોને હવે ગેસ સિલિન્ડર મેળવવા માટે વધુ રાહ જોવાનો સામનો કરવો પડી રહ્યો છે. સરકારે એ પણ સ્વીકાર્યું છે કે ગેસ સિલિન્ડર અગાઉ 2-3 દિવસમાં પહોંચાડવામાં આવતા હતા, પરંતુ હવે આ પ્રક્રિયામાં 4-5 દિવસ લાગી શકે છે.

જોકે, સરકારે જણાવ્યું છે કે ઝડપી ડિલિવરી સેવાઓ ટૂંક સમયમાં પહેલાની જેમ જ કરવામાં આવશે. આ વચ્ચે, જો તમે પણ LPG ગેસ સિલિન્ડર બુક કરાવ્યું છે, તો શું તમે જાણો છો કે તમને તે ખરેખર મળશે કે નહીં? આવો જાણીએ કે તમે આ કેવી રીતે ચેક કરી શકો છો...

**કેવી રીતે ચેક કરવુ ગેસ સિલિન્ડરનું સ્ટેટસ?**

જો તમે ગેસ સિલિન્ડર બુક કરાવ્યું છે

તો ચેક કરો તે તમને DAC નંબર મળ્યો છે કે નહીં.

ગેસ સિલિન્ડર મેળવતી વખતે ડિલિવરી બોયને આ નંબર આપવો જરુરી હોય છે.

જો તમારી પાસે DAC નંબર આવી ગયો, તો તમે ટૂંક સમયમાં તમારો સિલિન્ડર મેળવવાની અપેક્ષા રાખી શકો છો.

જો કે, જો તમને તમારા મોબાઈલ ફોન પર DAC નંબર મળ્યો નથી, તો તેનો અર્થ એ કે તમારે થોડી વધુ રાહ જોવી પડી શકે છે.

DAC નંબર મળ્યા પછી જ તમારા ગેસ સિલિન્ડરની ડિલિવરી કન્ફર્મ થાય છે.

**ગેસ બુકિંગના કેટલા દિવસ બાદ મળે છે DAC નંબર?**

ગેસ સિલિન્ડર બુક કરાવ્યાના 1-2 દિવસની અંદર તમને તમારા રજિસ્ટર્ડ મોબાઈલ નંબર પર DAC નંબર આવી જાય છે.

જોકે, હાલની પરિસ્થિતિઓમાં આ પ્રક્રિયામાં ક્યારેક એક અઠવાડિયા જેટલો સમય લાગી શકે છે.

DAC નંબર તમારા રજિસ્ટર્ડ મોબાઈલ નંબર પર મેસેજ દ્વારા પહોંચાડવામાં આવે છે.

**DAC નંબર ના આવે તો શું કરવું?**

જો તમને ગેસ સિલિન્ડર બુક કરાવ્યાના ઘણા દિવસો પછી પણ DAC નંબર ન મળ્યો હોય, તો ચિંતા કરવાની કોઈ જરૂર નથી.

તમે ડિલિવરી બોયને તમારા માટે નવો DAC નંબર જનરેટ કરવા માટે વિનંતી કરી શકો છો.

તમે તમારી ગેસ એજન્સીનો સંપર્ક કરી શકો છો.

તેઓ તમને યોગ્ય મદદ કરી શકાય છે.




# હોન્ડાના આ બાઈકમાં ગડબડી, કંપનીએ કર્યું રિકોલ, ફ્રીમાં કરશે રીપેર

હોન્ડાએ તેના CB1000 Hornet SP બાઈકને પાછું ખેંચ્યું છે. આ રિકોલ 30 સપ્ટેમ્બર, 2024 અને 22 ઓગસ્ટ, 2025 વચ્ચે બનેલા મોટરસાયકલોને લાગુ પડે છે. આ રિકોલ બે ટેકનિકલ સમસ્યાઓને લીધે થયું છે. જેમાં પ્રથમ ફ્યુઅલ ફીડ હોઝના રૂટીંગનો પ્રોબ્લેમ છે જેમાં અમુક પરિસ્થિતિઓમાં સેફટી સુનિશ્ચિત કરવા માટે ઈન્સ્પેકશનની જરૂર પડી છે. તો બીજું છે એન્જિન ઓઈલ કન્ઝમ્પશનની ચિંતા. જે અમુક કોમ્પોનેન્ટની લાક્ષણિકતાઓના આધારે બદલાઈ શકે છે અને બેસ્ટ એન્જિન પરફોર્મ જાળવવા માટે યોગ્ય ઈન્સ્પેકશનની જરૂર પડી છે.



ગ્રાહકો આ સમસ્યાથી પ્રભાવિત ન થાય તેની ખાતરી કરવા માટે કંપની દેશભરમાં તેના ઓથોરાઈઝ બિગવિંગ ટોપલાઈન ડીલરો પર ઈન્સ્પેકશનની અને રીપેર કરશે. આ કેમ્પેઈનમાં ફ્યુઅલ ફીડ હોઝના રૂટીંગને સુધારવા અને જો જરૂરી હોય તો અસરગ્રસ્ત એન્જિન કોમ્પોનેન્ટને બદલાશે. કંપની આ કાર્ય માટે કોઈપણ ગ્રાહક પાસેથી ચાર્જ લેશે નહીં.

આ અંગે માહિતી કોલ, ઈમેઈલ કે SMS દ્વારા પૂરી પાડવામાં આવશે. કંપની તેના બિગવિંગ ટોપલાઇન ડીલરો દ્વારા ગ્રાહકોને જાહેરાતની તારીખે ઓથોરાઈઝ ડીલરશીપની મુલાકાત લેવા માટે કૉલ, ઈમેઈલ અથવા SMS મોકલીને સૂચિત કરશે. ડીલરશીપ પર કોઈપણ મુશ્કેલી કે રાહ જોવાના સમયને ટાળવા માટે ગ્રાહકોને ઉપલબ્ધતાના આધારે અગાઉથી તેમની સર્વિસ એપોઈન્ટમેન્ટ બુક કરવાની સલાહ આપવામાં આવે છે. ગ્રાહકો હોન્ડા વેબસાઈટ પર તેમનો VIN (વ્હીકલ આઈડેન્ટિફિકેશન નંબર) સબમિટ કરીને તેમની બાઈક આ કેમ્પેઈનનો ભાગ છે કે નહીં તે પણ વેરીફાઈ કરી શકે છે.

આ બાઈકના ફીચર્સ વિશે વાત કરીએ તો Honda CB1000 Hornet SP માં 999cc ઈનલાઈન 4-સિલિન્ડર એન્જિન આવે છે, જે 155 bhp પાવર અને 107 Nm ટોર્ક જનરેટ કરે છે. તેમાં સ્લિપર ક્લચ, બાય-ડાયરેક્શનલ ક્વિક-શિફ્ટર, હોન્ડા સિલેક્ટેબલ ટોર્ક કંટ્રોલ અને વધુ સારા પર્ફોમન્સ માટે 5 રાઈડિંગ મોડ્સ આવે છે.

## ઉનાળામાં માટલાનું પાણી શા માટે ઠંડું હોય છે?



મિત્રો, કેટલીકવાર આપણે સાંભળતા કે અનુભવતા હોઈએ છીએ કે માટલાનું પાણી એકદમ શીતળ હોય છે કે તે માટલામાં ઠંડુ રહે છે કે માટલાંના પાણીથી સંતોષ છીપાય છે વગેરે વગેરે... માટલાનું પાણી ઠંડું રહેવા પાછળ બાષ્પીભવનની પ્રક્રિયા જવાબદાર છે. બાષ્પીભવન થવા માટે પ્રવાહીનું વરાળમાં રૂપાંતર થવું જરૂરી છે. આ માટે પ્રવાહીને ગરમી મળે તે પણ જરૂરી છે, પરંતુ માટલામાં ઠંડા પાણી રહે તે માટે કુદરતી રીતે થતી બાષ્પીભવનની પ્રક્રિયા જવાબદાર છે. માટલું માટીમાંથી બનાવવામાં આવે છે. હવે માટીના કણો ભલે એકબીજા સાથે જોડાયેલાં હોય છતાંપણ માટલામાં સૂક્ષ્મછેદ રહેલાં હોય છે. આ છેદને કારણે માટલામાં રહેલું પાણી શોષાય છે અને ત્યારબાદ આ પાણી બાષ્પીભવન પામવાની પ્રક્રિયા તરફ આગળ વધે છે. પરિણામે તે માટલાંને જે ગરમી અડે છે તે શોષી લે છે અને હવામાં બાષ્પીભવન પામે છે અને આ રીતે માટલાંને જે ગરમી અડે છે તે પાણી દ્વારા શોષાઈ જાય છે અને માટલામાં રાખેલું પાણી ગરમ નથી થતું. કાચના ગ્લાસમાં કે અન્ય કોઈ વાસણ કે જે માટીમાંથી ન બન્યું હોય તેમાં પાણી નૈસિંગક રીતે ઠંડુ નથી થતું કારણકે તેમાં કાણાં નથી હોતા.

# ફોનને સ્વીચ ઑફ કરવો બેસ્ટ કે પછી...? જાણો કંપની કેમ આપી રહી છે 2 ઓપ્શન

શું તમે ક્યારેય વિચાર્યું છે કે ફોન બંધ કરવા માટે બે વિકલ્પો શા માટે છે રીસ્ટાર્ટ અને પાવર ઓફ? જો કંપનીઓ ઈચ્છતી હોત, તો તેઓ ફક્ત એક જ વિકલ્પ આપી શકે છે. તેવામાં સવાલ ઉભો કરે છે કે બેમાંથી કયો સારો છે, અને આપણે કયો ઉપયોગ કરવો જોઈએ? હકીકતમાં સ્માર્ટફોન પર Switch Off અને Restart ઓપ્શન આપવા પાછળનો લોજિક અલગ છે. ઘણા લોકો માને છે કે જો ફોન બંધ કરવામાં આવે અને પછી જ્યારે તે ફ્રીઝ થાય ત્યારે પાછો ચાલુ કરવામાં આવે, તો તે "ડીપ ક્લીન"માંથી પસાર થાય છે. જો કે, વાસ્તવિકતા એ છે કે, રીસ્ટાર્ટ અને પાવર ઓફ બંને બધી બેકગ્રાઉન્ડ પ્રોસેસ પૂરી રીતે બંધ કરે છે. રિપોર્ટસ અનુસાર, ટેકનિકલ દ્રષ્ટિકોણથી, ફોન બંધ કરવા માટે બે અલગ અલગ પદ્ધતિઓ છે. આ બંને પદ્ધતિઓના પરિણામે તમારો ફોન સંપૂર્ણપણે શૂન્યથી શરૂ થાય છે. કહેવાનો અર્થ છે કે, તેના ઉપયોગ પર ફોનમાં કોઈ ઓપરેશન ચાલી શકતુ નથી.




રિપોર્ટસ અનુસાર, ટેકનિકલ દ્રષ્ટિકોણથી, ફોન બંધ કરવા માટે બે અલગ અલગ પદ્ધતિઓ છે. આ બંને પદ્ધતિઓના પરિણામે તમારો ફોન સંપૂર્ણપણે શૂન્યથી શરૂ થાય છે. કહેવાનો અર્થ છે કે, તેના ઉપયોગ પર ફોનમાં કોઈ ઓપરેશન ચાલી શકતુ નથી.

ઘણા લોકો માને છે કે ફોન બંધ કરવો તે વધુ સારું કાર્ય કરે છે. જોકે, એ ધ્યાનમાં રાખવું જરૂરી છે કે ફોન બુટ થવા પર વધુ બેટરી પાવર વાપરે છે. તેથી જો તમે તમારા ફોનને આઠ કલાકથી વધુ સમય માટે બંધ રાખવાનો ઈરાદો ધરાવતા નથી, તો તેને સંપૂર્ણપણે બંધ કરવા કરતાં તેની જગ્યા રીસ્ટાર્ટ કરી લો. ફોનની લાંબી ઉંમર આપવા માટે લેગથી બચવા માટે સમય સમયે રીસ્ટાર્ટ કરતા રહેવુ જોઈએ. હકીકતમાં, રીસ્ટાર્ટ કરવામાં ખૂબ જ ઓછો સમય લાગે છે અને ફોનને ફરીથી સરળતાથી ચલાવવા માટે પૂરતો છે. હવે સવાલએ ઊભો થાય છે કે જો ફક્ત રીસ્ટાર્ટ કરવું પૂરતું હોય, તો "પાવર ઓફ" ઓપ્શન શા માટે આપવામાં આવે છે, અથવા તેનો ઉપયોગ ક્યારે કરવું જોઈએ? ધારો કે તમારો ફોન ખૂબ જ ગરમ થઈ રહ્યો છે. આવા કિસ્સામાં તમારે તેને બંધ કરી દેવો જોઈએ. જ્યારે તમે રીસ્ટાર્ટ કરો છો, ત્યારે બેકગ્રાઉન્ડ પ્રક્રિયાઓ તરત જ ફરી શરૂ થાય છે, જેનાથી ફોનને ઠંડુ થવાનો સમય મળતો નથી.

# ઉનાળામાં લીમડાના પાણીથી સ્નાન કરવાના છે અદભૂત ફાયદા

આયુર્વેદમાં લીમડાના ઝાડને એક શક્તિશાળી જડીબુટ્ટી માનવામાં આવે છે. તેના પાનથી લઈને છાલ સુધીના દરેક ભાગનો ઉપયોગ રોગનિવારણ માટે કરવામાં આવે છે. ખાસ કરીને લીમડાના પાનને પાણીમાં ઉકાળીને તે પાણીથી સ્નાન કરવાથી શરીરમાં રહેલા બેક્ટેરિયાનો નાશ થાય છે અને અનેક પ્રકારની બીમારીઓથી બચી શકાય છે. જો તમે ડેન્ડ્રફ (ખોડો) થી પરેશાન હોવ, તો લીમડાનું પાણી શ્રેષ્ઠ ઉપાય છે. લીમડામાં ત્વચાના રોમછિદ્રો ખોલવાનો ગુણ હોય છે, જે સ્કેલ્પને સાફ રાખે છે. તેનાથી વાળમાં કુદરતી ચમક આવે છે અને વાળ મુલાયમ બને છે. લીમડામાં રહેલા એન્ટી-માઈક્રોબિયલ ગુણો ત્વચા માટે અત્યંત કારગર છે. અછબડા (ચિકનપોક્સ) જેવી બીમારીમાં ડોક્ટરો પણ લીમડાના પાણીથી સ્નાન કરવાની સલાહ આપે છે. આ ઉપરાંત ખીલ, બ્લેકહેડ્સ, ડાર્ક સ્પોટ્સ અને ત્વચા પરના નિશાન દૂર કરવામાં પણ આ પાણી ખૂબ મદદરૂપ થાય છે. ઉનાળામાં પસીનાને કારણે શરીરમાં બેક્ટેરિયા પેદા થાય છે, જે દુર્ગંધનું કારણ બને છે. લીમડાના એન્ટી-બેક્ટેરિયલ ગુણો આ બેક્ટેરિયાનો નાશ કરે છે, જેથી શરીરની દુર્ગંધ દૂર થાય છે અને તમે તાજગી અનુભવો છો. લીમડાનું પાણી આંખો માટે પણ ફાયદાકારક સાબિત થઈ શકે છે. તેમાં રહેલા ગુણો આંખોના ઈન્ફેક્શનને રોકવામાં મદદ કરે છે.

## સફેદ વાળને કુદરતી રીતે કાળા કેવી રીતે કરશો? જાણો ઘરેલું ઉપાય



સફેદ વાળની સમસ્યાથી બચવા માટે ડાઈના બદલે કુદરતી ઉપાયો સુરક્ષિત અને અસરકારક હોય છે. ઘરેલું ઉપાય કરવાથી ધીમે ધીમે વાળને કાળો કુદરતી રંગ પાછો મળી શકે છે અને હેર ગ્રોથ પણ થઈ શકે છે. સૌપ્રથમ લોખંડના તપેલીમાં 2 કપ પાણી લો. તપેલીમાં લવિંગ, આમળા પાવડર, મીઠો લીમડો અને થોડી કોફી પાવડર ઉમેરો. ઔષધીય ઘટકોના આ મિશ્રણને સારી રીતે ઉકાળો. ત્યારબાદ આ મિશ્રણને ગાળી લો અને મહેંદીને જોડે એક બાઉલમાં સારી રીતે મિક્સ કરો. સફેદ વાળને કુદરતી રીતે કાળા કરવા માટે આ પેસ્ટને તમે તમારા હેર કેર રૂટિનમાં સામેલ કરી શકો છો. આ પેસ્ટને તમારા માથાની ચામડી અને વાળ પર સારી રીતે લગાવો. શ્રેષ્ઠ પરિણામો માટે આ પોષક તત્વોથી ભરપૂર પેસ્ટને તમારા વાળ પર 2 કલાક માટે રહેવા દો. લગભગ 2 કલાક પછી તમે તમારા વાળ ધોઈ શકો છો. થોડા જ અઠવાડિયામાં તમે કુદરતી રીતે તમારા સફેદ વાળ કાળા કરી શકશો. આ હેર પેકમાં રહેલા ઘટકો તમારા વાળને ઊંડાણપૂર્વક પોષણ આપવામાં અસરકારક સાબિત થઈ શકે છે. એકંદરે આ હેર પેક તમારા વાળના સ્વાસ્થ્ય માટે વરદાન બની શકે છે.

# ઘરમાં પડેલો જૂનો મોબાઈલ બની શકે ખેતરનો CCTV કેમેરા, એ કઈ રીતે?

*ડ્રોઅરમાં બેકાર પડી રહેલા જૂના સ્માર્ટફોનને ફેંકી દેવાને બદલે તેને તમારા ખેતરનો રખેવાળ બનાવો*

ડ્રોઅરમાં બેકાર પડી રહેલા જૂના સ્માર્ટફોનને ફેંકી દેવાને બદલે તેને તમારા ખેતરનો રખેવાળ બનાવો. ફક્ત એક સિક્યોરીટી એપ્લિકેશન અને ઈન્ટરનેટની મદદથી તમે ગમે ત્યાંથી તેનું લાઈવ નિરીક્ષણ કરી શકો છો. આજકાલ લોકો ઘરની સુરક્ષા માટે સીસીટીવી કેમેરા લગાવે છે. પરંતુ આજકાલ લોકો ઘરની સાથે સાથે ખેતરોની સલામતી પર પણ ધ્યાન આપે છે. ઘણા લોકો તેમના ખેતરોમાં સીસીટીવી કેમેરા લગાવે છે. જો તમે પણ તમારા ખેતર માટે સીસીટીવી લગાવવા માંગતા હો તો સીસીટીવી કેમેરા ખરીદવાની જરૂર નથી. તમે ઘરે પડેલા જૂના ફોનનો ઉપયોગ કરી શકો છો.

જેઓ મોંઘા સુરક્ષા કેમેરા સેટઅપ પર હજારો રૂપિયા ખર્ચવા માંગતા નથી તેમના માટે આ એક ઉત્તમ ઉકેલ છે. ફક્ત કાર્યરત કેમેરા અને ઈન્ટરનેટ કનેક્શન સાથે તમે ગમે ત્યાંથી તમારા પાક અને જમીન પર નજર રાખી શકો છો. ચાલો તમને બતાવીએ કે થોડીવારમાં આ સેટઅપ કેવી રીતે સેટ કરવું. તમારા જૂના ફોનને સીસીટીવી બનાવવા માટે તમારે AlfredCamera અથવા AtHome જેવી એપ્લિકેશનોની જરૂર પડશે. તમારે તમારા જૂના ફોન અને તમારા હાલના ફોન બંને પર એક જ એપ ડાઉનલોડ કરવાની જરૂર પડશે. પછી બંને ઉપકરણોને એક જ Gmail એકાઉન્ટ સાથે સિંક કરો.




તમારા જૂના ફોનને "કેમેરા" તરીકે સેટ કરો અને તમારા નવા ફોનને મોનિટર તરીકે સેટ કરો. એકવાર કનેક્શન સ્થાપિત થઈ જાય પછી તમારા જૂના ફોનનો કેમેરામાં જે કંઈ દેખાશે તેનું લાઈવ સ્ટ્રીમિંગ સીધુ તમારા નવા ફોનની સ્ક્રીન પર થશે. આ પ્રક્રિયા ખૂબ જ સરળ છે અને તેને કોઈ કોડિંગની જરૂર નથી.

તમારા ખેતરની રખેવાળી કરવા માટે તમારો ફોન 24 કલાક ચાલુ હોવો જોઈએ. આ માટે તમારી પાસે પાવર સોર્સ અથવા પાવર બેંક હોવી જોઈએ. જો ખેતરમાં વીજળી હોય તો ચાર્જરને પ્લગ ઈન રાખો. ઈન્ટરનેટ ઍક્સેસ માટે તમે તમારા જૂના ફોનમાં ઓછા ખર્ચે ડેટા પેક સાથે સિમ કાર્ડ દાખલ કરી શકો છો અથવા નજીકમાં પોર્ટેબલ Wi-Fi રાઉટર રાખી શકો છો.

સૌથી ઉપયોગી ફીચર છે મોશન ડિટેક્શન મોડ. તેને ચાલુ કરવાથી કેમેરા ફક્ત ત્યારે જ રેકોર્ડિંગ શરૂ કરશે જ્યારે તે હલનચલન જુએ છે. આનાથી તમારો ડેટા બચશે અને તમારા ફોનની બેટરી પરનો લોડ ઓછો થશે.

તમારા ફોનને ખેતર જેવા ખુલ્લા વિસ્તારમાં રાખવો પડકારજનક હોઈ શકે છે. તેને ઊંચા ઝાડ, થાંભલા અથવા દિવાલ પર લગાવો, જ્યાંથી તેમાં આખા ખેતરનો સ્પષ્ટ દૃશ્ય જોઈ શકાય. ફોનને વરસાદ, સીધો સૂર્યપ્રકાશ અને ધૂળથી બચાવવા માટે પારદર્શક બોક્સ અથવા વોટરપ્રૂફ કવરનો ઉપયોગ કરવાનું ભૂલશો નહીં.

આ સેટઅપનો બીજો મોટો ફાયદો ટૂ-વે ઑડિઓ ફીચર છે. જો તમને ખેતરમાં કોઈ શંકાસ્પદ હિલચાલ અથવા રખડતા પ્રાણીઓ દેખાય છે, તો તમે તમારા નવા ફોનથી બોલી જૂના ફોનના સ્પીકર દ્વારા અવાજ આઉટપુટ કરી શકો છો. જેનાથી પ્રાણીઓ ડરીને ભાગી જશે અને ચોરોને ચેતવણી આપશે.

### વડોદરામાં મોદીની પુનઃ પ્રજાને અપીલ

# પેટ્રોલ-ડિઝલનો ઉપયોગ ઓછો કરો - સોનાની ખરીદી ટાળો

વડોદરા, તા. ૧૧

વડાપ્રધાન ગઈકાલે રવિવાર રાતથી બે દિવસીય ગુજરાત પ્રવાસે છે. ગત મોડી રાત્રે સ મોદીએ જામનગરમાં બંગાળ જીતની ઉજવણીના કાર્યક્રમમાં હાજરી આપી હતી. જે બાદ જામનગર રાજભવનમાં રાત્રિ રોકાણ કરી સ મોદીએ આજે સોમવારે સવારે સોમનાથમાં 'સોમનાથ અમૃત મહોત્સવ'માં ભાગ લીધો હતો. સાંજે તેઓ સંસ્કારી નગરી વડોદરા પહોંચ્યા. જ્યાં સરદારધામ-૩ના લોકાર્પણ બાદ વડાપ્રધાન મોદીને 'સરદાર ગૌરવ રત્ન' એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા હતા.

ગઈ કાલે હૈદરાબાદ બાદ આજે વડોદરામાં વડાપ્રધાન મોદીએ ફરી કહ્યું કે જ્યાં સુધી સામાન્ય સ્થિતિ ન થાય ત્યાં સુધી સોનાની ખરીદી ટાળો, પેટ્રોલ, ડીઝલ, ગેસ જરૂરિયાત પ્રમાણે વાપરો, ખાદ્ય તેલનો ઉપયોગ ઓછો કરો, ઓફિસમાં વર્ક ફ્રોમ હોમની વ્યવસ્થા ગોઠવો, વિદેશમાં લગ્ન કરવા તેમજ ફરવા જવાનું ટાળો, ભારતમાં પ્રવાસને મહત્વ આપો, વધુમાં વધુ જાહેર પરિવહનનો ઉપયોગ કરો, શાળાઓ પણ ઓનલાઈન ક્લાસીસને મહત્વ આપો. આ નાના નાના પ્રયાસ જો ૧૪૦ કરોડ લોકો એક સાથે અનુસરે તો રાષ્ટ્રની તાકાત વધશે. જેનાથી આવેલું સંકટ ભારતની પ્રગતિ અને વિકાસને અવરોધે નહીં.

**વડોદરામાં સરદાર ધામ-૩ નું મોદી દ્વારા લોકાર્પણ**
**મોદીને સરદાર ગૌરવ રત્ન એવોર્ડથી સન્માનિત કરાયા**



'બંગાળ, આસામ અને પુડુચેરીના પરિણામથી દેશ ખુશ, ગુજરાતમાં સ્થાનિક ચૂંટણીમાં પણ શાનદાર પરિણામ આવ્યું, જેની ચર્ચા સમગ્ર દેશમાં થઈ રહી છે. ગુજરાતની જનતાએ હંમેશા રાજનૈતિક સ્થિરતાને મહત્વ આપ્યું, આ લોકોની દૂરદર્શિતા છે, જ્યાં રાજનૈતિક સ્થિરતા ત્યાં અર્થ વ્યવસ્થાને ગતિ, ગુજરાતે આ વાત પહેલાથી સમજી લીધી છે, જેનું પરિણામ વિકાસના નામે મળી રહ્યું છે'

'તમારા કાર્યક્રમનો હિસ્સો મને સુખદ લાગે છે અને લાગે છે કે ઘરમાં આવ્યો છું. કારણ કે તમારી વચ્ચે આવીને સમાજની શક્તિનો અહેસાસ થાય છે. જ્યારે ક્યાંય વાસ્તવિક બદલાવ થાય છે તે સમાજની સામુહિક તાકાતથી જ થાય છે. વડોદરામાં સરદાર ધામ સાથે જોડાયેલા મહત્વપૂર્ણ પ્રોજેક્ટનું લોકાર્પણ અને શિલાન્યાસ થઈ રહ્યો છે આજનો આ દિવસ પુણ્ય પર્વથી ઓછો નથી'

વડા પ્રધાન નરેન્દ્ર મોદીના વડોદરા આગમનને પગલે શહેરના વહીવટી તંત્ર અને પોલીસ વિભાગ દ્વારા સુરક્ષા તેમજ ટ્રાફિક વ્યવસ્થાને લઈને કડક સૂચનાઓ બહાર પાડવામાં આવી છે. ૧૧ મે, ૨૦૨૬ના રોજ સાંજે ૪ વાગ્યાથી PMના નિર્ધારિત રૂટ પર સામાન્ય જનતા માટે ટ્રાફિકની અવરજવર પર પ્રતિબંધ મુકાયો છે. ટ્રાફિકની સમસ્યા ન સર્જાય તે માટે ડિવિઝનલ ટ્રાફિક પોલીસ દ્વારા મહત્વના રસ્તાઓ ડાયવર્ટ કરવામાં આવ્યા છે અને નાગરિકોને નિર્ધારિત વૈકલ્પિક માર્ગોનો ઉપયોગ કરવા અપીલ કરવામાં આવી છે.

ગોલ્ડન બ્રિજથી શહેરમાં પ્રવેશબંધી રહેશે, સાથે જ એરપોર્ટ સર્કલથી મોતીભાઈ પટેલ સર્કલ સુધીનો રસ્તો પણ બંધ રાખવામાં આવ્યો છે. તેની જગ્યાએ હરણી અને ગદા સર્કલ તરફ જતા વાહનચાલકોએ સમા લિંક રોડ અને દેણા ચેક પોસ્ટ જેવા વૈકલ્પિક માર્ગોનો ઉપયોગ કરવાનો રહેશે. સુરક્ષાના કારણોસર નિર્ધારિત રૂટની બંને બાજુએ ૧૦૦ મીટર સુધી કોઈપણ વાહન પાર્ક કરી શકાશે નહીં. આ તમામ નિયમો ૧૧ મે, ૨૦૨૬ના રોજ સાંજે ૪ વાગ્યાથી કાર્યક્રમ પૂર્ણ થાય ત્યાં સુધી અમલમાં રહેશે. અમિતનગર બ્રિજ અને સંગમ ચાર રસ્તા જેવા રૂટ એરપોર્ટ તરફ જવા માટે ખુલ્લા રાખવામાં આવ્યા છે.

આ ઉદઘાટન સમારંભ પ્રસંગે વડાપ્રધાનને આવકારવા અને તેમનું ભવ્ય સ્વાગત કરવા વડોદરા કોર્પોરેશન દ્વારા શહેરીજનોને સ્વાગત સ્થળે લાવવા લઈ જવા માટે ૩૦૦ બસની વ્યવસ્થા કરવામાં આવી છે. હાલમાં ત્રાહિમામ ગરમીમાં પણ ઉત્સાહિત શહેરીજનોને લઈ જવા લાવવા માટે નવલખી મેદાન ખાતેથી ૧૦૦ બસમાં લોકોને લઈ જવાની વ્યવસ્થા કરવામાં આવી છે. હાલની ત્રાહિમામ ગરમીમાં આ તમામને બસમાં ઠંડા પાણી સહિત ઠંડા પીણા પણ સગવડ આપવા સહિત ઠંડા પાણીના જગ પણ બસમાં રાખવામાં આવ્યા છે. તેવી જ રીતે નાસ્તા સહિત ફૂડ પેકેટ પણ તમામને આપવા સહિત લીંબુ પાણીનો પણ બંદોબસ્ત કરવામાં આવ્યો હોવાનું પાલિકાના ફુડ સેફટી ઓફિસરે જણાવ્યું હતું.

## જોધપુરમાં બીઆરટીએસ બસ સ્ટોપ નજીક મેડિકલ સ્ટોરના ગોડાઉનમાં આગ ભભૂકી

પ્રતિનિધિ તરફથી
અમદાવાદ, તા.૧૧

અમદાવાદના જોધપુર વિસ્તારમાં આગની દુર્ઘટના સામે આવી છે. જોધપુર બીઆરટીએસ બસ સ્ટેન્ડ નજીક આવેલા કોમ્પ્લેક્સમાં એક મેડિકલ સ્ટોરના ગોડાઉનમાં બપોરના સમયે અચાનક આગ ફાટી નીકળતા વિસ્તારમાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. ગોડાઉનમાં દવાઓ અને અન્ય મેડિકલ સામગ્રી હોવાથી આગ ઝડપથી પ્રસરી હતી અને દૂર દૂર સુધી ધૂમાડાના ગોટેગોટા જોવા મળી રહ્યા હતા. ફાયરની ટીમે તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચીને આગ ઓલવવાની કામગીરી હાથ ધરી હતી. પાંચ જેટલી ફાયરની ગાડીઓએ સ્થળ પર પહોંચીને પાણીનો મારો ચલાવ્યો હતો જેને પગલે આગ કાબુમાં આવી ગઈ હતી. આગની ઘટનાને પગલે આસપાસમાં રહેણાક વિસ્તાર હોવાથી રહીશો ઉચાટમાં આવી ગયા હતા.

જોધપુર બીઆરટીએસ બસ સ્ટેન્ડ નજીક આવેલા કોમ્પલેક્સમાં પારસ મેડિકલના ગોડાઉનમાં આગ લાગવાની જાણ થતા જ સ્થાનિક લોકોએ ફાયર બ્રિગેડ બોલાવી હતી. ઘટનાની ગંભીરતાને જોતા પ્રહલાદનગર અને બોડકદેવ ફાયર સ્ટેશનથી ૫ ગાડીઓનો કાફલો તાત્કાલિક સ્થળ પર પહોંચી ગયો હતો. ફાયર ફાઈટરો દ્વારા ચારેબાજુથી પાણીનો મારો ચલાવીને આગને વધુ ફેલાતી અટકાવી તેના પર કાબુ મેળવવાની કામગીરી યુદ્ધના ધોરણે કરી હતી. ગોડાઉનમાં રહેલો મેડિકલનો સામાનને નુકસાન થયું હોવાની પ્રાથમિક માહિતી છે જો કે કોઈ જાનહાનિ થઈ નથી.

મેડિકલ ગોડાઉનમાં આગ કયા કારણોસર લાગી તે હજુ સુધી સ્પષ્ટ થયું નથી. શોર્ટ સર્કિટની આશંકા વ્યક્ત કરાઈ રહી છે. જો કે કોમર્શિયલ ગોડાઉન હોય તેની ફાયરની એઓનસી મેળવવામાં આવી હતી કે કેમ તે અંગે એસ્ટેટ વિભાગ અને પોલીસ દ્વારા તપાસ કરાશે. બીઆરટીએસ જંકશન નજીક જ આગની ઘટના બનતા રસ્તા પર લોકોના ટોળે ટોળા એકત્રિત થઈ ગયા હતા. ફાયરની ટીમે ભારે જહેમત બાદ આગ પર કાબુ મેળવતા લોકોએ રાહતનો શ્વાસ લીધો હતો.

## અમદાવાદ એરપોર્ટ અને શાળાઓને બોમ્બથી ઉડાવવાની ધમકી આપનાર ઝડપાયો

પ્રતિનિધિ તરફથી
અમદાવાદ, તા.૧૧

અમદાવાદના સરદાર વલ્લભભાઈ પટેલ એરપોર્ટ ખાતે આવેલી ગુજરાત સ્ટેટ એવિએશન ઈન્ફ્રાસ્ટ્રક્ચર કંપની લિમિટેડ (GUJSAIL) સહિત શહેરની સંખ્યાબંધ નામાંકિત શાળાઓને બોમ્બથી ઉડાવી દેવાની ધમકીભર્યા ઈમેઈલ કેસનો સાયબર ક્રાઈમ બ્રાન્ચે પર્દાફાશ કર્યો છે. આ ધમકીભર્યા મેઈલ કરનાર કોઈ રીઢો ગુનેગાર કે આતંકવાદી નથી પરંતુ અમદાવાદનો જ એક વેપારી નીકળ્યો છે. પોલીસે આરોપીની અટકાયત કરીને આ સમગ્ર કાવતરા પાછળનો હેતુ જાણવા તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે. તેની પાસેના મોબાઈલમાંથી ગુનામાં વપરાયેલા ઈ-મેઈલ સહિતના પુરાવા મળી આવ્યા છે. તે કોઈ આતંકવાદી સંગઠન કે અન્ય ગેંગ સાથે સંકળાયેલો છે કે કેમ તે બાબતે વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

ગત ૨૫ માર્ચ ૨૦૨૬ના રોજ એરપોર્ટ ઓથોરિટીના સત્તાવાર ઈ-મેઈલ આઈડી પર એક મેઈલ આવ્યો હતો. આ મેઈલમાં ગંભીર ચેતવણી આપતા લખવામાં આવ્યું હતું કે, "અગાઉ પકડાયેલા આરોપી સૌરભ વિશ્વાસને તાત્કાલિક મુક્ત કરી દેવામાં આવે, જો તેમ નહીં થાય તો ગુજસેલ ઓફિસ અને અમદાવાદની શાળાઓમાં શ્રેણીબદ્ધ બોમ્બ બ્લાસ્ટ કરવામાં આવશે." આ મેઈલ મળતા જ સુરક્ષા એજન્સીઓ દોડતી થઈ ગઈ હતી. આ ઈ-મેઈલ bhavesh4518@gmail.com આઈડી પરથી મોકલવામાં આવ્યો હતો.

પોલીસે હાંસોલ, સરારનગર ખાતે આવેલી પુષ્પક સોસાયટીમાંથી ભાવેશ પટેલની અટકાયત કરી તેના મોબાઈલની તપાસ કરતા રિસાયકલ બિનમાંથી ડિલીટ કરી દેવાયેલા મેઈલના પુરાવાઓ મળી આવ્યા હતા. આરોપીએ કબૂલાત કરી છે કે આ મેઈલ તેના જ ડિવાઈસ પરથી મોકલવામાં આવ્યો હતો. પોલીસની તપાસમાં જણાયું હતું કે, આરોપી ભાવેશ અમૃતભાઈ પટેલ બી.કોમ સુધીનો અભ્યાસ ધરાવે છે અને તે કન્સ્ટ્રક્શનના વેપાર ધંધા સાથે સંકળાયેલો છે.

પોલીસ સૂત્રો પાસેથી મળેલી વિગતો મુજબ ભાવેશ તેના મિત્રની કંપની સાથે મળીને ગુજસેલ પર યોજાતા વિવિધ કાર્યક્રમોના ઈવેન્ટ મેનેજમેન્ટનું કામ પણ કરતો હતો. પ્રાથમિક તપાસમાં એરપોર્ટના કામકાજને લગતી કોઈ અંગત અદાવતમાં તેણે આ પગલું ભર્યું હોવાની આશંકા છે.

## ૧૫ મે સુધી રાજ્યમાં કાળજાળ ગરમી પડવાની આગાહી

પ્રતિનિધિ તરફથી
અમદાવાદ, તા. ૧૧

હવામાન વિભાગની આગાહી અનુસાર, આગામી ચાર દિવસ રાજ્યમાં કાળઝાળ ગરમીનો પ્રકોપ યથાવત રહેશે. પશ્ચિમી પવનો ફૂંકાવાને કારણે રાજ્યના અનેક શહેરોમાં પારો ૪૧થી ૪૫ ડિગ્રી સુધી પહોંચવાની સંભાવના છે. અમદાવાદ હવામાન વિભાગના ડાયરેક્ટર એ. કે. દાસે જણાવ્યું કે, '૧૧મીથી ૧૭મી મે દરમિયાન હવામાન મોટાભાગે સૂકું રહેશે અને આવતા ચાર દિવસ સુધી મહત્તમ તાપમાનમાં કોઈ મોટો ફેરફાર જોવા મળશે નહીં. કેટલાક વિસ્તારોમાં મહત્તમ તાપમાન ૪૧થી ૪૫ ડિગ્રી સેલ્સિયસની વચ્ચે રહેવાની સંભાવના છે, જોકે ત્યારબાદ તાપમાનમાં ૨થી ૩ ડિગ્રી સેલ્સિયસનો ઘટાડો થશે. ૧૧થી ૧૪ મે એમ ચાર દિવસ માટે હીટવેવની ચેતવણી છે.

આ સાથે આગામી ૨ દિવસ માટે કચ્છ અને સુરેન્દ્રનગર જિલ્લામાં ઓરેન્જ એલર્ટ છે. આ ઉપરાંત, બાકીના વિસ્તારો જેવા કે દ્વારકા, રાજકોટ, બોટાદ, જૂનાગઢ, અમરેલી તેમજ ગુજરાત રિજિયનમાં બનાસકાંઠા, પાટણ, ગાંધીનગર, આણંદ, સુરત અને અમદાવાદ માટે યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. બીજી તરફ ઉત્તર ગુજરાતના દરિયાકાંઠાના વિસ્તારોમાં પશ્ચિમથી ઉત્તર-પશ્ચિમ દિશા તરફ અને દક્ષિણ ગુજરાતમાં ઉત્તર-પશ્ચિમથી ઉત્તર દિશા તરફ પવન ફૂંકાવાની સ્થિતિ રહેશે. આજે સાંજે ૫.૩૦ કલાકે રાજ્યના વિવિધ શહેરોમાં મહત્તમ તાપમાન પર નજર નાખતા જણાય છે કે અમદાવાદમાં ૪૪.૩, રાજકોટમાં ૪૩.૩, વડોદરામાં ૪૩.૬, સુરતમાં ૪૨.૨, ડીસામાં ૪૩.૫, ભુજમાં ૪૨ ડિગ્રી રહ્યું હતું.

### બોડકદેવનાં એક તળાવમાં ગટરનું પાણી આવી જતાં ઉલેચવા માટે વરુણ પંપ મૂકવાની ફરજ પડી

## શહેરનાં મોટાભાગનાં તળાવોમાં વરસાદી પાણીની લાઈનોમાં ગટર જોડાણો યથાવત

અમદાવાદ, તા.૧૧

શહેરનાં જુદા જુદા તળાવોમાં ગટરનાં પાણી ના આવવા જોઈએ તેવુ તમામ કમિશનર કહી ગયાં હોવા છતાં મ્યુનિ.તંત્રની ગુનાહિત કામગીરીનાં કારણે આજની તારીખે પણ અનેક તળાવોમાં ગટરનાં પાણી આવે છે, જેને લોખંડનાં દરવાજા લગાવીને કામચલાઉ રીતે અટકાવી રખાયા હોવાનુ જાણવા મળ્યુ છે. તેમ છતાં બોડકદેવમાં એક તળાવમાં ગટરનાં પાણી આવી જતાં તાબડતોબ તેને ઉલેચવા માટે હેવી ડ્યુટી વરૂણપંપ મુકવાની ફરજ પડી હતી.મ્યુનિ. ઈજનેર ખાતાનાં જ સત્તાવાર સૂત્રોએ સ્વીકાર્યુ હતું કે, મ્યુનિ.હદનાં વિસ્તરણ પહેલાં જુની હદનાં તળાવોમાં પણ ગટરનાં પાણી આવવાની સમસ્યા હતી અને નવા વિસ્તારોનાં સમાવેશ બાદ ત્યાંનાં તળાવોમાં તો વર્ષો અગાઉ ગટરનાં પાણી ઠલવાતા હતા. સૂત્રોએ કબૂલ કર્યુ હતું કે, તળાવોમાં વરસાદી પાણીનો જ નિકાલ થવો જોઈએ, પરંતુ જે તે સમયનાં વોર્ડનાં ઈજનેરોએ રાજકીય દબાણોને વશ થઈ તેમજ ખાળકુવા આધારિત ગટરોની સમસ્યા હલ કરવા માટે તળાવોમાં જતી સ્ટોર્મ વોટર લાઈનોમાં ગટરનાં જોડાણો કરી દીધા છે.સૂત્રોએ એવી પણ માહિતી આપી કે, સાબરમતી નદીનાં શુધ્ધિકરણની વાતો થાય છે, પરંતુ નદીમાં ખુલતા નાળામાં ગટરનાં જોડાણો થઈ ગયેલાં છે તેમજ સરદારનગર-કુબેરનગર વગેરે વિસ્તારની નદીકિનારાની કેટલીય સોસાયટીઓનાં ગટર જોડાણ બારોબાર નદીમાં કરી દેવાયા હતા, જેમાંથી હજુ કેટલા ચાલુ છે તે ઝોનનાં ઈજનેર ખાતાને પણ ખબર નથી.સૂત્રોએ કહ્યું કે, તળાવોમાં વરસાદી પાણીનાં આવરા માટેનાં કુદરતી રસ્તા પણ બંધ થઈ ગયાં છે અને સ્ટોર્મ વોટર લાઈનોમાં ગટરનાં જોડાણો કરી દેવાયા હોવાથી તળાવોમાં ગટરનાં પાણી હિલોળા લેતાં હતા, પરંતુ ઉપરથી કડક આદેશો બાદ તળાવોમાં ગટરનાં પાણી રોકવા માટે પહેલાં ડમી મારવામાં આવતી હતી. જે ચોમાસા સમયે તોડવી પડે, પરંતુ કેટલીય જગ્યાએ વરસાદી પાણી ભરાઈ ગયાં બાદ તળાવમાં ખુલતી લાઈનની ડમી તોડવામાં આવતી હતી.વરસાદી પાણી રોડ ઉપર ભરાઈ ના રહે અને ગટરનાં પાણી તળાવમાં આવતા અટકાવવા માટે થોડા સમય પહેલાં લોખંડનાં દરવાજા સ્ટોર્મ વોટર લાઈનનાં આઉટલેટ ઉપર લગાવવામાં આવ્યા છે અને તમામ ઝોનમાં જ્યાં જ્યાં તળાવો છે અને જ્યાં દરવાજા લગાવી દેવાયા છે તે વોર્ડનાં ઈજનેર ખાતાને દરવાજા ચોમાસા સમયે જ ખોલવાની તાકીદ કરી દેવામાં આવી છે.તેમ છતાં બોડકદેવનાં આરએમએસ તળાવમાં વરસાદી પાણીનાં ત્રણ ઈનલેટ છે તે પૈકી જાદવનગર તરફનાં ઈનલેટમાંથી ગટરનાં પાણી આવતાં તળાવમાં ગંદા પાણી ભરાઈ ગયાં હતા, તેની દુર્ગંધ તેમજ લીલ જામતાં તળાવ કિનારે ચાલવા આવતાં નાગરિકોએ ફરિયાદ કર્યા બાદ ઈજનેર ખાતામાં દોડધામ મચી હતી અને તાબડતોબ હેવીડ્યુટી વરૂણ પંપ મંગાવી ગટરનાં ગંદા પાણી ઉલેચવાની મથામણ આદરવામાં આવી હતી. જોકે વરૂણપંપ ચલાવનારા પાસે એટલી લાંબી પાઈપો ન હોવાથી તળાવનાં બીજા છેડા તરફ પાણી છોડી દેવાયુ હતુ, જે ગરમીનાં કારણે સુકાઈ ગયું હતુ, તેમ છતાં આજની તારીખે મોટુ ખાબોચિયુ જોવા મળી રહ્યું છે.

## નારોલ અને ઓઢવમાં થયેલી ચોરીનો ભેદ ક્રાઈમ બ્રાંચે ઉકેલ્યો

અમદાવાદ, તા.૧૧

અમદાવાદમાં હત્યા ઉપરાંત ચોરી અને લૂંટના બનાવો સતત વધી રહ્યા છે ત્યારે ક્રાઈમ બ્રાન્ચની ટીમને એક્ટિવ થવું પડ્યું છે. ક્રાઈમ બ્રાન્ચે વટવાના ૩૫ વર્ષ જૂના હત્યા કેસનો પર્દાફાશ કર્યા બાદ નારોલના મકાનમાં થયેલી ચોરીનો ભેદ ઉકેલી બે યુવકોને ચોરીના મુદ્દામાલ સાથે ઝડપી લીધા છે. આ બંને યુવાનોએ શહેરમાં અન્ય કોઈ સ્થળે કોઈ કારીગરી કરી હતી કે કેમ તેની તપાસ ચાલી રહી છે. બીજી તરફ ઓઢવમાંથી ચોરીના કલરના જથ્થા સાથે યુવકને ઝડપી લેવામાં આવ્યો છે.બે દિવસ પહેલા નારોલના ગેબનશા વિસ્તારમાં આવેલી પુષ્પકુંજ સોસાયટીમાં ત્રાટકેલા તસ્કરો મકાનમાંથી સોના-ચાંદીના દાગીના અને રોકડ મળી ૧.૧૧ લાખનો મુદ્દામાલ ચોરી ગયા હતા. જે અંગે નારોલ પોલીસે ફરિયાદ નોંધી તપાસ શરૂ કરી હતી. બીજી તરફ ક્રાઈમ બ્રાન્ચે પણ આ તપાસ શરૂ કરી હતી. ત્યારે આઈ.એન. ઘાસુરાને બાતમી મળી હતી કે નારોલમાંથી ચોરી કરનાર બે યુવાનો દાણીલીમડા ધોબીઘાટ પાસે ફરી રહ્યા છે. તરત જ પોલીસે તેમને ઝડપી લીધા હતા. પૂછપરછમાં તેમના નામ મોહંમદ ફૈઝ સાકીરહુશૈન લુહાર (ઉવ. ૨૬, રહે. તસ્લીમનગર, બીબી તળાવ પાસે, વટવા) તથા મો. ઈર્શાદ ઉર્ફે ખત્રી રાયબીરાદર (ઉવ. ૨૨, રહે. એજાજનગર, સૈયદવાડી, વટવા) હોવાનું જાણવા મળ્યું હતું.પોલીસે તેમની પાસેથી સોના-ચાંદીના દાગીના સહિતનો મુદ્દામાલ ઉપરાંત ચોરી માટે ઉપયોગમાં લીધેલું બાઈક અને મકાનનું તાળું કે ગ્રીલ તોડવા માટે ઉપયોગમાં લેવાયેલું ખાતરિયું અને પકડ સહિતની વસ્તુઓ કબજે લીધી હતી.

## ખેતરમાં વીજ કરંટથી થતા મૃત્યુના કિસ્સામાં વધારો, ખેતરમાં જતા ભાઈ બહેનનું મોત

પ્રતિનિધિ તરફથી, અમદાવાદ, તા. ૮

થોડા દિવસ પહેલા બનાસકાંઠામાં એક ખેડૂતનું ખેતરમાં વીજકરંટથી મોત થયું હતું. ત્યારે વધુ એક આવો જ બનાવ હિંમતનગરથી સામે આવ્યો છે. હિંમતનગર તાલુકાના ખેડાવાડા ગામમાં એક હૃદયદ્રાવક અકસ્માત સર્જાયો છે. ખેતર તરફ જઈ રહેલા એક ટ્રેક્ટરની ટ્રોલી જીવંત વીજતારને અડી જતાં સર્જાયેલા વીજ કરંટમાં સગા ભાઈ-બહેનના ઘટનાસ્થળે જ કરુણ મોત નિપજ્યા છે. આ ઘટનાને પગલે સમગ્ર પંથકમાં શોકનું મોજું ફરી વળ્યું છે. મળતી માહિતી અનુસાર ખેડાવાડા ગામમાં રહેતા પ્રજાપતિ પરિવારના સભ્યો ટ્રેક્ટર લઈને ખેતર તરફ જઈ રહ્યા હતા. આ દરમિયાન અચાનક ટ્રેક્ટરની ટ્રોલીનો ઉપરનો ભાગ રોડ પરથી પસાર થતી હાઈટેન્શન વીજ લાઈનના જીવંત તારને અડકી ગયો હતો. ટ્રોલી લોખંડની હોવાથી આખા ટ્રેક્ટરમાં વીજળીનો જોરદાર કરંટ ઉતરી આવ્યો હતો.

આ કરુણ દુર્ઘટનામાં ટ્રેક્ટર પર સવાર કાળાભાઈ વિઠ્ઠલભાઈ પ્રજાપતિ અને તેમના બહેન સરોજબેન વિઠ્ઠલભાઈ પ્રજાપતિને વીજળીનો જોરદાર આંચકો લાગ્યો હતો. કરંટ એટલો ભયાનક હતો કે બંને ભાઈ-બહેનના ઘટનાસ્થળે જ પ્રાણ પંખેરૂ ઉડી ગયા હતા.

## રેલ દુર્ઘટનામાં માતાના ગર્ભમાં જ મૃત્યુ પામેલા ૯ માસના ભ્રૂણને અલગ વળતર ચૂકવવા હાઈકોર્ટનો આદેશ

પ્રતિનિધિ તરફથી,
અમદાવાદ, તા.૧૧

ગુજરાત હાઈકોર્ટે એક મહત્વપૂર્ણ કેસમાં ચુકાસો આપતા રેલવે અકસ્માતમાં ગર્ભવતી માતાના મૃત્યુના કેસમાં નવ માસના ભ્રૂણને પણ કાયદાની નજરમાં 'શિશુ' ગણીને તેને અલગથી વળતર ચુકવવા આદેશ કર્યો છે. આ ચુકાદાને પગલે રેલવે અકસ્માતમાં ગર્ભમાં રહેલા ભ્રૂણનું મોત થાય છે તો તેના માતા-પિતા રેલવેના અધિનિયમ હેઠળ અલગથી વળતર મેળવવા હકદાર બને છે. હાઈકોર્ટે સ્પષ્ટ કર્યું કે, ગર્ભમાં રહેલા બાળકનું મોત માતાના મૃત્યુથી અલગ દુર્ઘટના તરીકે માનવામાં આવે છે.

હાઈકોર્ટના જજ જસ્ટિસ જે સી દોશીની કોર્ટે દ્વારા આ કેસની સુનાવણી કરવામાં આવી હતી. કેસની વિગતો મુજબ જયપ્રકાશ ઘસીટાલાલ તેની ૯ માસની ગર્ભવતી પત્ની ઉષા સાથે ટ્રેનમાં મુસાફરી કરી રહ્યા હતા. સુરતના કીમ સ્ટેશનથી તેઓ કાનપુર જઈ રહ્યા હતા. ટ્રેનમાં ભારે ભીડ હોવાથી તેમની પત્નીને ડબામાં દરવાજા પાસે ઊભું રહેવું પડ્યું હતું. ચાલુ ટ્રેનમાં જોરદાર ઝાટકો આવતા ગર્ભવતી પત્ની નીચે પટકાઈ હતી અને હોસ્પિટલ લઈ જતી વખત રસ્તામાં તેનું તથા ગર્ભમાં રહેલા બાળક બન્નેનું મૃત્યુ થયું હતું.

રેલવે ટ્રિબ્યુનલે ગર્ભમાં રહેલા શિશુ માટે અલગથી વળતર ચૂકવવાનો ઈનકાર કર્યો હતો. જેને સ્વજન ગુમાવનાર જયપ્રકાશે એડવોકેટ રથિન રાવલ મારફતે હાઈકોર્ટમાં આ નિર્ણયને પડકાર્યો હતો. રેલવે તંત્રએ આ અપીલનો સખત વિરોધ કરતા એવી દલીલ કરી હતી કે, ગર્ભએ માતાના શરીરનો એક ભાગ છે, કોઈ સ્વતંત્ર વ્યક્તિ નથી. આ દુર્ઘટના મહિલાની બેદરકારીને લીધે બની હોવાની દલીલ પણ રેલવેએ કરી હતી.

### અમદાવાદના સનાથલમાં

## લગ્ન પ્રસંગની અદાવતમાં યુવકની છરીના ઘા ઝીંકી હત્યા

અમદાવાદ, તા.૧૧

અમદાવાદના સનાથલ ગામમાં રવિવારે રાત્રિના સમયે એક હત્યાની ઘટના સામે આવી છે. લગ્ન પ્રસંગમાં સામાન્ય બાબતે થયેલી બોલાચાલી બાદ ઉભી થયેલી અદાવતમાં એક ૩૧ વર્ષીય યુવકની છરીના ઘા ઝીંકીને હત્યા કરવામાં આવતા સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ છે. આ ઘટનાને પગલે ગામમાં શોકનું મોજું ફરી વળ્યું છે અને હાલમાં ગામમાં શાંતિ જળવાઈ રહે તે માટે ચાંગોદર પોલીસનો કાફલો ઘટનાસ્થળે તૈનાત કરવામાં આવ્યો છે.ઘટનાની વિગતવાર માહિતી મુજબ, સનાથલ ગામના મોટુ ફળિયામાં રહેતા દેવેન્દ્રસિંહ ઉર્ફે જીગા ભરતસિંહ ચૌહાણ (ઉ.વ. ૩૧) ગત ૧૦ મેના રોજ બપોરે સાંતેજ ખાતે એક લગ્ન પ્રસંગમાં ગયા હતા. ત્યાં તેમણે આરોપી ચેહર બાબુભાઈ ઠાકોરને પોતાની દૂર પડેલી ગાડી સુધી મૂકી જવા વિનંતી કરી હતી, પરંતુ ચેહરે ના પાડતા બંને વચ્ચે ઉગ્ર બોલાચાલી થઈ હતી. આ બાબતનું મનદુઃખ રાખીને જ્યારે તેઓ પરત સનાથલ આવ્યા, ત્યારે રાત્રે આશરે ૮ વાગ્યે આરોપીના ઘરે ફરીથી ઝઘડો થયો હતો. ઉશ્કેરાયેલા ચેહર ઠાકોરે દેવેન્દ્રસિંહ પર છરી વડે ઘા ઝીંકી દેતા તેમનું મોત નીપજ્યું હતું. ચાંગોદર પોલીસે ત્વરિત કાર્યવાહી કરતા મુખ્ય આરોપી ચેહર સહિત બે શખ્સોને રાઉન્ડ અપ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.હત્યાની આ ઘટના બાદ ગામમાં કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે પોલીસ દ્વારા ચુસ્ત બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે.

